
સંતવાણી ગ્રંથાવલિ ૬

# મહાત્મા ગાંધીજી



# મહાત્મા ગાંધીજી

## (Mahatma Gandhiji)

મીરા ભટ્ટ
(ભાવનગર)

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

## પ્રાપ્તિસ્થાન

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**સોળ રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સામાન્યતાને ઓવારે જન્મેલો મોહન | ૧ |
| ૨. | સતની ચાખડીએ ચઢાણ | ૮ |
| ૩. | ક્રાંતિનો અરુણોદય | ૧૮ |
| ૪. | યુગપુરુષનું અવતાર-કાર્ય | ૨૫ |
| ૫. | સત્યાગ્રહ – અહિંસાનું શસ્ત્ર | ૩૪ |
| ૬. | પ્રભુતાને ઉછેરતું જેલજીવન | ૪૨ |
| ૭. | આગનો દરિયો પીનારો અગસ્ત્ય | ૫૦ |
| ૮. | ભારતમાતાના બે ટુકડા | ૬૨ |
| ૯. | અંતિમ પર્વ | ૬૯ |
| ૧૦. | માનવતાનો મેરુદંડ | ૭૯ |
| ૧૧. | ગાંધીવાણી | ૮૩ |

# ૧. સામાન્યતાને ઓવારે જન્મેલો મોહન

'ગાંધીજી એ પુરાતન પરંપરાનું ફળ હતા અને નૂતન પરંપરાના બીજ હતા' - આવું વિનોબાએ ગાંધીજી અંગે એક વાર કહેલું. ગાંધીજીના સમસ્ત બાહ્યાંતર વ્યક્તિત્વને સાગર જેવડી એમની જીવનયાત્રાને અને એમના વિરાટ કાર્યકલાપને જોઈએ છીએ ત્યારે વિનોબાની આ વાત તદ્દન સાચી લાગે છે. હકીકતમાં ગાંધીજી એક વ્યક્તિ કે સંસ્થા સુધ્ધાં નહોતા, તેઓ તો હતા એક 'વિચાર'. એટલે જ એમને જ્યારે વિચારરૂપે જોઈએ છીએ, મૂલવીએ છીએ, આત્મસાત્ કરીએ છીએ ત્યારે તે ગાંધીજી, મહાત્મા કે બાપુ મટીને કેવળ 'ગાંધી' બની જાય છે, અને આપણી સાથે એકાકાર થઈ જાય છે.

ગાંધી પહેલાં, માનવીય સમાજમાં મૂલ્ય, નીતિ, સદાચાર નહોતાં તેવું તો ક્યાંથી જ હોય ? ગાંધીએ તપી તપીને પરિપુષ્ટ કરેલાં સત્ય, પ્રેમ, અહિંસા, ક્ષમાનાં આ મૂલ્યો પૃથ્વી પર માનવસમાજમાં આ પહેલાં પણ હતાં જ. રામ, કૃષ્ણ, ઈશુ, બુદ્ધ, મહાવીર આદિ મહાનુભાવોની પરંપરા આ મૂલ્યોને જીવી ગઈ અને પૃથ્વી પર મૂલ્યવંતી માનવતાની એક મીઠી મહેક મૂકતી ગઈ અને એ સઘળી મહેકના પરિપાક રૂપે જાણે પૃથ્વીને ગાંધી ફળ્યા. અગાઉના સૌ કરતાં ગાંધી એક નવતર ચીજ લઈને આવ્યો, જેમાં 'ગાંધીત્વ' ઝળહળી ઊઠે છે. તે છે એનું 'સનાતન મૂલ્યોનું સામાજીકરણ'. અત્યાર સુધીના માનવીય ઈતિહાસમાં સત્ય, અહિંસા વગેરે સઘળાં મૂલ્યો વ્યક્તિગત ધોરણે જિવાતાં જઈ હિમશિખરો ચડી ગયાં હતાં, પરંતુ એ

મૂલ્યોનું અમલીકરણ સામાજિક ધારાધોરણમાં દેખાતું નહોતું. પ્રેમ, સત્ય, અહિંસા, સદાચાર વગેરે મૂલ્યોનું વર્ચસ્વ વ્યક્તિગત જીવનમાં, બહુ બહુ તો પારિવારિક જીવનમાં હતું, સામાજિક જીવનમાં તો સ્પર્ધા, દ્વેષ, હિંસા, અવિશ્વાસ વગેરે મૂલ્યોની જ બોલબાલા હતી.

સૌ પહેલી વાર ગાંધીએ સમાજનાં મદાંધ, સત્તાંધ આપખુદી તત્ત્વોને કહ્યું કે ચાહે તો અમારો પ્રાણ લઈ લો, પણ અમારો આ સમાજ વળતો ઘા નહીં કરે. એ મારપ્રહાર બધું જ સહી લેશે, પણ અન્યાય નહીં સાંખી લે. એમણે ભારતને સ્વરાજ્ય મેળવી આપ્યું પણ લોહીનું એક પણ ટીપું રેડ્યા સિવાય. પહેલાં ધર્મ અને તત્ત્વજ્ઞાન એ ધર્મપુરુષોનો વિષય હતો, જ્યારે લડાઈ, સત્તાની ખેંચતાણ વગેરે રાજકારણનો વિષય હતો. ગાંધીએ ધર્મને રાજકારણમાં દાખલ કરવાનો પ્રયત્ન કર્યો. જીવનની અખંડિતતાનો એ પૂજારી હતો. વ્યક્તિગત જીવનનાં મૂલ્ય અને સામાજિક જીવનનાં મૂલ્ય વચ્ચે એણે એકવાક્યતા સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો. સાર્વજનિક નીતિ અને વ્યક્તિગત નીતિ વચ્ચેની દીવાલ એણે તોડી નાખી. આ છે એનું નૂતન પરંપરાનું બીજત્વ. આજનો યુગ વ્યક્તિગત સાધનાનો યુગ નથી, સામૂહિક સાધનાનો યુગ છે. એ સાધનાનો પ્રથમ નંદાદીપ લઈને આ યુગપુરુષ જમાનાની માગને પૂરી કરવા માટે પૃથ્વી પર અવતર્યો.

સાચે જ, એનું જીવન દરિયા જેવડું વિશાળ, અને આકાશ જેવડું અસીમ-વિરાટ જીવન છે! એક વ્યક્તિ પોતાના ૭૮ વર્ષના આયુષ્યમાં જીવનની આટઆટલી ક્ષિતિજો ભરી દે એ

જાણે માનવામાં નથી આવતું. આઈન્સ્ટાઈન તો ભવિષ્યની પેઢી માટે કહે છે કે લોકો નહીં માને કે પૃથ્વી પર હાડચામનો આવો પણ એક મનુષ્ય થઈ ગયો. પણ એમની હયાતીમાં શ્વાસ લેનારા સુધ્ધાં સ્તબ્ધ થઈ જાય છે કે ખરેખર, આવો કોઈ માણસ આપણી વચ્ચે જીવતો હતો. એક જ દેહમાં, એક જ જીવનમાં આટલી લાંબી મજલ કાપવી તે સાચે જ, અચરજનો વિષય છે.

આ શક્ય બન્યું તેનું એકમાત્ર કારણ એની સત્યનિષ્ઠા. આ સત્યનિષ્ઠામાંથી જ નીપજ્યો પ્રાણીમાત્ર માટેનો અખૂટ પ્રેમ. આ એક એવો સંત હતો જે પહેલાં આચરતો અને પછી બોલતો. એ વિચારેલું જીવતો નહોતો, એ જીવીને પછી બોલતો. એટલે તો એ કહી શક્યો કે 'મારું જીવન એ જ મારો સંદેશ'.

શું ભારત દેશના કે શું દુનિયાભરના મહાપુરુષો સામું જોઈએ છીએ તો એમના બાળપણથી જ આપણાં ચિત્ત જાણે અહોભાવથી ભરાઈ જાય છે ! આપણને થાય કે આ તો પૃથ્વી પર ભૂલા પડેલા કોઈ આકાશી જીવ ! એમના ચારિત્ર્યનું ગુણગાન કરીએ, પણ આપણાથી તેમના જેવું જીવન ના જિવાય ! પણ આ મોહનિયો એક એવો પાક્યો કે જેને આપણે, આરંભમાં સાવ તળેટીએ ઊભેલો જોયો. એના આરંભની જીવનકથા વાંચી અનુભવીએ કે અરે, આ તો આપણા જેવો જ !... અને ધીરે ધીરે આપણે એને ટેકરી પર, ડુંગરા પર અને પછી હિમાલય પર ચડી જઈ માનવતાનું સર્વોચ્ચ ઉત્તુંગ શિખર સર કરતો જોઈએ છીએ. આ માણસે એક જ જન્મમાં જન્મજન્માંતરની યાત્રા સિદ્ધ કરી. જન્મ્યો ત્યારે એણે પોતાનું

વહાણ લાંગર્યું અતિ-સામાન્યતાને કિનારે, પણ મર્યો ત્યારે અ-સામાન્યતાની સઘળી સરહદોને એ વટાવી ગયો. ગાંધીની કથા એટલે જ મોહનમાંથી મહાત્મા થવાની યાત્રા. મેદાન પરથી માઉન્ટ એવરેસ્ટ સુધી પહોંચવાની યાત્રા. આપણા જેવા સાધારણ, અતિ સાધારણ માણસના પગમાં પણ તાકાત ભરી આપે કે અનેક જન્મો પછી નહીં, પણ આ જ જન્મમાં જીવન-સાર્થક્ય, ઈશ્વરસાક્ષાત્કાર શક્ય છે. જીવનનું ચરમ સૌંદર્ય, પરમ પાવિત્ર્ય, અંતિમ સાર્થક્ય આ જ જન્મમાં શક્ય છે. જરૂરત છે માત્ર નિષ્ઠાભર્યા દૃઢ સંકલ્પની! ચિત્તના અંતસ્તલમાંથી સ્વયંસ્ફૂર્ત રીતે જાગેલો સંકલ્પ!

હા, મોહન નામના એક અત્યંત સામાન્ય, નબળા, ભીરુ તથા મોહગ્રસ્ત છોકરડાના ચિત્તમાં 'હરિશ્ચંદ્ર' નામનું નાટક જોઈને સત્યના પ્રભાતનું પહેલું કિરણ ફૂટે છે - 'હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી બધા કાં ન થાય?' - અને મોહનના આંગણે સત્‌નો સૂરજ ઊગે છે. જન્મ્યો છે તો સાવ સામાન્ય કાઠું લઈને. બીજા ભેરુઓ સાથે શિક્ષકોને ગાળો પણ દીધી છે. કુસંગે ચડી જઈને બીડીઓ પણ ફૂંકી છે, માંસાહાર પણ કર્યો છે અને ચોરી સુધ્ધાં કરી ચૂક્યો છે. સામાન્યતાથી પણ એકાદ ઈંટ ખેસવીને નીચે ઊતરી ગયેલો અતિ સાધારણ પુરુષ! સહજ સ્વભાવને વશ વર્તનારો પુરુષ! વાસનાનું પૂર ચડી આવે ત્યારે તેમાં તણાઈ જવાનું એને માટે સાવ સહજ, છતાંય દર વખતે કોઈક અકળ શક્તિ એને વ્યભિચારના પાપમાંથી ઉગારી લે, પણ તણાઈ જવા જેટલી પ્રાકૃત અધીનતા તો ખરી જ! એકપત્નીવ્રતના સંસ્કારે દુરાચારમાંથી ઉગારી લેવામાં સહાય કરી, પરંતુ પત્ની

સાથે તો કિશોરવયથી જ સંસાર શરૂ થઈ ગયેલો. પિતાનો એક પગ સ્મશાનમાં અને એક આ જગતમાં છે, એવી શોકમય પરિસ્થિતિમાં પણ વાસના એના પર વિજય મેળવતી રહે છે. પત્ની માટે પ્રેમ સાચો, પણ એનાં મૂળિયાં આ દેહાસક્તિમાં, એટલે જ એમાંથી હિંદુ પતિનું એકાધિપત્ય જન્મે, માલિકીભાવ પ્રવર્તે અને વહેમનું સામ્રાજ્ય ફેલાય. પરિણામે કંકાસ! અબોલા! નાનકડી બાર-તેર વર્ષની કસ્તૂરબાઈ ભલે ઝાઝું ભણેલી નહોતી, પણ સ્વતંત્ર બુદ્ધિવાન તો હતી જ. પતિની નકામી જોહુકમી સાંખી લે એવી દબાયેલી અબળા તો નહોતી જ. દેવદર્શને કે સગાંવહાલાંને મળવા જવા માટે વળી પતિની મંજૂરીની શી જરૂર?... આમ, બે કિશોરવયનાં કાચાં પતિપત્નીનો સંસાર તો ખટમીઠો જ હોય ને! વિદ્યાભ્યાસ અને વૈવાહિક જીવન – આમ બે પાટા પર ચાલતી ગાડી કયા સ્ટેશને જઈ પહોંચે એ સહેજે સમજાય તેવું છે!

પણ મોટા થઈને કબા ગાંધીના દીવાનપદાનો વારસો ઉજાળવાની શક્યતા સિદ્ધ કરવા માટે કુટુંબીજનો મોહનદાસને વિલાયત બૅરિસ્ટરીનું ભણવા મોકલવાનો નિર્ણય કરે છે. વિલાયતની રંગબેરંગી દુનિયા વચ્ચે જુવાનજોધ દીકરાને ફંગોળી દેવા માટે માનું હૃદય કેમ રાજી થાય? પણ પરાક્રમોની ક્ષિતિજો વિસ્તારવા આતુર એવો થનગનતો નવજુવાન મા પાસે ત્રણ પ્રતિજ્ઞા કરે છે : ''મા, હું માંસ, મદિરા અને સ્ત્રીસંગથી સદા દૂર રહીશ. પણ તું મને જવા દે.''

અને આ પ્રતિજ્ઞાએ વિલાયતમાં સારી પેઠે કસોટી કરી સોનાને તપાવ્યું, ખૂબ તપાવ્યું. પરદેશના નોખા રીતરિવાજ. રોટી

બેત્રણ ટુકડાથી વધારે ખવાય નહીં, જુવાન માણસની ઘોડા જેવી તેજ હોજરી. સાંજના વાળુમાં દૂધ ના મળે ! સાથી-મિત્રો સૌ એક જ રટણ ચલાવે - ''આ મુલકમાં માંસ-મદિરા વગર ચાલે જ નહીં ! વૃદ્ધ માતાની ઘેલછાને આમ તે કાંઈ વળગી રહેવાતું હશે !''

પણ સામે હતી મા ! પ્રેમમૂર્તિ મા ! તદુપરાંત, ઈશ્વર યાદ આવે. પ્રતિજ્ઞા યાદ આવે ! ઈશ્વર કોણ, કેવો તેની તો કાંઈ ગતાગમ નહોતી. નાનકડા બાળકને અંધારામાં જતાં ગભરાતો જોઈ દાસી રંભાએ એક વખતે એક મંત્ર આપ્યો હતો - 'રામ'. ''રામનું નામ લે, તારાં બધાં ભય-જોખમ ભાગી જશે'' - બસ, રંભાએ હૃદય સાથે રસી દીધેલો આ મંત્ર જીવનભર આ ભાંગ્યાનો ભેરુ બની રહ્યો. ભવિષ્યમાં અહિંસાની ઉપાસના શરૂ થઈ ત્યારે માંસાહાર-નિષેધના આ ગાળામાં અન્નાહાર પર બેઠેલી શ્રદ્ધાએ જીવનનું નવું જ દ્વાર ખોલ્યું.

દેશ તેવા વેશ પણ શરૂ થયા. બાહ્ય ટાપટીપની સાથોસાથ નાચ શીખવો, ફ્રેન્ચ ભાષા બોલવી, વાયોલિન વગાડતાં શીખવું....વગેરે વગેરે ઘણી ઘેલછાઓ આવી ને ગઈ. કશું જ બાકી ના રહ્યું. બધું કરી છૂટ્યા. તેમ છતાંય આ અંધાપાનું પોતાનું પણ એક અજવાળું હતું. એક સમજણ હતી. મૂર્છાના આ કાળમાંય થોડી સાવધાની, સતર્કતા કાયમ હતાં. હિસાબ પાઈએ પાઈનો રહેતો. વળી પોતે વિદ્યાભ્યાસ માટે આવ્યો છે, એની સતત જાગૃતિએ જીવનમાં સાદાઈ પ્રેરી તથા કાંઈક સાર પણ સીંચ્યો. સત્યનું શરણું જ એને માટે તારક શરણું બની ગયું.

મુશ્કેલી ઊભી થઈ ત્રીજી પ્રતિજ્ઞાની બાબતમાં. વિલાયતમાં કોઈ વિદ્યાર્થી વિવાહિત હોય તેવું કોઈ માને - સ્વીકારે જ નહીં. પરિણામે ભારતીય વિદ્યાર્થીઓ પરણેલા હોય તોપણ જૂઠાણું ચલાવતા કે પોતે કુંવારા જ છે. આમાં જુવાન છોકરીઓ સાથે ઘડીભર ગેલ કરી લેવાની મનોવૃત્તિ પણ ખરી. મોહન પણ આ મનોવૃત્તિનો શિકાર થયો. છ વર્ષનો વિવાહિત તથા એક દીકરાનો બાપ હોવા છતાં પોતાને કુંવારા તરીકે ગણાવતાં એ ન અચકાયો. પણ મોહન જાણે કે ન જાણે, છતાં એની જીવનયાત્રામાં સતત, લગાતાર એની સાથે એવું કોઈક સદાકાળ રહ્યું છે, જેણે એને બચાવી લીધો હોય ! જે બાઈને ઘેર એ જમવા જતો હતો, તેને ત્યાં આવતી એક યુવતી આ બાબતમાં વધારે આગળનાં ડગલાં ભરે તે પહેલાં જ મોહન હિંમત કરીને કહી દે છે કે પોતે તો પરણેલો છે અને એક દીકરાનો બાપ પણ છે !

વળી એક નવું જોખમ સામે આવીને ઊભું રહે છે અને નિર્બળના 'બળ'ની ફરી કસોટી કરે છે. હવે તો મોહન વીસ વર્ષનો ભરયુવાન છે. વિલાયતનું આ છેલ્લું વર્ષ છે. અન્નાહારીઓના એક સંમેલનમાં મિત્ર સાથે દૂરના એક ગામે જવાનું થાય છે. ઉતારો કોઈ સ્ત્રીને ત્યાં હોય છે. રાત્રિ ભોજન પછી પાનાં રમવા સૌ બેસે છે. રમત દરમિયાન પરસ્પર હળવી રમૂજ તો સૌ કોઈ કરે, પણ અહીં હલકો વિનોદ અને બીભત્સ રમૂજો શરૂ થઈ. ધીરે ધીરે અડપલાં તરફ આગળ વધતી ચાલી. પાનાં એક બાજુ રહી જવાની તૈયારીમાં હતાં, પણ મિત્રના હૃદયમાં વસેલો રંભાનો પેલો 'રામ' અચાનક જાગી ઊઠ્યો, ''અલ્યા, તારામાં આ કળજુગ કેવો ? તારું એ કામ નહીં, ભાગ

અહીંથી.'' મોહન ત્યાંથી નાસી છૂટે છે. ચિત્તમાં નબળાઈ પડી છે, નર્યા માણસ હોવાની પ્રકૃતિ પણ ભારોભાર પડી છે. અત્યાર સુધી પત્ની સાથેના સંસર્ગમાં પ્રકૃતિ સંતોષાઈ જતી. પણ દૂર પરદેશમાં પરસ્ત્રી જોઈને વિકારવશ થયાનો અને એની સાથે રમત રમવાની ઇચ્છા થયાનો આ પહેલો પ્રસંગ ! પરંતુ સમયસર ઘંટ વાગે છે ! કોઈક સતત ઉગારી રહ્યું છે, કોઈક સતત ચેતવી રહ્યું છે, કોઈક સતત આંગળી પકડીને આગળ ને આગળ, ખૂબ આગળ લઈ જઈ રહ્યું છે. વિકારવશતાના બિંદુથી સર્વેન્દ્રિય બ્રહ્મચર્ય સુધીની દીર્ઘયાત્રાના પ્રવાસ માટે કોઈક જાણે મોહનને તૈયાર કરી રહ્યું છે.

આ 'કોઈક' સાથે કોઈ ખાસ ગાઢ દોસ્તી તો નથી. પણ એને જે કાંઈ પ્રાર્થનારૂપે કહેવાય છે તેનું 'ઊગમસ્થાન કંઠ નથી, પણ હૃદય છે'. બસ, આટલી જ હકીકત, આટલી જ વાસ્તવિકતા, અને જેને પ્રાર્થના થાય છે તે પ્રભુ ધીરે ધીરે પોતાની પ્રભુતાની આભા વીસમી સદીમાં જન્મેલા આ મોહન પર એટલી બધી છવાવા દે છે કે એના જીવનાન્તે આપણે પ્રશ્ન પૂછી બેસીએ કે આ તે પૃથ્વીપુત્ર કે અમૃતપુત્ર ?

## ૨. સતની ચાખડીએ ચઢાણ

સપનાંની વણજાર ચિત્તમાં સંઘરીને થનગનતો બૅરિસ્ટર યુવાન ૧૮૯૧માં ભારત પાછો ફરે છે. પરંતુ બૅરિસ્ટરીની પરીક્ષા આપવી એક બાબત છે અને બૅરિસ્ટરીના પ્રત્યક્ષ ક્ષેત્રમાં ફતેહ મેળવવી તે બીજી બાબત છે. પ્રત્યક્ષ કર્મ ક્ષેત્રમાં મોહનદાસ

સાવ બિનઅનુભવી છે. મુકદ્દમો ચલાવવાની હિંમત આવતી નથી. કોર્ટમાં પગ થર થર થર કાંપે છે, જીભ લોચા વાળે છે. અરજીઓ ઘડીને ઘરખર્ચ કાઢવાનો વારો આવ્યો પણ એમ તે કેટલું ચાલે ? તો શું બૅરિસ્ટરી છોડી નોકરીનો આશરો લેવો? આવી બધી ગડમથલ ચાલતી હતી તે દરમિયાન દક્ષિણ આફ્રિકાની એક મેમણ પેઢીનું કહેણ આવે છે કે એમના આફ્રિકામાં ચાલતા એક દાવા માટે બૅરિસ્ટરની જરૂર છે. એકાદ વર્ષ ચાલે તેટલું કામ છે. નવો મુલક, નવો અનુભવ મળશે એટલે પગાર અંગેની ઝાઝી રકઝક કર્યા સિવાય મોહનદાસ પ્રસ્તાવ સ્વીકારી લઈ પત્ની-બાળકને ઘેર મૂકી દક્ષિણ આફ્રિકા જવા નીકળી પડે છે. આમ હિંદ સાથે હજી ઓળખાણ થાય તે પહેલાં તો ૧૮૯૩માં પારકી ભૂમિ એને બોલાવી લે છે.

દક્ષિણ આફ્રિકાનો નિવાસ ગાંધી માટે જીવનનું એક નવું જ દ્વાર ખોલે છે. આમ તો એના સ્વભાવમાં જ સત્ય માટે મરી ફીટવાની તમન્ના કામ કરતી હતી. આ સ્થળે એ તમન્નાને ડગલે ને પગલે પડકાર ઝીલવાની પરિસ્થિતિ નિર્માણ થતી રહે છે અને મોહનદાસ તેમાં જ્વલંત ફતેહ સાથે પાર ઊતરતા રહે છે. વિરોધ કરવો છે પણ સચ્ચાઈથી. સામાનું અહિત ન થાય તેવી અહિંસાથી. આ બધી મથામણોને પરિણામે મોહનદાસના હાથમાં જે રામ-રમકડું આવીને પડે છે તે છે - સત્યાગ્રહ ! સમાજપરિવર્તનની દિશામાં આગળ વધવા માટેનું એક અભૂતપૂર્વ અમોઘ સાધન.

પાશેરાની પહેલી પૂણીની જેમ માથા પરની પાઘડી પહેલો પડકાર બની ગઈ. ડરબનની કોર્ટ હજી તો માત્ર જોવા જાય છે,

પોતાના મુકદ્દમાના અનુસંધાનમાં બીજા વકીલો સાથે ઓળખાણ-પરિચય કરે છે ત્યાં સામે બેઠેલા મૅજિસ્ટ્રેટનું ધ્યાન જાય છે અને એ હુકમ છોડે છે. માથા પરની પાઘડી ઉતારી લો ! આફ્રિકામાં મુસલમાનો પાઘડી પહેરી શકે, પણ બાકીના હિંદી નહીં. મુસલમાનો પોતાને આફ્રિકામાં 'અરબ' તરીકે ઓળખાવે. પારસી લોકો પર્શિયન તરીકે ઓળખાવે જ્યારે હિંદુ અધ્ધર લટકે. તામિલ, તેલુગુ ને ઉત્તર ભારતમાંથી આવેલા હિંદીઓ અહીં એગ્રીમેન્ટ કરીને પાંચ વર્ષની મજૂરીના કરારમાં આવેલા તે 'ગિરમીટિયા' કહેવાતા. એગ્રીમેન્ટનું અપભ્રંશ તે ગિરમીટિયા. આ મજૂરોને અંગ્રેજો 'કુલી' તરીકે ઓળખે. તેમની સંખ્યા મોટી એટલે લગભગ બધા હિંદીઓને 'કુલી' કહે. ક્યારેક 'સામી' પણ કહે. 'સામી' આમ તો સ્વામીનું અપભ્રંશ. તમિળ નામોની પાછળ લગભગ સામી આવે. એટલે સામી ચાલુ થઈ ગયેલું. અંગ્રેજોને તો 'સામી' કહે એટલે એમ જ લાગે કે પોતે હિંદીઓનું અપમાન કર્યું અને કુલી હિંદીનું અપમાન કરવું એ તો જાણે અંગ્રેજોનો જન્મસિદ્ધ હક !

આ હિસાબે આપણા મોહનદાસ ગમે તેટલા મોટા ઇંગ્લૅન્ડ-રિટર્ન્ડ ઍડ્વોકેટ બારિસ્ટર હોય પણ આફ્રિકામાં તો 'કુલી બારિસ્ટર' જ કહેવાયા. પાઘડીના કિસ્સામાં વિરોધરૂપે છાપામાં આપ્યું અને હજી તો આફ્રિકામાં પગ મૂક્યે ત્રણચાર દિવસ જ થયા હતા ત્યાં ભાઈસાહેબ 'Unwelcome Visitor — 'વણનોતર્યો પરોણો' — એવા મથાળેથી છાપે પણ ચડી ગયા. 'शिर सलामत तो पघड़ियाँ बहोत' એમ શિર સંભાળીને બેસી રહે એવું આ સાવ ઠંડું લોહી તો હતું નહીં. એટલે પાઘડી તો માથા

પર રહી જ, બલ્કે એણે માથાની અંદર પણ એક ક્રાન્તિબીજ સળવળતું કરી મૂક્યું.

વળી એક વાર મુકદ્દમા અંગે પ્રિટોરિયા જવાનું થાય છે. પહેલા વર્ગની ટિકિટ લીધી અને મુસાફરી શરૂ થઈ. થોડાંક સ્ટેશનો ગયાં અને કોઈ અંગ્રેજ ઉતારુ ડબ્બામાં ચડ્યો અને જુએ છે તો ડબ્બામાં 'કુલી' બેઠેલો. નજર રાતીચોળ થાય છે, ભમર ખેંચાય છે, એ ગોરો રેલવેના અમલદારને બોલાવે છે. સાહેબ આવીને કહે છે, ''એય કુલી, છેલ્લા ડબ્બામાં જા. અહીં આ સાહેબ બેસશે.'' ''મારી પાસે પહેલા વર્ગની ટિકિટ છે. હું બૅરિસ્ટર છું. મારું નામ એમ. કે. ગાંધી!'' — આત્મવિશ્વાસપૂર્વક ગાંધી કહે છે. ''તું જે હો તે, ડબ્બામાંથી નીચે ઊતર, નહીંતર સિપાઈ હેઠો ઉતારશે.'' અમલદારનો મિજાજ જાય છે. ''તમારેય જે કરવું હોય તે કરો, હું મારી મેળે અહીંથી નહીં ખસું.'' મક્કમતાપૂર્વક ગાંધી કહે છે.

સિપાઈ આવ્યો. મોહનદાસનો હાથ પકડી ધક્કો મારી પ્લૅટફૉર્મ પર પછાડ્યો. સામાન પણ નીચે ઉતારી મૂક્યો. ટ્રેન તો રવાના થઈ ગઈ, પણ ધરતી પર પટકાયેલા 'કુલી'ના ચિત્તમાં વિદ્રોહની વેદના સિંચાતી રહી અને પેલી પાઘડીએ વાવેલું ક્રાન્તિબીજ પોષાતું ચાલ્યું.

થોડા દિવસો ગયા અને વળી પાછો એક વધુ સંઘર્ષ સામે આવી પડ્યો. સિગરામવાળો જગજાહેર પ્રસંગ. આ વખતે પણ અડગ મક્કમતા દાખવી માથું ઊંચું રાખ્યું. દેશ છોડીને આવ્યો ત્યારે પારકી ભોમમાં ડગલે ને પગલે આવી લડતોના પડકાર ઝીલવા પડશે તેવો તો સ્વપ્નેય ખ્યાલ નહોતો. પણ

સત્યપ્રિયતાએ હૃદયની ભીરુતા ખંખેરી નાખી એક દૃઢનિશ્ચયી મનોબળ પેદા કરી આપ્યું. પછી તો અંકોડામાં અંકોડા ભિડાવીને એક પછી એક ઘટના બેવડાતી ગઈ અને આફ્રિકામાં વ્યાપક પ્રમાણમાં ફેલાયેલા રંગદ્વેષના મહારોગના છાંટા મોહનને પણ ઊડતા ગયા. અહીં આફ્રિકામાં આવવાનું થયું હતું તો કમાવા માટે, મુકદ્દમા અંગે, વ્યક્તિગત જીવનની ઉન્નતિ-સમૃદ્ધિ માટે. એને બાજુ પર મૂકી દઈ આ પ્રશ્નને ઉપાડી લે તે તો કેમ બને? પણ બીજી બાજુ અસત્ય સાંખી લેવું, અન્યાય સહી લેવો, જાતભાઈઓનાં અપમાન જોયાં કરવાં... એ તો સ્વભાવમાં જ નહોતું. સચ્ચાઈનું તેજ આ યુવકની આંખોમાં એવું ઝળહળતું કે ખોટું ચલાવી લેવાની મનોવૃત્તિ માથું ઊંચકે તે પહેલાં જ એ પેલી સત્યની અગ્નિઝાળમાં બળીઝળી જાય! એના સતેજ સ્વમાને આટલું તો પારખી લીધું હતું કે સ્વમાન જાળવવા ઇચ્છનાર હિંદીને માટે દક્ષિણ આફ્રિકા યોગ્ય સ્થાન નથી. સ્વમાનને ભોગે જ અહીં પૈસો કમાઈ શકાય. એવા પૈસામાં એને પોતાને તો કશો જ રસ નહોતો. તો શું જે કામ લઈને આફ્રિકા આવવાનું થયું હતું તે હેમખેમ પતાવી દઈ સ્વદેશ પાછા ફરવું?... આ મુકદ્દમો હાથમાં લેવાથી ઘડતર પણ સારું થયું. લવાદી નીમીને ઝઘડો ઘરમેળે પતાવ્યો. સાચી વકીલાત થઈ. બંને પક્ષો વચ્ચેની તૂટ સાંધી, પરિણામે દ્રવ્ય તો ખોવાયું નહીં જ, આત્મા પણ ખોવાયો નહીં. બલ્કે આત્મવિશ્વાસ વધ્યો.

જે મુકદ્દમા માટે આફ્રિકા જવાનું થયું હતું, તેને લવાદ દ્વારા પતાવી અસીલને સારી પેઠે સંતોષ આપી હવે પાછા ફરવાની

ઘડી આવી પહોંચી હતી. શેઠ અબદુલ્લાએ વિદાયગીરીનો મેળાવડો ગોઠવ્યો હતો, તે જ દિવસે છાપામાં આવ્યું કે ત્યાં વસતા હિંદીઓનો ધારાસભામાં સભ્યોની ચૂંટણી કરવા માટે મત આપવાનો અધિકાર પાછો લઈ લેવામાં આવશે, એવો કાયદો આવી રહ્યો છે.

કર્તવ્ય સ્પષ્ટ હતું કે આની સામે લડત આપવી જોઈએ. પણ વ્યાપાર-ધંધા-મજૂરીમાં રોકાયેલા હિંદીઓ આ બીડું ઝડપી લઈ શકે એ શક્ય જ નહોતું. 'તમારા ખર્ચાની જોગવાઈ અમે સૌ કરી લઈશું'ની ખાતરી આપી સૌએ મોહનદાસને આ લડત પૂરતા ત્યાં વધુ રોકાઈ જવા માગણી કરી. અને લડવૈયો પડકાર ઝીલી લે છે. અને ખબરેય ના પડે તેમ એનું સામાજિક જીવન શરૂ થઈ જાય છે.

આ લડતને પરિણામે દુનિયાભરમાં વસતા ભારતીઓનું અને ખાસ કરીને હિંદુસ્તાનનું ધ્યાન આ પ્રશ્ન પરત્વે ખેંચાયું અને દુનિયા સમક્ષ એક અલપઝલપ નામ ચમક્યું - મોહનદાસ કરમચંદ ગાંધી. તે વખતે તો મતાધિકારના બિલ અંગે સારું કામ થયું અને આફ્રિકામાં વસતા હિંદીઓના પ્રતિનિધિરૂપે જાણે મોહનદાસ ગાંધી અનિવાર્ય અંગ થઈ પડ્યો. ત્યાર પછી તો લડતો ઉમેરાતી જ ગઈ. જાહેર કાર્યો માટે 'નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ'ની સ્થાપના થઈ ત્યાર પછી ગિરમીટિયા પર નખાયેલા કરના વિરોધમાં લડત ચાલી. બ્રિટિશ સરકાર સામે 'ગાંધી' અવારનવાર અથડાતો રહ્યો અને આમ ને આમ ત્રણ વર્ષ નીકળી ગયાં. સામાજિક કાર્યો સાથે આજીવિકા માટે વકીલાત તો ક્યારની શરૂ કરી દીધી હતી, હવે વધુ રોકાવાનું જરૂરી થઈ પડ્યું

હતું એટલે કુટુંબને પણ બોલાવી લેવું પડે તેમ હતું. તે નિમિત્તે ૧૮૯૬માં ફરી એક વાર ભારત આવવાનું થાય છે. દક્ષિણ આફ્રિકામાં જે કાંઈ જાહેર કાર્ય થયું, તેના અનુસંધાનમાં કેટલાક પ્રશ્નો ઊભા થાય છે, પરંતુ જે કાંઈ કરવું તે સત્ય ચૂક્યા સિવાય કરવું એટલી સમજણ પાકી થઈ ગઈ છે.

ભારતમાં આ પ્રશ્નના અનુસંધાનમાં તત્કાલીન અનેક રાષ્ટ્રભક્તોને મળવાનું થાય છે. સર ફિરોજશા, લોકમાન્ય ટિળક, ગોખલે વગેરે સૌ સાથે પરિચય થયો. ''સર ફિરોજશા તો મને હિમાલય જેવા લાગ્યા, લોકમાન્ય સમુદ્ર અને ગોખલે ગંગા જેવા લાગ્યા. હિમાલય ચડાય નહીં, સમુદ્રમાં ડૂબવાનો ભય રહે, જ્યારે ગંગાની તો ગોદમાં રમાય.'' ગાંધીજીએ પોતે લખ્યું છે. પૂના-મદ્રાસમાં અત્યંત ઉષ્માભર્યો આવકાર અને સહકાર મળ્યો. તે વખતનાં તમામ પ્રખ્યાત દૈનિકો 'હિંદુ', 'મદ્રાસસ્ટેન્ડર્ડ', 'સ્ટેટ્સમૅન', 'ઇંગ્લિશમૅન' વગેરેએ આફ્રિકાની આ લડતને અગ્રિમતા આપી. ભારતમાં આ બધું રંધાઈ રહ્યું હતું, તેટલામાં ગાંધીને ડરબનથી તાર મળે છે, ''પાર્લમેન્ટ જાનેવારીમાં મળે છે. જલદી પાછા ફરો.''

આ વખતે તો કુટુંબ સાથે જવાનું છે. પત્ની અને બાળકોને સાવ જુદી જ દુનિયામાં લઈ જવાનાં છે. બૅરિસ્ટર ગાંધીને તે વખતે જીવનની રીતભાત, સભ્યતા, ટાપટીપ વગેરેના ચોક્કસ ખ્યાલો છે અને હવે પોતાના કુટુંબને એ ધારાધોરણ મુજબ તેઓ ઘડવા માટે કટિબદ્ધ પણ થયા છે. યુરોપિયનો જે ઢબેછબે રહે તે ઢબે રહેવાય તો જ પો પડે. પણ એકદમ છલાંગ તો મરાય નહીં એટલે પત્ની માટે સાડીની પારસી ઢબ નક્કી થાય છે, બાળકો

માટે કોટ-પાટલૂન, બૂટ-મોજાં ! ખાવા માટે છરીકાંટા અને એવું એવું તો ઘણુંબધું ! દરિયાઈ પ્રવાસ દરમિયાન વાવાઝોડું ચડી આવવાથી તોફાન થાય છે, મુસાફરોના જીવ તાળવે તોળાય છે પણ એ સૌમાં નિર્ભય થઈને 'ગાંધી' ફરે છે, સેવા કરે છે, દોસ્તી બાંધે છે અને પ્રેમની ગાંઠ બાંધે છે.

પણ કુદરતના આ તોફાનને નાનું કહેવડાવે તેવું એક મોટું તોફાન આફ્રિકામાં ઊતર્યા પછી આવકારવા સામે તત્પર થઈને ઊભું હતું. દાક્તરી તપાસના બહાના હેઠળ સ્ટીમરોને દિવસોના દિવસો સુધી બંદર પર જ રોકી રાખવામાં આવે છે, તે દરમિયાન શહેરમાં ગાંધીના પુનરાંગમન સામે ગોરાઓની જંગી સભાઓ યોજાય છે. મિ. ગાંધી સાથે આવતા સૌ હિંદીઓને પાછા કાઢી મૂકવા શેઠ અબદુલ્લા પર સ્ટીમર પાછી લઈ જવા માટે ભારે દબાણો લવાય છે, ધમકીઓ અપાય છે. સ્ટીમર પરના ઉતારુઓ પર પણ કહેણ આવે છે, ''જો તમે પાછા નહીં જાઓ તો તમને દરિયામાં ડુબાવી દેવામાં આવશે.''

છેવટે ત્રેવીસ દહાડે સ્ટીમરને લાંગરવાની પરવાનગી મળી પણ ગાંધીને તો ચેતવણી જ મળી, ''ગોરાઓ તેની સામે ખૂબ ઉશ્કેરાયેલા છે અને તેનો જાન જોખમમાં છે.'' પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ તેને છાનામાના ઘેરે લઈ જવા કહેવડાવે છે.

પણ ગાંધી એમ ચુપચાપ, છાનોમાનો કાયરની જેમ નગરમાં દાખલ થઈ જાય તે તો કેમ બને? કુટુંબીજનોને રુસ્તમજી શેઠ પોતાની ગાડીમાં લઈ ગયા, પણ ગાંધી તો મિ. લૉટનની સાથે ખુલ્લેઆમ સ્ટીમરમાંથી નીચે ઊતર્યો. જેવા ઊતર્યા તેવી જ 'ગાંધી ! ગાંધી !'ના નામની બૂમો પડી અને ઘડીભરમાં તો

ટોળું વધવા માંડ્યું. સાથીએ રિક્ષા મગાવી. પણ ટોળાએ રિક્ષાવાળાને ધમકી આપી નસાડી મૂક્યો અને ગાંધીને સાવ એકલો તારવી તેના પર કાંકરા, સડેલાં ઈંડાં ફેંકાયા, પાઘડી ઉડાડી દેવામાં આવી, લાતો શરૂ થઈ. તંમર આવતાં હતાં, શ્વાસ ખાવા કોઈક ઘરની જાળી પકડી. ત્યાં તમાચાનો વરસાદ શરૂ થયો. સામે હુમલો કરતાં તો એ શીખ્યો જ નહોતો, જે કાંઈ થાય તે બધું સહન જ કરવાનું હતું.

ટોળું સારી પેઠે ઉશ્કેરાયેલું હતું. એટલામાં પોલીસના વડાની સ્ત્રી, જે ગાંધીને ઓળખતી હતી તે આવી ચડી. પોલીસથાણા પરથી ટુકડી પણ રક્ષણ માટે આવી ગઈ અને રુસ્તમજીને ત્યાં ગાંધીને સહીસલામત પહોંચાડાયા. પણ ટોળાએ તો રુસ્તમજીના ઘરને પણ ઘેર્યું. 'અમને ગાંધી સોંપી દો'ની ચીસોથી આકાશ ગાજી ઊઠ્યું. મિત્રના મકાનને, એના માલસામાનને અને કુટુંબીજનોને બચાવી લેવાં હોય તો એ ઘર છોડી દેવું અનિવાર્ય થઈ પડ્યું. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની સલાહસૂચના અનુસાર છેવટે લાચાર થઈ છૂપા વેશે ઘર છોડાયું અને તત્કાળ તો ઉશ્કેરાયેલા ટોળાથી મુક્તિ મેળવી. આવું હતું પુનરાગમનનું ભવ્ય સ્વાગત !

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની સહાનુભૂતિ હતી એટલે હુમલાખોરો પર ફરિયાદ માંડી કામ ચલાવી શકાય તેમ હતું. પણ ગાંધીને એ મંજૂર નહોતું. પરિણામે હિંદી કોમની પ્રતિષ્ઠા વધી, સાથોસાથ ગોરાઓમાં ભય પણ વધ્યો. ત્યાર પછી તો ધારાસભામાં બે કાયદાઓ એવા દાખલ થયા, જેને કારણે હિંદીઓની હાડમારી પાર વગરની વધી જાય તેવું હતું. ગાંધીનું કામ પણ પાર વગરનું

વધી ગયું. પણ એ લડ્યો. તકરાર છેવટે વિલાયત ગઈ અને એણે એ કાયદા નામંજૂર કરાવ્યા. 'ડગલું ભર્યું તે ના હઠવું !' ના હઠવું!'

જાહેર સેવા, અંગત વકીલાત ઉપરાંત હવે તો ગૃહજીવન પણ હતું: બાળકોને કેળવવાની એક દષ્ટિ ખીલી હતી, પણ હાથમાં સમય નહોતો. કેવળ અક્ષરજ્ઞાન નહીં, પણ સ્વાતંત્ર્ય, શિસ્ત, સદાચાર અને સચ્ચાઈના પાઠ બાળકોને ભણાવવા હતા. સાદાઈ અને સેવાભાવ તો બાળકો માટે સહજ પાઠ બની ગયા, કારણ કે હવે ગાંધી પોતે ધીરે ધીરે સાદા, સંયમભર્યા જીવન પ્રત્યે ખેંચાતા ચાલ્યા હતા. અત્યાર સુધી પત્ની પ્રત્યેની વફાદારી એ સત્યવ્રતનું અંગ બની કામ કરતી હતી, હવે ધીરે ધીરે પોતાની પત્ની સાથે પણ બ્રહ્મચર્યના પ્રયોગ એ સત્યના પ્રયોગ બનીને આવી રહ્યા હતા. અંતિમ સફળતા તો ભલે ૧૯૦૬માં મળી, પણ સોનું અગ્નિપરીક્ષામાં સારી પેઠે તપી વધુ શુદ્ધ થતું ચાલ્યું. પત્ની તરફથી અસંમતિનો કશો પ્રશ્ન જ નહોતો. બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન એટલે સૌમાં બ્રહ્મદર્શન. આ વૃત્તિએ પત્નીમાં પણ માતૃત્વ આરોપ્યું અને ત્યારથી કસ્તૂરબાઈ 'કસ્તૂરબા' બન્યાં. આફ્રિકામાં સ્થપાયેલા ફિનિક્સ આશ્રમમાં બા સૌની સાથે ગાંધીનાં પણ 'બા' બન્યાં.

સાદાઈ, સ્વાશ્રય, સેવા આ બધું બ્રહ્મચર્યની સેના બનીને એકમેકના હાથમાં હાથ પરોવી જીવનમાં નાચતુંગાતું ચાલી આવ્યું. સામાજિક જીવનમાં પણ કેવળ લડત નહીં, પણ સફાઈના, સેવાના, યુદ્ધમાં ઘાયલોની મલમપટ્ટી કરી સારવારના, લોકશિક્ષણના અનેક પ્રયોગો થતા રહ્યા અને જાણે સત્ય-અહિંસાની વિદ્યાપીઠનો એક વ્રત-સ્નાતક તેજસંપન્ન

થઈને જગત સમક્ષ બહાર આવ્યો. આ દિવસો દરમિયાન આફ્રિકામાં વસતા હિંદીઓની પરિસ્થિતિનો તાગ આવ્યો તેની સાથોસાથ હિંદ સામે ઊભેલા ગુલામીના પ્રશ્ન અંગેની સમજણ પણ વધુ ને વધુ કેળવાતી ચાલી. એટલું જ નહીં, દેશના સ્વરાજ્યના એક ખડા સૈનિક બનવાનું ઘડતર પણ ચાલ્યું. દક્ષિણ આફ્રિકામાં નાનકડું એકમ હોવાને લીધે ધાર્યું કામ થાય, સફળતા પણ મળે તેમ છતાંય સ્વધર્મ હવે ગાંધીને સ્વદેશ પાછા ફરવા હાકલ કરી રહ્યો હતો. પણ આફ્રિકાવાસી બંધુઓ એમ તો કેમ છોડે ? 'જ્યારે જરૂર પડે ત્યારે પાછા ફરવું' – એ શરતે મિત્રો સંમતિ આપે છે. વિદાય વેળાએ લોકો પ્રેમનો સાગર વહેવડાવે છે. સોના-ચાંદી અને હીરાની ભેટોથી ગાંધીને નવાજે છે.

પણ આ વર્ષો દરમિયાન ગાંધી કેવળ કોરું રાજકારણ નથી ભણ્યો. એને તો જીવનને આરપાર વીંધતી તમામ ક્ષિતિજો સર કરવામાં રસ હતો. સાર્વજનિક કામ દરમિયાન લોકસેવકને મળેલી સોગાદો વ્યક્તિગત લાભાર્થે ન રાખતાં તેનું સામાજિક ટ્રસ્ટ બનાવી લોકોપયોગી કામમાં વાપરવા એ કસ્તૂરબા તથા કુટુંબીજનોને સમજાવી તૈયાર કરે છે. આ છે સત્યધર્માનું વેધક દર્શન !

## ૩. ક્રાંતિનો અરુણોદય

૧૯૦૨માં ભારત આવવાનું થયું, તેમાં કેટલાંક પાયાનાં તથ્ય સમજવા મળ્યાં. એક તો એ કે જ્યાં સુધી ભારત પોતે ગુલામ છે ત્યાં સુધી બીજા કોઈ સંસ્થાનમાં વસતા હિંદીઓને બહુ ઝાઝો ન્યાય ન અપાવી શકે. ભારત આવ્યા તે અરસામાં જ કૉંગ્રેસનું

વાર્ષિક સંમેલન હતું, તેમાં દક્ષિણ આફ્રિકા વિશેનો ઠરાવ માત્ર માંડ પસાર કરાવી શક્યા. માત્ર એટલું આશ્વાસન લઈ શક્યા કે જે મુદ્દા ઉપર મહાસભાની મહોર પડી છે, તેના પર આખા ભારતની મહોર છે, પરંતુ તેથી વિશેષ કોઈનું ધ્યાન ખેંચી શક્યા નહીં.

પણ આ ગાળા દરમિયાન દાદાભાઈ નવરોજી, ફિરોજશા, રાનડે, ગોખલે વગેરેનો સંપર્ક વધ્યો. ગોખલે તો તેમને કલકત્તા નિવાસ દરમિયાન પોતાને ઘેર જ રહેવા લઈ આવ્યા હતા અને ગાંધીની રોજેરોજની જીવનચર્યા જોઈ તેના પર વધુ ને વધુ મુગ્ધ થતા હતા. ગાંધીને અંગ્રેજ સલ્તનત હેઠળ રહેતા હિંદીઓની મન:સ્થિતિનો પણ સારો તાગ મળ્યો. તેમના ચિત્ત પરનો અંગ્રેજીયતનો પ્રભાવ પણ એણે નાણી લીધો. હંમેશાં બંગાળી ધોતી, પહેરણ, ઉપરણું પહેરતા. રાજામહારાજા વાઈસરૉયના દરબારમાં સ્ત્રી જેટલા ઠાઠમાઠ સજીને જતા, તેમને જવું પડતું. સામાન્ય પોશાકમાં જાય તે ગુનો કહેવાય. કલકત્તા નિવાસ દરમિયાન મા કાલિના ભોગ પ્રસંગના અનુસંધાનમાં હિંદુ ધર્મના ખોખલાપણાનો પણ પરિચય થયો, ખ્રિસ્તી ધર્મમાં પણ ઊંડા ઊતરવાનું થયું. આફ્રિકાના વસવાટ દરમિયાન એમના ખ્રિસ્તી મિત્રોએ ગાંધીને પલોટવા માટે સારી એવી મથામણ પણ કરી હતી, પણ આ તો વાણિયો હતો. તેલ જોતો, તેલની ધાર જોતો. કશું એકદમ ગજવે ઘાલી દે તેવો ભોળો નહોતો. થોડો વખત ભારતમાં ત્રીજા વર્ગની મુસાફરી કરી ભારતની અસલિયત પણ પિછાણી લીધી.

હવે મમમમ માટે પણ કાંઈ કરવાનું હતું. મિત્રો, વડીલોના આગ્રહથી મુંબઈમાં વકીલાત શરૂ કરી. દક્ષિણ આફ્રિકાના

અસીલો દ્વારા પણ કામ મળી રહેતું અને ધંધો કાંઈક ઠીક ચાલવા લાગ્યો. 'બૈરી-છોકરાંનો વિચાર કરવો જોઈએ' એવું વિચારી વીમાની પૉલિસી પણ લીધી. આ બાજુ ગોખલેનું ધ્યાન પણ પોતાના ભાવિ વારસદાર તરફ હતું જ. અઠવાડિયામાં બેત્રણ વખત ચેમ્બરમાં આવી ખબર કાઢી જતા.

આમ, ગાડી પાટા પર ચડવા કરતી હતી, ત્યાં દક્ષિણ આફ્રિકાથી તાર આવે છે કે ''પેલા કાયદાઓના અનુસંધાનમાં બ્રિટિશ વડો અહીં આવે છે, તે વખતે તમારે હાજર રહેવું જોઈએ.'' વચનથી બંધાયેલા હતા. અહીં બાંધેલો માળો તોડવાનો હતો, પણ ગાંધી તો અનિશ્ચિતતામાં જ જીવ્યો છે. એને માટે નિશ્ચિત હોય તો કેવળ ઈશ્વર ! સત્યમય ઈશ્વર ! આ વખતે થોડા વધુ પિતરાઈ કુટુંબીજનોને સાથે લઈ જાય છે.

ત્યાં તો લડાઈ જ લડવાની હતી. વળી પાછાં એ જ અપમાન, તિરસ્કાર અને હડધૂત થતા રહેવાની ઘટનાઓની પરંપરા. પરંતુ ગાંધી હવે આ બધા માટે ખાસ્સો રીઢો થઈ ગયો હતો. ભારતવાસીઓની માનમર્યાદા જળવાય અને તેઓ સ્વમાનપૂર્વક પોતાનો રોટલો રળી લઈ શકે એટલું કરવા માટે એક વર્ષ નહીં, ઘણુંબધું રહેવું પડે અને કેવળ આવાં જ કામ કરવાં પડે તેવા સંજોગો ઊભા થતા ગયા. આફ્રિકામાં ઉપરાછાપરી લડતો આપવી પડી, એકાકી યાત્રામાં સાથી તરીકે કેવળ 'ઈશ્વર' હતો, એટલે ઈશ્વર ઉપરનો ભરોસો વધતો અને વધતો જ ચાલ્યો. જીવનની સાદાઈ પણ ઉત્તરોત્તર વધતી ગઈ અને ધીરે ધીરે અશુદ્ધિઓ, વિકાર દૂર થતાં જઈ જીવન નીતર્યાં પાણી સમું ચોખ્ખું બનતું ચાલ્યું. હવે બહોળા પરિવારમાં એ

'ગાંધી' તરીકે નહીં, પણ 'ભાઈ' તરીકે સંબોધાતા. ધીરે ધીરે મગનલાલ, છગનલાલ વગેરે ગાંધી-પરિવાર કમાણી ઉપરાંતનાં જાહેર કાર્યોનાં પણ સાથીદાર થઈ જાય છે.

હવે 'ગાંધી'નું ઘર 'ભાઈ'નું ઘર થઈ ગયું હતું. જાતજાતના લોકો ત્યાં રહેતા. ડરબનમાં પણ મહેતાજીઓને ગાંધી સાથે જ રાખતા, તેમાં કોઈ હિંદુ હોય, કોઈ ખ્રિસ્તી હોય તો કોઈ વળી હબસી પણ હોય. આવા એક હબસી મહેતાજીના પેશાબની કૂંડી સાફ ન કરવા બદલ એક વાર કસ્તૂરબાને ઘર બહાર હાંકી કાઢવા પણ શ્રીમાન તૈયાર થઈ ગયા હતા. પણ ધીરે ધીરે સત્યના પ્રયોગોમાં પાછલે બારણેથી અહિંસા ક્યારે પ્રવેશી ગઈ તેની કોઈને ખબરેય ના પડી અને ઉત્તરોત્તર આગળ વધી. અહિંસા એ સત્યના સિક્કાની બીજી બાજુ બની ગઈ.

ત્યાંની પ્રવૃત્તિઓના પ્રચાર માટે પોતાનું છાપું હોય તે ખૂબ જરૂરી હતું. એટલે 'ઈન્ડિયન ઓપીનિયન' પ્રગટ કરવાનું શરૂ કર્યું. આ કોઈ વ્યક્તિગત ધંધો નહોતો, છતાંય ગાંધીની ઘણીખરી કમાણી આ છાપું ખાઈ જતું. દર અઠવાડિયે એમાં લખવાનું થતું. એક પણ શબ્દ વગર વિચાર્યે, વગર તોળ્યે લખાતો નહીં. આ જ અરસામાં પોલાક નામના એક મિત્ર પાસેથી રસ્કિનનું Unto This Last પુસ્તક વાંચવા મળે છે અને ચિત્તમાં જબરદસ્ત ઝંઝાવાત ઊઠે છે અને એમાંથી પરિણમે છે — ફિનિક્સની સ્થાપના.

મિયાં-બીબી અને બાળકોના સીમિત પરિવારમાંથી બહાર નીકળી હવે બૃહદ પરિવાર બનાવ્યો છે. એ પરિવારમાં કેવળ લોહીના સંબંધવાળા સ્વજનો જ નહીં, ભિન્ન ભિન્ન ધર્મોના

લોકો પણ રહેતા હતા. એટલા જ માટે આ સામૂહિક સહજીવનનાં પ્રયોગને 'આશ્રમ' કહેવાનું પણ એ ટાળતા હતા, રખે ને કદાચ કોઈ એને હિંદુ પર્યંત સીમિત ગણી લે. આશ્રમના નામાભિધાન અંગે મગનલાલને લખેલા ૨૪-૧૧-૧૯૦૯ના એક પત્રમાં ગાંધીજી કહે છે : ''ફિનિક્સનું નામ ફિનિક્સ સિવાય કંઈ જ નહીં, એ બરોબર જણાય છે. મારું નામ તો ભુલાઈ જાય એમ જ માગું છું, મારું કાર્ય રહે એમ ઈચ્છું છું. જો નામ ભુલાય તો જ કાર્ય રહે. નામો વગેરે હાલ આપવાની વ્યાધિમાં પણ પડવા જેવું નથી. આપણે તો અખતરા અજમાવીએ છીએ, ત્યાં નામ શું ? અને જ્યારે નામ અપાય ત્યારે પણ આપણે મધ્યસ્થ શબ્દ શોધવો પડશે કે જેમાં હિંદુ-મુસલમાન એ સવાલ ઊઠે જ નહીં. મઠ અથવા આશ્રમ એ ખાસ હિંદુને લગતો જ શબ્દ છે એટલે તે વપરાય નહીં. ફિનિક્સ એ અનાયાસ મળેલો સરસ શબ્દ છે. એક તો અંગ્રેજી, એટલે જે મુલકમાં રહીએ તેનું માન થયું. વળી તે તટસ્થ. અને તેનો અર્થ એ છે કે ફિનિક્સ કરીને પક્ષી પોતાની રાખમાંથી જ પાછું પેદા થાય છે એટલે મરતું જ નથી, એવી કથા છે. જે હેતુ ફિનિક્સના છે. તે આપણે બધા રાખ થઈ જઈશું તોપણ મરવાના નથી એમ આપણે માનીએ છીએ તેથી ફિનિક્સ એ જ નામ હાલ તો બરાબર છે.'' આમ, વળી જીવનની એક નવી દિશા ખૂલે છે.

'ઇન્ડિયન ઓપીનિયન'ના આખા પ્રેસને ટૉલ્સ્ટૉય ખેતર પર લઈ જવાનું હતું. થોડા સાથીદારો પણ ત્યાં જ રહેવા તૈયાર થયા હતા. બધા તો આફ્રિકા આવેલા તે કાંઈ બે પૈસા કમાઈ લેવા, ગાંધીની જેમ ગાંઠનુંય લૂંટાવી દેવા કેટલા તૈયાર થાય ? પણ

ગાંધી-પરિવારના મગનલાલ-છગનલાલ ગાંધી વગેરે તૈયાર થાય છે અને પછી તો પોલાક પણ થોડા વખત માટે સામેલ થાય છે.

ભારતથી હવે તો કુટુંબ પણ આવી પહોંચ્યું હતું. હરિલાલ-મણિલાલ ઉપરાંત હવે ત્રીજો દીકરો રામદાસ પણ ઉમેરાયો હતો. બાળકો સાથે ગાંધીજી મા થઈને રહેતા. હવે તો ઘર 'આશ્રમ' બન્યો હતો એટલે જીવનની નવી રીતરસમો શીખવવાની હતી. તેમનાં ચારિત્ર ઘડવા પૂરતું જે કાંઈ કરવું ઘટે તે કરવામાં એમણે કશી ઊણપ રાખી નહોતી છતાંય એમનામાં જે કાંઈ ઊણપો રહી ગઈ તેને માટે જવાબદાર તો એમણે 'અમ દંપતી'ને જ ગણ્યાં છે.

સાદા, સંયમી જીવનના અનુસંધાનમાં ખોરાકના ફેરફાર પણ થતા રહ્યા. ખોરાકમાંથી મીઠું તેમ જ કઠોળ ગયાં. ધીરે ધીરે દૂધ પણ ૧૯૧૨માં ગયું. કાચી મગફળી, કેળાં, ખજૂર, લીંબુ અને જેતૂનનું તેલ — આ બા-બાપુનો સામાન્ય ખોરાક થઈ પડ્યો. આ આશ્રમથી દૂર એક વાડીમાં ટૉલ્સ્ટૉય ફાર્મ પણ બનાવ્યું. આ બંને સ્થળે બાળકોની શારીરિક, આત્મિક તેમ જ હૃદયની કેળવણી માટે પ્રયત્નો થતા, ક્યારેક કોઈનાથી કશી ભૂલ કે સ્ખલન થતું તો એનું પ્રાયશ્ચિત્ત પોતાના ઉપર વહોરી લઈ ઉપવાસો કર્યાના પ્રસંગો પણ બન્યા.

છેવટે આફ્રિકાના સત્યાગ્રહનો અંત આવ્યો. ૧૯૧૪નો સમય હતો. હવે દેશ પાછા ફરવાનું હતું, પરંતુ ગોખલેની ઇચ્છા મુજબ એમને ઇંગ્લંડ મળીને પછી ભારત પહોંચવાનું હતું, એટલે જુલાઈ માસમાં કસ્તૂરબા તથા કેલનબૅકની સાથે ઇંગ્લંડ જવા નીકળ્યા. રસ્તામાં જ પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળવાનાં એંધાણ

દેખાવા લાગ્યાં. અહિંસા એ કાયરોનું માધ્યમ તો છે નહીં, સૌમાં અહિંસાપૂર્વક સામનો કરવાની ત્રેવડ ન આવે ત્યાં સુધી વીરતાભર્યા સામનાનો આશરો લેવો જ પડે, એટલે યુદ્ધને અનુમોદન આપી સેવાકાર્ય સંભાળ્યું.

આમ દક્ષિણ આફ્રિકાના અનેકવિધ પ્રયોગો કરી ચૂકેલો મોહનદાસ ગાંધી સ્વદેશ પાછો ફરી રહ્યો છે. બ્રિટિશ સલ્તનત સામે માથું ઊંચકેલું એટલે હજુ ભલે જગતની જીભે નામ ન ચડી ગયું હોય, છતાંય જગતના છાપે તો એ ચડી જ ગયો છે. લોકદષ્ટિએ એક અહિંસક યોદ્ધા તરીકે જ એ વધુ મૂલવાતો રહ્યો છે. જાડી દષ્ટિએ જોઈએ તો સાર્વજનિક જીવનમાં ગાંધી એટલે અહિંસક પ્રતિકારનું પ્રતીક. 'સત્યાગ્રહ'નો જન્મદાતા. પણ ગાંધીનું આટલું દર્શન એકાંગી દર્શન છે. દક્ષિણ આફ્રિકાની સામાજિક પ્રવૃત્તિઓ ઝીણવટથી તપાસીશું તો તેમાં જ આખો ગાંધી જોવા મળે છે, અને તેમાં કેવળ અન્યાયનો અહિંસક પ્રતિકાર કે સત્યાગ્રહ નથી. પ્રજાજીવનનું ઘડતર કરનારાં અનેક વિધાયક રચનાત્મક કાર્યો આફ્રિકાની ધરતી પર પણ બીજરૂપે વવાઈને પડ્યાં છે. આફ્રિકાની આ ભૂમિ ઉપર જ ગાંધીને રસ્કિનમાંથી કાયાપલટો કરીને 'સર્વોદય' જડે છે અને રેંટિયાનો શબ્દ પણ ગુંજારવ કરતો થઈ જાય છે. કાળધર્મ મુજબ એ યુગમાં ગાંધીને અંગ્રેજ સલ્તનત સામે લડવું એ જ યુગપ્રશ્ન થઈ પડ્યો એટલે લડતનું આ પૂરક પાસું અધકચરું, અણવિકસ્યું રહ્યું. બાકી ગાંધીને આખો ને આખો આત્મસાત્ કરવો હશે તો અન્યાયના અહિંસક પ્રતિકારની શક્તિનો સ્રોત જડશે રચનાકાર્યોમાં, એ નિર્વિવાદ છે.

# ૪. યુગપુરુષનું અવતાર-કાર્ય

૧૯૧૫ના જાન્યુઆરીની નવમી તારીખ. ભારતના મુંબઈના એપોલો બંદર પર ગાંધીજી અને કસ્તૂરબા ઊતરે છે. ૪૫ વર્ષની ઢળતી ઉંમર છે. માથે ફેંટો, કેડે ધોતિયું અને પહેરણ પહેર્યાં છે. દ. આફ્રિકાનું મહાપરાક્રમ સાધીને પૂર્વજીવનનું એક ઉજ્જ્વળ પ્રકરણ પૂરું કરી ગાંઠે સ્વરાજ્યપ્રાપ્તિ માટેનું એક મોટું બળ બાંધી હવે તો ગોખલેજીનાં ચરણોમાં સમાઈ જઈ નિશ્ચિંત થઈ દેશને આઝાદ કરવાના કામમાં લાગી પડવાની આકાંક્ષા હૈયે ધારણ કરીને આવ્યા છે. પણ ગાંધીના જીવનનું સુકાન કદી ગાંધીએ હાથ નથી ધર્યું તો આ વખતે પણ તેવું ક્યાંથી થાય?

મુંબઈમાં બંનેનું હાર્દિક સ્વાગત થાય છે. પાછા ફરેલા સત્યાગ્રહી ગાંધીજીના માનમાં મેળાવડો પણ ગોઠવાયો છે. આંખોને આંજી નાખે તેવા ભપકા તથા દબદબાપૂર્વક યોજાયેલા આ મેળાવડામાં અંગરખું, ધોતી તથા ફેંટો પહેરેલા ગાંધીજી ગામડિયાની જેમ નોખા તરી આવતા હતા. પહેલા મેળાવડામાં તો અંગ્રેજી ભાષાના વર્ચસ્વને તોડી ગુજરાતીમાં જવાબ ન આપી શક્યા, પણ તે જ દિવસે ગોઠવાયેલા ગુજરાતી લોકોના સમારંભમાં તો આગ્રહપૂર્વક ગુજરાતીમાં જ બોલ્યા. ગુજરાતીને નામે એ સભામાં મહમદઅલી ઝીણા પણ હાજર હતા, જેમણે પોતાનું ટૂંકું અને મીઠું ભાષણ અંગ્રેજીમાં કરેલું. લાંબી મુદત સુધી ગેરહાજર રહેલો દેશબંધુ સ્વદેશ પાછો ફરીને તરત જ સુધારાઓ સૂચવવા માંડે તે બેહૂદું તો લાગે, પણ પોતાના જ દેશમાં પોતાના જ બાંધવો સમક્ષ માતૃભાષા છોડી પરભાષામાં

બોલવું તે તો તેમને તેથીય વધુ બેહૂદું લાગ્યું....

મુંબઈના તે વખતના ગવર્નર લૉર્ડ વિલિંગ્ડન સાથે પણ મુલાકાત ગોઠવાઈ ગઈ. ગવર્નરે કહ્યું, ''તમારી પાસેથી હું એક વચન માગું છું. સરકારને લગતું તમારે કોઈ પણ પગલું ભરવું હોય તો પ્રથમ તો પહેલાં તમે મને વાત કરો અને મળી જાઓ એમ હું ઈચ્છું.''

ત્યારે ગાંધી બોલ્યા, ''એક સત્યાગ્રહી તરીકે મારો એ નિયમ જ છે કે જો કોઈની સામે કંઈ પગલું ભરવું હોય તો પ્રથમ તેનું દષ્ટિબિંદુ સમજી લેવું ને જ્યાં લગી તેને અનુકૂળ થવાતું હોય ત્યાં લગી અનુકૂળ થવું. દક્ષિણ આફ્રિકામાં આ નિયમનું મેં હંમેશાં પાલન કર્યું છે, ને અહીં પણ તેમ જ કરવાનો. આ જ હતી ગાંધીજીની ખૂબી. કોઈનેય અન્યાય ન થાય તે જોવાની ખેવના અને સામેની વ્યક્તિ માટે ભરપૂર વિશ્વાસ.

એક વર્ષ સુધી ભારતદર્શન કરવાની આજ્ઞા આપીને તથા ગાંધીને પોતાના જ પરિવારમાં ભેળવી દઈને ગોખલેજી તો પૃથ્વી પરથી વિદાય થઈ ગયા. ગાંધીજી માટે આ અણધાર્યો આઘાત હતો. એક વર્ષ સુધી પગમાં જોડા ન પહેરવાનું નક્કી કરે છે. ભારત એટલે મુંબઈ, કલકત્તા, દિલ્હી નહીં, પણ ભારતનાં સાત લાખ ગામડાં. અને ભારતભરનો પ્રવાસ, એટલે પ્રથમ વર્ગમાં બેસીને આરામપૂર્વક થયેલી સહેલગાહ નહીં, પણ જે ગાડીમાં ડબ્બા ઉપરના છાપરે પણ લોકોની ઠઠ બેઠી હોય તેવી ભીડમાં ત્રીજા વર્ગની મુસાફરી ગાંધીજીએ કસ્તૂરબા સાથે કરી. ગાડીની ધક્કામુક્કી, મુસાફરોની ગંદકી, ભયંકર ગરમી અને રેલવે ખાતાની અરાજકતા !

૧૯૧૫માં હરદ્વારમાં કુંભમેળો હતો. મહાત્મા મુનશીરામજીને મળવાને નિમિત્તે ત્યાં પણ જવાનું થયું. મેળામાં યથાર્થ લોકદર્શન થયું. ૧૭ લાખ લોક ભેળું થયું હતું. કોઈ જ ફતવો નહીં, કોઈ જ નિમંત્રણ નહીં, નિવેદન નહીં, આયોજન નહીં! સ્વયં પ્રેરણાથી લોકો નદીના પ્રવાહની જેમ આવ્યે જ જતા હતા. સાધુઓનો તો જાણે રાફડો જ ફાટ્યો હતો. આ બધામાં ભોળી ભક્તિ, બેબાકળાપણું, ચંચળતા, ક્યાંક તો દંભપાખંડ પણ હતાં, પરંતુ ૧૭ લાખ લોકો પાખંડી ના હોઈ શકે, કોઈક પુણ્યની પ્રેરણાથી જ તકલીફ વેઠીને લોક આવ્યા હોય. છતાંય ત્યાં જે કાંઈ પાપ ચાલતું હોય તેના પ્રાયશ્ચિત્તરૂપે ગાંધીજી અહીં બે પ્રતિજ્ઞા લે છે: દિવસ દરમિયાન પાંચ વસ્તુઓ ઉપરાંત ભોજનમાં કશું ન લેવું તથા રાત્રિભોજન છોડી દેવું.

ગાંધીજી છેવટે ઉપાસક હતા લોકાત્માના. લોક એ જ એનો અંતિમ આરાધ્ય દેવતા હતો. તેણે પોતે કહ્યું છે કે, ''મૂંગા દરિદ્રનારાયણોના અંતરમાં વસતા પ્રભુ સિવાય બીજા ઈશ્વરને હું ઓળખતો નથી... અને હું એ જનતાની સેવા વાટે જ પરમેશ્વરને સત્યરૂપે કે સત્યને પરમેશ્વરરૂપે ભજું છું.'' તસુભર પણ લોકો ઊંચા ઊઠે એ જ એના જીવનની રાતદિવસની રટણા હતી. લોકોનાં સુખદુઃખ, પાપ-પુણ્ય એ સઘળાની જવાબદારીમાં પોતાની ભાગીદારી એણે માની લીધી હતી - અંતરના અવાજને અનુસરીને. ધીરે ધીરે આ જ રીતે ગાંધી 'સમાજપુરુષ', 'રાષ્ટ્રપુરુષ'રૂપે આકાર વધારતો ગયો અને ધીરે ધીરે જીવ્યો તોય સમાજના પાપ-પુણ્યનાં ફળ ભોગવતો અને મર્યો તોપણ સમાજનાં જ પાપ-પુણ્યના પ્રાયશ્ચિત્ત રૂપે.

ભારતમાં ક્યાં વસવું તે નક્કી કરવાનું આવ્યું. હવે તો હિંદ આખાની વકીલાત કરવાની હતી. શ્રદ્ધાનંદજીની માગણી હતી કે હરદ્વાર વસવું, કલકત્તાના મિત્રો વૈદ્યનાથધામનું કહેતા હતા, વતનના મિત્રો તો રાજકોટ માટે આગ્રહ સેવે તે સ્વાભાવિક જ હતું.... પણ ગુજરાતયાત્રા દરમિયાન અમદાવાદ જવાનું થયું ત્યારે ત્યાંના મિત્રોએ ખૂબ આગ્રહપૂર્વક અમદાવાદને રાષ્ટ્રવ્યાપી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવવા સૂચવ્યું. આશ્રમ માટેની જમીન, મકાન તથા અન્ય ખર્ચ ઉપાડી લેવાની પણ તૈયારી બતાવી. ગાંધીજીની પણ અમદાવાદ પર નજર ઠરી હતી તેમાં અન્ય અનેક કારણો ઉપરાંત એક કારણ આ પણ હતું કે અમદાવાદ પૂર્વે હાથવણાટનું મથક હતું અને ગાંધીજીના ચિત્તમાં ખાદી-વિચાર એ અંગ્રેજો સાથેની લડાઈનો પ્રાથમિક મોરચો બની રહ્યો હતો.

અને આશ્રમ શરૂ થયો. નામ નક્કી થયું - સત્યાગ્રહાશ્રમ. આ આફ્રિકા નહોતું, ભારત હતું. પહેલે જ કોળિયે કાંકરો બની 'આભડછેટ'નો પ્રશ્ન આવ્યો. પણ ગાંધીજી એમ નમતું શેના જોખે? એક અંત્યજ કુટુંબને આશ્રમમાં સામેલ કરવા આશ્રમમાંથી બીજા અનેક સાથીદારો સાથે સગાં બહેનને પણ વિદાય આપવી પડી, લોકો તરફથી મળતી મદદ પર પણ અવળી અસર પડી.... પણ બધાં અંતરાયો, વિઘ્નો, કષ્ટો એ 'સત્યના પ્રયોગો'નું ખાતર બની જતાં હતાં. બાપુનો આશ્રમ-પ્રયોગ એ પણ એક મહત્ત્વનું પ્રદાન છે.

ત્યારે તો એ હજી 'ગાંધીજી' છે, 'મહાત્મા'નું બિરુદ મળ્યું નથી. દેશમાં જુદે જુદે સ્થળે રેલગાડીમાં પહોંચવાનું છે. મુસાફરી એકલી જ કરવાની રહેતી એટલે જાતજાતના

અનુભવોમાંથી પસાર થવું પડતું. સરકારના જાસૂસ ખાતાને પણ હવે આ માણસથી ચેતવા જેવું લાગ્યું હતું એટલે સાદા કપડાંમાં કોઈ ને કોઈ જાસૂસ એમનો પીછો કરતો જ રહેતો. પણ ગાંધીજીની કાર્યશૈલીમાં ક્યાં કશી ગુપ્તતા હતી? ક્યાં કશું સંતાડવા જેવું પણ હતું? ખુલ્લંખુલ્લી, ચોખ્ખીચટ વાતો કરવી એ જ એની રીત હતી.

લખનૌમાં કૉંગ્રેસ મહાસભાનું અધિવેશન ભરાવાનું છે. ગાંધીજી પણ ત્યાં પહોંચે છે. સરદાર પટેલ, પં. મોતીલાલ, મૌલાના આઝાદ, કૃપાલાની, ઝીણા વગેરેનાં તીખાં તમતમતાં અને જોશીલાં ભાષણો થાય છે, પણ ગાંધીજી તો ભારત ફરીને આવ્યા છે. સાચું ભારત ક્યાં વસે છે અને કેવી હાડમારી ભોગવે છે તેનો તેમણે પ્રત્યક્ષ અનુભવ લીધો છે એટલે એ કહે છે:

''ભારતને સાચું સ્વરાજ્ય અપાવવું હશે તો આ દેશનાં સાત લાખ ગામડાં ખૂંદવાં પડશે. ખેડૂતોની સાથે ખેતરમાં પરસેવો પાડી તેમનાં સુખદુ:ખ સમજવાં પડશે. મોટાં મોટાં મહાનગરોમાં ફરતા રહી કેવળ ભાષણબાજીથી સ્વરાજ્ય નહીં આવે.'' કૉંગ્રેસના ખુલ્લા અધિવેશનમાં ગાંધીજીએ આ પડકાર કર્યો ત્યારથી બિહારનો એક ખેડૂત તેમને મળવા મથી રહ્યો છે.

એ ખેડૂત છે રાજકુમાર શુક્લ. ચંપારણનો વતની. ચંપારણ એટલે રાજા જનકની ભૂમિ. ત્યાંના આંબા વખણાય, તેટલી જ વખણાય ત્યાંની ગળી. ખેતરોમાં ગળીનું વાવેતર થાય, સાથોસાથ ખેડૂતોનાં હાડ-ચામ પણ ગળાય, કારણ કે વીસ કઠા (ગુંઠા) જમીનમાં ત્રણ કઠા જમીન પરનું વાવેતર જમીનના માલિકને આપી દેવું પડતું. એ માલિકો મોટે ભાગે અંગ્રેજ

લોકો. ગામડાંના હજારો-લાખો ગરીબો પાસે બીજો કોઈ ધંધો નહીં. મિલનું કાપડ આવી જવાને લીધે કાંતણ-વણાટના ધંધા પણ તૂટી પડેલા.

શુકલજી બરાબર ગાંધીજીની પાછળ પડી ગયા અને છેવટે એમને ચંપારણ લઈ જ ગયા. પોતાની ખાસ કોઈ વગ નહીં, ગાંધીજીને પણ સારી પેઠે અગવડો ભોગવવી પડે છે.

ભૂમિમાલિકોના મંત્રીઓને મળ્યા તો સાફસાફ જાકારો મળ્યો કે "તમે પરદેશી ગણાઓ. અમારી અને ખેડૂતો વચ્ચે આવવાની કશી જ જરૂર નથી." સરકારી કમિશનરે તો ધમકી આપી પ્રવાસ ત્યાંથી જ પૂરો કરી પાછા જવાનું કહ્યું. પરંતુ તે દરમિયાન બિહારના અગ્રગણ્ય નેતા વ્રજકિશોરબાબુ અને રાજેન્દ્રબાબુ ગાંધીજી સાથે જોડાઈ જાય છે અને બિહારમાં સ્વાતંત્ર્ય-સંગ્રામનું એક અનોખું પ્રકરણ શરૂ થાય છે.

જ્યાં જ્યાં ગાંધીજી જતા ત્યાં લોકોની હકડેઠઠ જામતી. સોય મૂકવા જેટલી જમીન પણ ખાલી ન દેખાતી. ગામેગામ ખબર પહોંચી ગયા હતા કે કોઈ ગરીબોનો બેલી આવી પહોંચ્યો છે. પહેલે જ દિવસે હજી હાથી પર બેસીને નજીકના ગામે જઈ રહ્યા હતા, ત્યાં સરકાર તરફથી નોટિસ મળી કે 'ચંપારણ છોડો.' તરત જ વળતો જવાબ લખી આપ્યો કે "હું આ દેશનો વાસી છું. હું ગમે ત્યાં હરીફરી શકું, માટે હું ચંપારણ છોડીશ નહીં. મારો કોઈ ગુનો હોય તો જણાવો." ઘડીભરમાં તો વાત બધે ફેલાઈ ગઈ અને ગાંધીજી જ્યાં જાય ત્યાં પાછળ ટોળાં ને ટોળાં. આ માણસ વિરોધ તો કરતો હતો, પણ એના વિરોધમાં ક્યાંય ધૃષ્ટતા, તોછડાઈ કે અવિનય નહોતો, એનો વિરોધ પણ વિવેકી

વિરોધ હતો, એટલે સરકારી અમલદારો પણ એમના વ્યક્તિત્વથી અંજાઈ જતા.

સાવ હિમાલયની તળેટીમાં નેપાળની નજીક આવેલો આ ચંપારણ પ્રદેશ. મોહનદાસ ગાંધીને અહીં કોણ ઓળખે? અહીં કોઈ મહાસભાને પણ ઓળખતું નહોતું. વ્રજકિશોરબાબુ કે રાજેન્દ્રબાબુ પણ અહીં એટલા જ પરાયા હતા. અહીં કામ કરવાનું હતું તો કેવળ ભગવાનના નામે. અને ગાંધીને તો એના પ્રભુના નામનો જ મોટો સધિયારો હતો. દક્ષિણ આફ્રિકામાં નાનકડી પ્રયોગશાળામાં થયેલા પ્રયોગો હવે મોટા ક્ષેત્રમાં અજમાવવાના હતા.

ચંપારણની અદાલતમાં મુકદ્દમો ચાલવાનો છે. વાયુવેગે વાત ફેલાઈ ગઈ છે. પટણા, મુંબઈ, દિલ્હી, કલકત્તાના પત્રકારો અદાલતમાં હાજર થઈ ગયા છે. સરકારી વકીલ, મેજિસ્ટ્રેટની મૂંઝવણનો કોઈ પાર નથી. ગાંધીને પકડ્યા તો છે, પણ કયા ગુનાસર ? જગતને જણાવવું મુશ્કેલ છે. અને આ માણસ એવો છે એટલે દુનિયાને ખબર તો પડે જ. એટલે સુનાવણી મોકૂફ રાખવાની વાત આવે છે, પણ ત્યાં જ ગાંધી પોતાનું નિવેદન રજૂ કરે છે, ''સરકારની મુશ્કેલી હું સમજું છું, કાયદાને મારે પણ માન આપવું જોઈએ, પણ તેથી જેમને માટે હું અહીં સુધી પહોંચ્યો છું તેમના પ્રત્યેના મારા કર્તવ્યમાં આઘાત પહોંચે એટલે હું ચંપારણ છોડી શકું તેમ નથી. માટે હુકમના અનાદરની જે કાંઈ સજા થાય તે હું સહી લેવા તૈયાર છું, કારણ કે મારું અંતર આ કાયદાથી પણ વધારે મોટો એવો એક કાયદો સ્વીકારે છે. માટે મને જે સજા કરવી હોય તે જાહેર કરો.''

કેસની સુનાવણી તો ન જ થઈ, પણ પાછળથી સજા સાંભળવા જવાની મુદત આવીને ઊભી રહે તે પહેલાં તો ગવર્નરસાહેબનો ઉપરથી હુકમ આવી ગયો કે કેસ પાછો ખેંચી લો અને મિ. ગાંધીને એમની તપાસમાં જે કાંઈ મદદ જોઈએ તે કરો. આ બધી હિલચાલથી જમીનના માલિકો ચિડાય, ગભરાય તે સ્વાભાવિક છે અને એમના રોષનો ભોગ છેવટે તો રાંકડી રૈયત જ બને ! ગાંધીજી લોકોની નાડ પારખતા હતા એટલે પત્રકારોને એમણે દૂર જ રાખ્યા. છતાંય આખા ભારતમાં વાત તો ફેલાઈ જ ગઈ ! ભારતને ગાંધી તરફથી મળેલો સવિનય કાનૂનભંગ તથા સત્યાગ્રહનો આ પ્રથમ પાઠ !

ચંપારણ ગયા હતા અન્યાય-નિવારણ માટે, પણ જોયું કે બિહાર એટલે નરી ગરીબાઈ, નરી અછત, નર્યું અજ્ઞાન ! અને ગાંધીનું કામ કદી એકાંગી તો હતું જ નહીં ! આફ્રિકામાંય પ્રશ્ન હતો મતાધિકારનો, પણ જાજરૂ-સફાઈથી માંડીને રક્તપિત્તિયાંના ઘા ધોવાનું કામ એણે કર્યું અને સાથીદારો પાસે કરાવ્યું. અહીં પણ એણે પોતાની સેના બોલાવી. નરહરિભાઈ અને મહાદેવભાઈ તો આવ્યા જ, પણ તેમનાં પત્ની મણિબહેન અને દુર્ગાબહેન પણ આવ્યાં. પશ્ચિમનાં પંખી પૂર્વમાં ભૂલાં પડ્યાં. ગામેગામ શાળા ! બાળકોને નવડાવવાં-ધોવડાવવાં અને સારા સંસ્કાર સીંચતાં સીંચતાં જે 'क ख ग' શિખવાડાય તે શીખવવા.

આ જ પ્રદેશની વાત છે. કસ્તૂરબા તો આ યજ્ઞમાં પતિની સાથે હોય જ ને ! 'ભીતિહરવા' નામના નાનકડા ગામની બહેનોનાં કપડાં બેહદ ગંદાં ! ધૂળધોયાં ! મૂળ રંગ જ પરખાય ના ! ગાંધીજીએ બાને કહ્યું, ''તું એમને કપડાં ધોવાનું તો

સમજાવ.'' બાએ બહેનો પાસે વાત મૂકી. એક બહેન બાને પોતાની ઝૂંપડીમાં લઈ ગઈ. કહે, ''જુઓ, અમારી આ ઝૂંપડીમાં છે કોઈ કબાટ-પેટી કે ખોખું! આ શરીર ઉપર વીંટાળેલ છે તે જ એક લૂગડું છે મારી પાસે! કહો એને હું કેમ ધોઉં? મહાત્માજીને કહો કે તે અમને કપડાં અપાવે તો હું રોજ નહાવા અને કપડાં બદલવા તૈયાર થઈશ!''

'મહાત્મા'ને કાને વાત નંખાય છે અને પ્રત્યેક ભારતવાસી પાસે કપડાં તો જ્યારે પહોંચાડાય ત્યારે ખરાં, પણ એના માથાનો ફેંટો અને વળી ખભાનું ઉપરણું, શરીર ઉપરનું કસદાર પહેરણ અને કેડ ઉપરનું લાંબું ધોતિયું.... આ બધું સરી પડે છે... સાપ કાંચળી ઉતારે તેમ બધું જ ખરી પડે છે અને કમરે વીંટાય છે એક પોતડી, જે જોઈને લંડનનો ચર્ચિલ બોલી ઊઠેલો, ''ભારતનો અર્ધનગ્ન ફકીર!'' લોકહૃદય પણ સંતહૃદયની આત્મીયતાને પારખી જાય છે અને ભાવનાભીનું બિહાર મોહનદાસ કરમચંદ ગાંધીને બિરુદ આપે છે – 'મહાત્મા ગાંધી'!

મથવું તો ખૂબ પડે છે, પણ છેવટે સત્ય જીતે છે. સર એડવર્ડ ગેઈટના કુશળતાભર્યા સંનિષ્ઠ પ્રયાસોને લીધે છેવટે તીનકઠિયાનો કાયદો તૂટે છે અને એ સાથે નીલવર રાજ્યનો અંત આવે છે. ચંપારણની રૈયતના ચહેરા ઉપર આત્મવિશ્વાસનું એક અનોખું તેજ ફેલાય છે અને તેમના હૈયા ઉપર બેસી ગયેલો ગળીનો અમીટ ડાઘ ભૂંસાય છે — 'મહાત્મા'ના પ્રતાપે!

ચંપારણનો સત્યાગ્રહ ગાંધીજીના ભારતના કાર્યનું સુંદર મથાળું બાંધી આપે છે. ગાંધીજીના મનમાં તો સત્યાગ્રહની સાથે

અભિન્નપણે જોડાયેલાં રચનાત્મક કાર્યને પણ નિશ્ચિંત રૂપરેખા આપવાનું ચાલી રહ્યું હતું, પરંતુ દેશ ગાંધીજીને એક ઠામે સ્થિર થવા દે એવી પરિસ્થિતિ જ નહોતી. ઠેર ઠેર અન્યાય પ્રતિકારના મુદ્દા પોતાનાં માથાં ઊંચકી રહ્યા હતા અને વહારે ધાવા ગાંધીજીને બોલાવી રહ્યા હતા. આઝાદ થવા માટેની પહેલી શરત હતી કે દેશવાસીઓ સુસજ્જ થાય — અન્યાય સામે લડવા. ગાંધી-સેનાની લડાઈનાં હથિયાર હતાં — સત્ય અને અહિંસા. ચારે તરફથી 'ગાંધી'ના નામના પુકારો થયા.

## ૫. સત્યાગ્રહ — અહિંસાનું શસ્ત્ર

અન્યાયની સામે લડવા તથા પોતાને લાગતા સત્યને અનુસરવા ગાંધીજીએ આફ્રિકામાં જે કાર્યપદ્ધતિ અપનાવી હતી તેને કાંઈક નામ આપવાની જરૂર ત્યાં જ લાગી હતી. ગાંધીજીના જીવનની જ આ ખૂબી છે. પહેલાં કૃતિ જન્મે છે અને પછી એનું નામ પડાય છે, બાળકના જન્મની જેમ સ્તો ! કૃતિ જ્યારે આકાર પકડે છે ત્યારે તેનું કોઈ શાસ્ત્ર નથી, આયોજન નથી, પૂર્વવિચારણા નથી. છે કેવળ અંતઃસ્ફુરણા. અંદરથી અવાજ આવે છે અને ગાંધી એને અનુસરે છે.

શરૂશરૂમાં આફ્રિકાની ગાંધી-કાર્ય-પ્રણાલીને સૌ Passive Resistance નામે ઓળખવા લાગે છે, પણ ગોરાઓની સભામાં આ પદ્ધતિને નબળાના હથિયાર તરીકે ખપાવવામાં આવે છે. વળી તેમાં દ્વેષ અને હિંસા પણ હોઈ શકે તેવી સંભાવના દેખાડવામાં આવે છે, ત્યારે ગાંધીજીને લાગે છે કે

મારી લડતમાં નથી નબળાઈ, નથી દ્વેષ, નથી હિંસા! બલ્કે આ પદ્ધતિમાં તો હૃદય સામેની વ્યક્તિ માટે પ્રેમથી છલકાતું હોય, તો જ એને ન્યાય મળે, યશ મળે. સ્થૂળ હિંસાનો તો પ્રશ્ન જ નહીં, સામાવાળાનું લેશમાત્ર અહિત ન થાય તેની સંપૂર્ણ કાળજી એ આ પદ્ધતિનું અનિવાર્ય અંગ હતું.

આ બધી બાબતો કોઈ એક શબ્દ ઇંગિત કરે તેવી શોધ ચાલુ હતી. કશું જડતું નથી એટલે છેવટે 'ઇન્ડિયન ઓપીનિયન'ના વાચકો સમક્ષ ઇનામ જાહેર કરી સૂચનો મંગાવે છે. મગનલાલ ગાંધી આ હરીફાઈ જીતે છે અને શબ્દ આપે છે: સદાગ્રહ, સત્ + આગ્રહની સંધિ. ગાંધીજી આને જ થોડું સુધારીને 'સત્યાગ્રહ' શબ્દ અપનાવે છે.

જોકે ગાંધીજીની જે પદ્ધતિ છે તેનો પૂર્ણ આશય 'સત્યાગ્રહ' શબ્દમાં પ્રગટ થતો નથી. સ્વરાજ્ય પછી ઠેર ઠેર થતા રહેલા સત્યાગ્રહોમાં તો કેવળ આગ્રહ જ દેખાય છે, સત્યને તો તેમાં દીવો લઈ શોધવા જવું પડે તેમ હોય છે. કેવળ સત્ય જ સત્યનો આગ્રહ કરે એટલી અનાગ્રહવૃત્તિ સત્યાગ્રહીઓમાં દેખાતી નથી. પરિણામે ગાંધીજીના નામે ચડેલો 'સત્યાગ્રહ' એ આજે જાણે સંશોધનનો વિષય થઈ પડ્યો છે.

દક્ષિણ આફ્રિકામાં અજમાવાયેલું સત્યાગ્રહનું આ સાધન ભારતની આઝાદીની લડાઈનું મહત્ત્વનું સાધન બની જાય છે. ચંપારણનો સત્યાગ્રહ હજી અડધે રસ્તે હતો, ત્યાં અમદાવાદમાં મિલમજૂરોનો પ્રશ્ન ઊભો થાય છે, જેમાં અનસૂયાબહેન પોતાના સગા ભાઈ સામે સત્યાગ્રહનો ઝંડો લઈને ઊભાં રહે છે. આ સત્યાગ્રહમાં એક તબક્કે મહાત્માજીને ત્રણ દિવસના

ઉપવાસ પણ કરવા પડે છે, પરંતુ છેવટે સત્યનો વિજય થાય છે.

આને અનુસરતો આવી પડે છે ખેડાનો સત્યાગ્રહ, જેના પરિણામે નવા નવા સેવકો સાંપડે છે અને જીવનના નવા જ પાઠ તેઓ ભણે છે. વિનય એ સત્યાગ્રહનો કઠણમાં કઠણ અંશ છે. વિનય એટલે બાપુના શબ્દોમાં ''વિરોધી પ્રત્યે પણ મનમાં આદર, સરળ ભાવ, તેના હિતની ઈચ્છા અને તદનુસાર વર્તન !'' — પણ જુવાનિયાઓને તો જોશ જોઈએ અને જોશ તો ત્યારે આવે જ્યારે વિરોધીને નીચા પાડવાનું હોય ! માનવમાત્રની આ નબળી મનોવૃત્તિમાંથી છૂટવું એ કાંઈ સહેલી બાબત નહોતી. પણ ગાંધીજીની આ શાળાના સૌ નવા નિશાળિયા બનીને જીવનઘડતરના પાયાના પાઠ શીખવા માંડ્યા. જીવન પણ ઘડાય, દેશ પણ ઘડાય અને વિરોધી વિદેશી સત્તા પણ ઘડાય. આવી અનોખી સામગ્રીને પેટમાં સંઘરીને આ સત્યાગ્રહપદ્ધતિ ઊતરી આવી હતી.

આ લડતનો અંત તો પૂર્ણ સમાધાન કરે તેવો ન આવ્યો, પણ આથી ગુજરાતના પ્રજાજીવનમાં નવું તેજ આવ્યું, નવો ઉત્સાહ રેડાયો. આત્મશક્તિનું સૌને ભાન થયું. અને પછી તો ભારતભૂમિ પર સત્યાગ્રહોની પરંપરા ઊતરી. 'કાળા કાયદા'ને નામે જાણીતા થયેલા રોલેટ ઍક્ટનો વિરોધ, બારડોલીનો સત્યાગ્રહ, દાંડીનો નમક-સત્યાગ્રહ, વ્યક્તિગત સત્યાગ્રહ — બધાની વિગતોમાં જવું અશક્ય છે, પણ ગાંધીજીના જીવનની એકેએક ક્ષણ એટલે ભારતના જાહેર જીવનની શાળાનો જાણે એકેક વર્ગ બની ગયેલો. ઘણી અજાણી ક્ષિતિજો ખોલી આપી આ મનુષ્યે. કાશ્મીરથી માંડી

કન્યાકુમારી સુધી અને આસામથી માંડી દ્વારકા સુધી સત્યાગ્રહની હવા ફેલાઈ ચૂકી હતી. ખૂબી એ હતી કે જે ક્ષણે લાગ્યું કે લડતમાં સત્ય ચુકાઈ રહ્યું છે, તે જ ક્ષણે અપમાનની દરકાર કર્યા સિવાય આ માણસે પોતાના સત્યાગ્રહને પાછો ખેંચી લીધો અને પોતાની ભૂલને 'પહાડ જેવડી ભૂલ' તરીકે સ્વીકારી લેવામાં પાછી પાની ના કરી. એ ખુલ્લા મનના સત્યશોધક હતા. જે ક્ષણે જે સત્ય સમજાતું તેને અમલમાં મૂકવું એ જ હતો એમનો જીવનધર્મ.

સરકાર પણ હવે ચેતી ગઈ છે. એની દમનનીતિનો દોર વધારે આકરો બનતો જાય છે. ભારત જેટલા વિશાળ દેશની બધી જ ગતિવિધિને પોતાના કહ્યામાં રાખી શકે તેટલો સમય પણ ગાંધીજીને મળ્યો નથી. એટલે ક્યાંક હિંસા થાય છે, ક્યાંક સત્ય હણાય છે અને સરકાર ખુશી થાય છે કે ચાલો, ગાંધીને મારવા એક મહેણું તો મળ્યું ! રૉલેટ ઍક્ટના વિરોધ દરમિયાન આખા ભારતમાં હડતાળ પડે છે, સરકાર તરફથી દમન થાય છે ત્યારે સરકાર શોધે છે કે દમનના વિરોધમાંય કોઈ થોડીઘણી હિંસાનો આશરો લે છે કે નહીં ? લોકો સ્વભાવે શાંતિપ્રિય છે, એ વાત ગાંધી સાબિત કરવા માગે છે. પણ હંમેશાં ધાર્યું થતું નથી. કાયદાનો સવિનયભંગ એ જ માણસ કરી શકે જે અન્ય કાયદાઓને વિનયપૂર્વક સ્વેચ્છાએ માન આપતો હોય. લોકોના પક્ષે એક નાનકડી ભૂલ અને સરકાર પૂરી સેના સાથે એના પર તૂટી પડે. પંજાબમાં આ નીતિનું પાશવી સ્વરૂપ પ્રગટ થયું. લશ્કરી સિપાઈઓએ 'માર્શલ લૉ' જાહેર કરી નિર્દોષ લોકોને કીડાની જેમ પેટે ચલાવ્યા અને જલિયાંવાલા બાગની નૃશંસ

હત્યા એ તો અંગ્રેજોના ઈતિહાસની કદી ન ભૂંસાય તેવી કાયમની કાળી ટીલી બની ગઈ. હજારો નિઃશસ્ત્ર સ્ત્રી-પુરુષો પર કશી જ પૂર્વસૂચના કે નાસી છૂટવાની ચેતવણી આપ્યા સિવાય જનરલ ડાયરે ગોળીઓની જે મૃત્યુવર્ષા કરી તે તો બ્રિટિશ સત્તાધારીઓ માટે પણ અસહ્ય થઈ પડ્યું. દશ મિનિટ સુધી એકધારી ચાલેલી સેંકડો બંદૂકે એ બાગમાં હાજર તેવા સેંકડો લોકોના પ્રાણ લીધા.

પણ ગાંધીજી માટે તો જીવવું આકરું થઈ પડે તેવી આ પરિસ્થિતિ હતી. ''મારા શબ્દ પર લોકો પોતાના જીવનને જોખમમાં મૂકે છે, હું એમને ગેરરસ્તે તો દોરતો નથી ને ?'' — પંજાબમાં રેડાયેલા લોહીનું બુંદેબુંદ જાણે ગાંધીના રોમેરોમમાંથી ટપકી રહ્યું છે. અસહ્ય છે મનોવેદના ! એ પંજાબ જવા તરફડે છે, પણ સરકાર તરફથી પરવાનગી નથી મળતી. પંજાબની નાદિરશાહીના સમાચાર રોજેરોજ આવતા જાય છે, પંજાબના કેટલાક લોકો પણ ગાંધીજી પર ઉશ્કેરાયા છે. રોજેરોજ ધમકીના પત્રો પણ મળે છે. છેવટે પંજાબ જાય છે અને તપસ્વીનું તપ શીતળ ધારાનું કામ કરે છે.

પંજાબના નિર્દોષ નાગરિકોનું રેડાયેલું લોહી દેશ આખાને બેઠો કરી દેવા ખાતરનું કામ કરે છે. બ્રિટિશ રાજ્યનો ઠેર ઠેર વિરોધ થાય છે. અંગ્રેજો પણ થોડા સાવધાન થઈ જાય છે. ધીરે ધીરે વાતાવરણ જોર પકડતું જાય છે. લોકમાન્ય ટિળક, ચિત્તરંજન દાસ, લાલા લાજપતરાય, પં. માલવિયાજી, પં. મોતીલાલજી, મૌલાના શૌકતઅલીને પણ હવે ગાંધીજીની શક્તિનો ઉપયોગ કોંગ્રેસને થાય તેવું કરવામાં રસ હતો. ૧૯૨૦માં સ્વરાજ્ય માટે સમગ્ર દેશની 'અસહકારની લડત'

જાહેર થાય તે માટે કૉંગ્રેસનું સંમેલન પણ બોલાવાયું. 'અહિંસક લડત' શબ્દ તો એ લોકોને ખૂબ દૂરનો લાગ્યો એટલે છેવટે 'શાંતિમય અને વાજબી સાધનો' દ્વારા અસહકારની લડત ચલાવવાનું નક્કી થાય છે. હિંદુ-મુસ્લિમએકતા, અસ્પૃશ્યતાનિવારણ, રાષ્ટ્રીય કેળવણી તથા ખાદીના કાર્યક્રમોને પણ મહાસભાએ મુખ્ય કાર્યક્રમ તરીકે જાહેર કર્યા.

પરંતુ હવે ટિળક, દેશબંધુ વગેરે વડીલ ગુરુજનો એક પછી એક વિદાય લે છે અને સ્વરાજ્ય આંદોલનના મુખ્ય સૂત્રધાર તરીકે તખ્તા ઉપર ગાંધીજી પ્રવેશે છે. એટલામાં જ સમાચાર આવે છે કે ઇંગ્લંડનો પાટવીકુંવર હિંદની મુલાકાતે આવે છે. લોકો એમની સભાનો સદંતર બહિષ્કાર કરે છે, એટલું જ નહીં તે જ સમયે પરદેશી મિલના કાપડની હોળી સળગાવી સ્વદેશી આંદોલન જાહેર કરે છે. બ્રિટિશરો માટે આ મોટો ફટકો હતો. પરંતુ આ જ વખતે અમદાવાદમાં હુલ્લડ ફાટી નીકળે છે, જેમણે કુંવરનું સ્વાગત કર્યું, તેમને માર પડ્યો. ગાંધીજી તેમને સમજાવતા હતા, તે જ વખતે એક સરઘસ ઉપર પોલીસે ગોળીબાર કર્યો એટલે તો ચારે તરફ હો હા મચી ગઈ અને ઠેર ઠેર હુલ્લડો ફાટી નીકળ્યાં.... છેવટે બાપુને ઉપવાસ કરવા પડે છે, ત્યારે જ ઉશ્કેરાયેલાં ટોળાં શાંત થાય છે.

પરદેશી માલના બહિષ્કારનું આંદોલન ઠેર ઠેર ચાલ્યું. બધા મોટા નેતાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવાય છે. પાછળથી ગાંધીજીને પણ છ વર્ષની જેલ થાય છે. આ વખતે પણ તેઓ યરવડા જેલના મહેમાન બને છે.

ખાદી, હરિજન સેવાનાં કાર્યો પણ ઠેર ઠેર ઉપાડાય છે.

અસ્પૃશ્યતાના પ્રશ્ન પર ત્રાવણકોરમાં સત્યાગ્રહ થાય છે. બારડોલી તથા દાંડીનો નમક-સત્યાગ્રહ પણ થાય છે. પરિણામે વળી પાછી આઠ મહિનાની સજા થાય છે. છૂટે છે ત્યારે ઇંગ્લંડની ગોળમેજી પરિષદમાં કાંઈક સમાધાન પર આવવાની વાટાઘાટો કરવા ગાંધીજીને નિમંત્રણ મળે છે. ગાંધીજી તો પોતાની પોતડીમાં જ લંડન પહોંચે છે, એ જોઈ ચર્ચિલ એમને 'ભારતનો અર્ધનગ્ન ફકીર' કહી મુલાકાત આપવાની ના પાડી દે છે. એ પરિષદમાં ગાંધીજી સ્પષ્ટ છતાં વિનયી શબ્દોમાં કહે છે કે, ''અંગ્રેજો હિંદને ઇંગ્લંડના જેવો જ સ્વતંત્ર ગણે અને પોતાના સરખા ગણાતા દેશો સાથે જેવો વ્યવહાર કરે છે તેવો જ હિંદ સાથે કરે. હું સ્વરાજ્યની માગણી કરું છું, કારણ કે તે વિના હિંદુસ્તાનના ગરીબોનો ઉદ્ધાર થવાનો નથી એવી મને ખાતરી થઈ ગઈ છે.''

વાટાઘાટો નિષ્ફળ જાય છે. દેશ પાછા ફરે છે તો પંડિત જવાહરલાલ, સરદાર, બાદશાહખાં જેવા તમામ લોકપ્રિય નેતાઓ ઉપરાંત દેશભરમાં નેવું હજાર જેટલા લોકોને જેલમાં પૂરવામાં આવ્યા હતા. ગાંધીજીની પણ ધરપકડ થાય છે. ૧૯૪૦ની સાલ સુધી આવા અનેક સત્યાગ્રહો અને જેલ ભરાયાના કાર્યક્રમો ચાલે છે. ૧૯૪૦ના વ્યક્તિગત સત્યાગ્રહમાં પ્રથમ સત્યાગ્રહી તરીકે વિનોબાજીને પસંદ કરે છે અને પછી હજારો લોકો તે સત્યાગ્રહમાં જોડાય છે.

તે દરમિયાન ઇંગ્લંડ અને જર્મની વચ્ચે લડાઈ સળગી ઊઠે છે. અંગ્રેજો નેતાઓની સંમતિ લીધા વગર આપણા દેશનો માલ તથા સિપાઈઓને યુદ્ધક્ષેત્ર પર મોકલી આપે છે. ગાંધીજી હિટલર પર

પત્ર પણ લખે છે કે તમે પણ અમારી જેમ અહિંસક રીતે લડો. પરંતુ વાઈસરૉયે આ પત્ર હિટલર સુધી પહોંચવા ન દીધો. ખબર નથી કે એ પહોંચ્યો હોત તો એનો હૃદયપલટો થયો હોત કે નહીં. પણ યુદ્ધમાં ભાગીદારી ન નોંધાવવા બદલ અંગ્રેજ સત્તા ચિડાયેલી હતી. ભારતના ભોગે આ લડાઈ પૂરજોશમાં ચાલતી હતી ત્યાં જાપાને અમેરિકા અને ત્યાર પછી રંગૂન પર હુમલા કર્યાના સમાચાર આવ્યા. આપણા દેશને અંગ્રેજો આઝાદ ન કરે તો મહાયુદ્ધમાં અંગ્રેજોને મદદ ન કરવાનો ગાંધીજીનો નિર્ણય હતો, પણ જોયું કે મહાયુદ્ધના ભડકા હિંદનો સર્વનાશ કરી રહ્યા હતા. આથી અસહકારના આંદોલન પછી ૧૯૪૨માં ગાંધીજી છેવટે અંગ્રેજોને 'હિંદ છોડો'નું આવાહન આપે છે અને સમગ્ર ભારતમાં એનો જોરદાર અણધાર્યો પ્રત્યુત્તર મળે છે.

'હિંદ છોડો' આંદોલન દરમિયાન દેશમાં સારી પેઠે હિંસક પ્રવૃત્તિઓ પણ થાય છે. રેલના પાટા ઉખાડવામાં આવ્યા, ટેલિફોનના તાર કાપવામાં આવ્યા, ખૂનખરાબી પણ સારી પેઠે થઈ. ભૂગર્ભ-પ્રવૃત્તિઓ પણ થઈ. ગાંધીજી સહિત સૌ અગ્રગણ્ય નેતાઓ તો જેલમાં પહેલેથી જ ધકેલાઈ ગયા હતા. પરિસ્થિતિ કોણ સંભાળે ? સરકારે તો બધાં તોફાનોનો ટોપલો ગાંધી પર ઢોળ્યો. ગાંધીજીએ કેટલાક નેતાઓને છોડવાની વાત મૂકી પણ સરકારે તે ન સ્વીકારી, પરિણામે ૨૧ દિવસના ઉપવાસ ફરી આવી પડ્યા ! આ વખતે ગાંધીજી યરવડા જેલમાં હતા. '૪૨ના 'હિંદ છોડો' આંદોલનમાં થયેલાં હિંસક તોફાનોથી બાપુ જાણે સળગતી ચિતા ઉપર બેસી ગયા હતા, તો બીજી બાજુ લંડનની મહાસત્તા પણ ભારતનો જાગેલો લોકજુવાળ જોઈ

અંદરથી થોડી સમસમી ગઈ હતી. એને થયું કે હવે સત્તાના હસ્તાંતરની વાત કહેવી જ પડશે, પછી ભલે અમલ થોડો વહેલોમોડો થાય.

## ૬. પ્રભુતાને ઉછેરતું જેલજીવન

ભારતમાતાના સપૂતો માટે 'જેલ' એ કોઈ વિશિષ્ટ સ્થાન લાગે છે. ભારતનો લાડકવાયો કૃષ્ણ જન્મે છે જ જેલમાં, ભારતના મહાયોગી શ્રી અરવિન્દને કૃષ્ણસાક્ષાત્કાર થાય છે જેલમાં, વિનોબાજીનાં ગીતા ઉપરનાં ઉત્તમ પ્રવચનોનું જન્મ-સ્થાન પણ છે જેલ ! કોણ જાણે આ જેલનું હવામાન જ કાંઈક એવું અનોખું અને આકર્ષક હશે તે યુગે યુગે સો ટચના સોના જેવા માણસોને ખેંચી લઈ સુવર્ણચુંબક સિદ્ધ થતી હશે !

બાપુના જીવનમાં તો જેલનિવાસ એ જાણે જીવનનું અભિન્ન અંગ બનીને આવે છે. હજી તો જાહેર જીવનમાં પા પા પગલી થઈ છે ત્યાં દક્ષિણ આફ્રિકામાં પુરસ્કાર મળે છે આ જેલજીવનનો. ત્યારે તો હજી નથી બન્યા મહાત્મા કે નથી બન્યા ગાંધીજી. હજુ તો છે માત્ર મોહનદાસ કરમચંદ ગાંધી. આફ્રિકાના સત્તાધારીઓ માટે તો કેવળ 'કુલી', માત્ર 'સામી'.

વાહ રે ! કેવું મજાનું સ્વાગત ! સૌ પહેલાં વજન લીધું, આંગળાંની છાપ લીધી અને પછી શરીર પરનાં તમામ કપડાં ઊતરાવ્યાં. પછી ભેટમાં મળ્યો જેલનો પોશાક. કાળું પાટલૂન, ખમીસ, જાકીટ, ટોપી અને વળી મોજાં. કપડાં ઉપર 'N' એટલે કે Native(કાળા લોકો)ની છાપ મારી આપી.

પેશાબ-સંડાસ-સ્નાન બધું સમૂહમાં, જાહેરમાં જ કરવાનું ! સૂવા માટે ત્રણ ઇંચના પાયાવાળા પાટિયાની પથારી, જણ દીઠ બે કામળી અને એક નાનું ઓશીકું. જમવામાં સવારે બાર ઔંસ મકાઈના આટાની રાબ ખાંડ-ઘી વગરનું. બપોરે ચાર ઔંસ ભાત ને એક ઔંસ ઘી, સાંજે બાર ઔંસ રાબ અને મીઠું.

સજામાં મજૂરી પણ હતી. ખોદવાનું કામ સોંપેલું. જમીન ઘણી કઠણ. માથે તાપ, દોઢ માઈલ દૂર ખોદવા જવાનું. દરોગો તો 'ચલાવો, જોશથી ચલાવો'ના હુકમો છોડતો જાય, પણ અહીં તો હાથમાં ફોલ્લા પડ્યા, તેમાંથી પાણી પણ નીકળ્યાં. એક ગુજરાતી ઝીણાભાઈ તો બેભાન થઈને પડ્યા. બધા માટે નવો અનુભવ હતો. પણ સત્યને ખાતર સહી લેવાનું હતું. બે મહિના થયા ત્યાં તો વળી જેલ બદલાઈ. જોહાનિસબર્ગ જેલની કોટડીમાં જઈને જોયું તો સાથે કાફરા તથા ચીના જંગલી, ખૂની અને દુરાચારી કેદી ! થોડી વાર બંનેએ ગાંધીજી સમક્ષ ચેનચાળા કરી જોયા પણ ફાવ્યા નહીં એટલે એકબીજા સાથે ગંદાં અડપલાં કરી એકબીજાની ભૂંડી મશ્કરી કરવા લાગ્યા. ગાંધીજી પાસે તો ભગવદ્‌ગીતા હતી ! લઈને બેસી ગયા. દુઃખમાં મા ના સંઘરે તો બીજું કોણ સંઘરે?

સૂવાનું તો ઠીક, પણ સંડાસ બેઠા હોય ત્યારેય ભયંકર કાફરો આવીને અધવચ્ચેથી ઉઠાડે ! ના ઊઠે તો ઊંચકીને પટકે ભોંય પર ! પેટ સાફ ન આવે તો વળી તબિયત બગડે !...પણ સુખદુઃખ સમાન કરવાની તક આવી બીજે ક્યાં મળે? મોહનદાસ તો કેળવાતા જાય છે.

આ છે ૧૯૦૯ની જેલ. ત્રીજો અનુભવ. પ્રિટોરિયા જવાનું

હતું. વરસાદ પડતો હતો, રસ્તો ખરાબ અને તેમાં પોતાની પોટલી પોતે જ ઊંચકવાની ! બૅરિસ્ટરસાહેબ માથે પોટકી મૂકી સ્વસ્થાને પહોંચે છે. પેલો દરોગો પૂછે છે, ''તું ગાંધીનો દીકરો છું ?''

''ના, મારો દીકરો તો વોકસરસ્ટની જેલમાં છે.'' કોટડીમાં પૂરે છે, થોડી વારે કાણામાં મોં ઘાલી બરાડે છે, ''એય ગાંધી, તું આંટા ન માર; મારી ભોંય બગડે છે !''

''સારું ભાઈ !'' ગાંધી ખૂણે જઈને ઊભો રહે છે. અગિયાર વાગ્યે ડેપ્યુટી ગવર્નર આવે છે. ''મારે ચોપડીઓ જોઈએ છે.''

''વિચારીશું.''

''સ્ત્રી માંદી છે, પત્ર લખવો છે.'' — પત્ર લખાયો ગુજરાતીમાં. શેરા સાથે પાછો આવ્યો — અંગ્રેજીમાં લખો. ''પણ એને અંગ્રેજી આવડતું નથી.''

''એ નહીં ચાલે.'' — અંગ્રેજી તો પરભાષા, એના કરતાં પત્ર ના લખવો જ સારો !

''બેસવા માટે એક બાંકડો આપો'' — વળી એક માગ.

''એ નહીં મળે.''

સત્યાગ્રહીએ અંગ્રેજીમાં તો પત્ર ના જ લખ્યો. બપોરનું ખાવાનું કોટડીમાં ઊભાઊભ પતાવવું પડ્યું.

''નાહવું છે.''

''જો, ત્યાં જા. (સવાસો ફૂટ દૂર) પણ જો, કપડાં ઉતારીને જજે....''

''પણ એવું શા માટે ? પડદા પર કપડાં દેખાય તેમ રાખીશ.''

''વારુ જા, વખત ન લગાડતો.''....

હજુ તો શરીર લુછાય છે, ત્યાં ''એય ગાંધી, કેટલી વાર ?''....રાડ પડે છે.

જાજરૂ જાય તોય દરોગો બહાર વાટ જુએ ''સામ, હવે નીકળ !'' સામને તો બિચારાને ખાસ્સો સમય લાગે, પણ શું થાય ? રાત્રે સૂવા માટે દોઢ કામળા અને કાથાની ચટાઈ !....કામ મળ્યું તો ભોંય લૂછ્યા કરવાની અને દરવાજા ઘસ્યા કરવાના. વળી દશ દિવસ પછી બે ફાટેલી કામળીને સાંધીને એક કરવાનું. આખો દિવસ ટટાર બેસી કમર રહી જાય.... દુ:ખો, કષ્ટો તો પાર વગરનાં છે પણ આ તો કહે છે, ''સત્યાગ્રહીને હંમેશાં ઈશ્વરની સહાય હોય છે. એ સહન કરી શકે તેટલો જ બોજો જગતનો કર્તા તેના પર નાખે છે.''

આ તો થયો પરદેશી જેલોનો અનુભવ. રીઢો ગુનેગાર સ્વદેશી કપડાં જ પહેરે તો સ્વદેશી જેલ પણ ના ભોગવે તે કેમ ચાલે ? ૧૯૨૨ના માર્ચ મહિનામાં સાબરમતી જેલમાં જતાં પહેલાં ભારતમાં છ વાર જેલમાં જઈ આવવાનું બન્યું છે. એમને માટે તો 'એક ઘર બદલીને બીજે ઘેર જવા જેવું' આ સ્થળાંતર માત્ર છે ! 'જેલમહેલ' છે.

પણ ભારતની જેલનો પણ અનુભવ જુદો થયો. હતા તો એ બધા અંગ્રેજ જેલર. પણ એમની સહાનુભૂતિ ગાંધીજીએ ભારતમાં જીતી લીધી હતી. જેલમાં આરામ પણ મળી જતો, વળી કાંઈક ને કાંઈક ભાષાશિક્ષણ, અભ્યાસ વગેરે પણ ચાલતું.

આ બધા અનુભવો તો જીવનઘડતરના અનુભવો. પણ જીવનનાં મૂળિયાંને ધરમૂળમાંથી હચમચાવી નાખે તેવા

અનુભવો પણ આ જેલયાત્રીને ક્યાં નથી થયા ? ૧૯૪૨ની 'હિંદ છોડો' લડત દરમિયાન થયેલી યરવડાની જેલસજા એમને કેટલી આકરી પડી હશે ? આંખોનાં રતન સમા બે સાથીઓને પાછળ મૂકીને આવવું પડ્યું હશે તે કોઈ સહેલી બાબત હતી ? યરવડામાં જીવનભરના સુખદુ:ખની સમભાગી યથાર્થપણે સહધર્મિણી કસ્તૂરબા તથા કેવળ છાયારૂપ બનેલા અભિન્ન અંગ સમા મહાદેવભાઈ મૃત્યુને ભેટે છે. અગિયાર માસના જેલવાસ પછી જ્યારે એમને આગાખાન મહેલની બહાર લઈ જવામાં આવે છે ત્યારે ગમગીનભર્યા ધીમા સાદે એ કહે છે, "બા જેલમાંથી છૂટવાને કેટલાં બધાં ઇંતેજાર હતાં ? પણ હું જાણું છું કે આનાથી વધારે ધન્ય મૃત્યુ તેને મળ્યું ન હોત. બા તથા મહાદેવ બંનેએ, સ્વાતંત્ર્યની વેદી પર પોતાના પ્રાણની આહુતિ આપી છે, બંને અમર થઈ ગયાં. જેલમાં મરીને બા જગદંબા થઈ ગઈ."

આ જ જેલવાસ દરમિયાન એમના ૨૧ દિવસના ઉપવાસ પણ થાય છે ત્યારે સત્તાવાળાઓ એને 'રાજકીય દમદાટી' 'જવાબદારીમાંથી છટકવાનો સહેલો ઉપાય'માં ખપાવે છે. અને સાથોસાથ ગાંધીજીના અગ્નિદાહ માટે પૂરતાં સુખડનાં લાકડાંની ગોઠવણ પણ કરી રાખી છે, જેલની આસપાસ સશસ્ત્ર પહેરાની સંખ્યા બેવડાઈ છે, ગાંધીજીના મરણ બાદ પ્રજા તરફથી થનારાં તોફાનો-દેખાવોને દાબી દેવાની સંપૂર્ણ વ્યવસ્થા પણ કરી દેવામાં આવી.

પરંતુ ઉપવાસ તો હેમખેમ પૂરા થાય છે. વળી પાછાં ખુલાયેલાં જેલનાં બારણાં ફરી બંધ થઈ જાય છે. ગાંધીજી

ખડકની જેમ અડગ રહી, જરાય કડવાશ કે સંદેહ લાવ્યા સિવાય પોતાના પગલાને સાર્થક કરતા રહ્યા. તેમણે તો પોતાના જેલના સાથીઓને કહી પણ દીધું કે હવે તો મહાદેવ-કસ્તૂરબાની જેમ આપણે પણ બાકીની જિંદગી અહીં જ પૂરી પરવા કમર કસો. છ વર્ષનો કાર્યક્રમ પણ ઘડાઈ જાય છે. પણ ઉપવાસ પછી એમને મૃત્યુના મુખમાં પહોંચાડી દે તેવી બીમારી લાગુ પડે છે. એ મરણોનો અપજશ લીધા પછી સરકાર વધારે પાપનું પોટલું બાંધવા તૈયાર નથી. જોકે, ગાંધીજી મરણ પામે તો તેમની મરણનોંધ કેવી લખવી તેની નકલ પણ ઠેરઠેર પહોંચી ગઈ છે...પરંતુ બ્રિટિશ સરકારની મંશા ત્યારે તો અધૂરી જ રહી જાય છે અને ઈશ્વર બાપુ પાસે વધારે કામ લેવા ઇચ્છતો હશે એટલે બા-મહાદેવભાઈના પગલે તત્કાળ તો એ મૃત્યુને વરતો નથી, અને સરકાર હાથ ઘસતી જોઈ રહે છે.

આ વખતની આકરી તપસ્યા અને કસોટીઓમાંથી પાર ઊતરીને ગાંધીજી બહાર આવે છે ત્યારે લોકોના દિલમાં વળી આશાનાં કિરણ ફૂટે છે. ''બાપુ બેઠા છે ને, એ જરૂર કાંઈક ને કાંઈક કરશે.'' — આવી શ્રદ્ધા રાષ્ટ્રપિતા પર ઠરીઠામ થઈ છે. થોડો વખત આરામ લે છે, શરીર સુધારે છે. લોકોને થોડું અંતરપરીક્ષણ કરી ભૂલ સુધારવા કહે છે. એમના હૃદયમાં તો ચિંતન ઘેરું બન્યું જ છે. હમેશ મુજબ, ''એક ડગલું બસ થાય''ની પ્રાર્થના કરે છે. અને આગળના ડગલાની શોધ આદરે છે. 'જેલ' અને 'ઉપવાસ' આ બંને બાપુનાં કેવળ વિરામસ્થાન નથી, તે 'રામ-આશ્રય' પણ છે. ઊંડું ચિંતન તથા સઘન

સાધના દ્વારા અંતસ્તલના રામને તેઓ વધુ ને વધુ આત્મસાત્ કરતા જાય છે.

ગાંધી જેટલું વ્યસ્ત જીવન ભાગ્યે જ કોઈ જીવ્યું હશે. જેલમાં પણ એકેએક પળનો પૂરેપૂરો ઉપયોગ થતો. ચોવીસે કલાકની એકેએક પળનો હિસાબ એની પાસે હતો. જીવનને સર્વાંગીપણે જીવવાનો એમણે તેમ છતાંય પ્રયત્ન કર્યો. એમનું જીવન જ હતું સત્યની શોધ માટે. સત્યશોધનના કાર્યમાં શ્રીમદ્ રાજચંદ્રથી માંડીને અનેક ગુરુવર્યોને તેમને મદદ કરી. અંતરતરની ગુહ્યતમ વાતો પણ ક્યારેક પ્રગટ થઈ જતી. એક પ્રસંગ સમજવા જેવો છે.

બાદશાહખાં સાથે સરહદના પ્રાંતમાં જવાની વિચારણા ચાલી રહી હતી ત્યારે ત્યાંથી કદાચ પાછા ન ફરાય એવી સંભાવના વિચારી વિનોબાજીને કેટલીક વાતો કરવા બોલાવે છે. બેત્રણ દિવસ સુધી એ સવાલો પૂછતા ગયા અને વિનોબા જવાબ દેતા રહ્યા. પણ પછી એક દિવસ વિનોબા એમને પૂછે છે, ''તમે સત્ય એ જ પરમેશ્વર છે, એમ કહો છો, પણ એક ઉપવાસ વખતે તમે કહ્યું હતું કે, તમને અંદરથી અવાજ સંભળાયો તો એ શું વાત છે ? એમાં કાંઈ રહસ્ય છે ?'' ''હા, એમાં કંઈક એવું છે ખરું. એ તદ્દન સાધારણ બાબત નથી. મને અવાજ સાફ સાફ સંભળાયો હતો. માણસ બોલે ને સંભળાય તેમ સંભળાયો હતો. મેં પૂછ્યું કે, ''મારે કશું કરવું જોઈએ ? તો એણે જવાબ દીધો કે, ''ઉપવાસ કરવા જોઈએ.'' મેં વળતું પૂછ્યું કે, ''કેટલા ઉપવાસ કરવા જોઈએ?'' એણે કહ્યું, ''એકવીસ.''

''ઈશ્વરનું કોઈ રૂપ હોઈ શકે ?'' — વિનોબા. ''રૂપ તો ન હોઈ શકે, પરંતુ મને અવાજ સંભળાયો હતો.'' ''રૂપ અનિત્ય

છે, તો અવાજ પણ અનિત્ય છે. તેમ છતાંય અવાજ સંભળાય, તો પછી રૂપ કેમ ન દેખાય ?'' — અને વિનોબાએ કેટલાક અનુભવો સંભળાવ્યા. પછી પાછું પૂછ્યું, ''તમારા મનમાં સવાલ-જવાબ થયા તેનો સંબંધ ઈશ્વર સાથે તો છે જ ને ?'' ''હા, એની સાથે સંબંધ છે. પરંતુ મેં અવાજ સાંભળ્યો પણ દર્શન ન થયાં. મેં રૂપ ન જોયું. એને રૂપ હોય એવો અનુભવ મને નથી થયો, અને એનાં સાક્ષાત્ દર્શન નથી થયાં, પરંતુ થઈ શકે ખરાં....''

બાપુએ જીવનમાં જે હનુમાન-કૂદકો માર્યો છે તે જોતાં લાગે છે કે ઈશ્વરી સ્પર્શ વગર આવી ક્રાંતિ સંભવી જ ના શકે. છેવટ સુધી એ કહેતા રહ્યા કે હજુ ઈશ્વર મારાથી દૂર છે. પોતાના સાથીદારોની કોઈ ભૂલ કે સ્ખલન જોતા તો કહેતા કે મારામાં હજી વિકારો પડ્યા છે.... તેમ છતાંય જાણે છેવટે આ બધી અધૂરપ સંક્રાંત થઈને પરિપૂર્ણતામાં પરિણમી, અને એનું એકમાત્ર કારણ — કેવળ રામમય થવાનો અવિરત પ્રયત્ન ! આ વાત વિનોબાજીએ કહી છે કે ''બાપુના મોંએ જ્યારે છેવટે રામનામ નીકળ્યું ત્યારે તે જ હવે બાકીનું અંતર કપાઈ ગયું, એમના જીવનમાં ક્રાંતિ સર્જાણી અને એમની જ્યોતિ પરમાત્મામાં ભળી ગઈ. એક પવિત્ર આત્મા પરમાત્મામાં લય પામ્યો.''

# ૭. આગનો દરિયો પીનારો અગસ્ત્ય

જ્યારથી ભારતના ક્ષિતિજ ઉપર ગાંધીજીની સ્વરાજ્ય માટેની અહિંસક લડાઈનો સૂર્યોદય થયો, લગભગ ત્યારથી જ અંગ્રેજ શાસકોનું કદી ન આથમનારું સામ્રાજ્ય મનોમન ડગવા માંડ્યું હતું. કોણ છે આ મિસ્ટર ગંધાઈ ? (પૂરો 'ગાંધી' ઉચ્ચાર પણ નહોતો આવડતો !) શું છે એની પદપ્રતિષ્ઠા ? કેવડી છે એની કાયા ? ખાસ કશું નહીં છતાંય એ કાંઈ એવું બોલે છે જે અત્યાર સુધી કોઈ નહોતું બોલ્યું. એ કાંઈ એવું કરે છે, જે અત્યાર સુધી ક્યારેય નહોતું થયું. કાંઈક નવતર થવાની દિશામાં બધું જઈ રહ્યું છે — આવી આંતરપ્રતીતિ સૌ કોઈને થઈ રહી હતી.

પણ અંગ્રેજ શાસકો બાહોશ હતા, મુત્સદ્દી, વ્યવહારડાહ્યા અને અનુભવી હતા. સત્તાનું લોહી ચાખી ગયેલ રીઢા સર્વસત્તાધીશ હતા. એટલે જ્યારે એમણે જોયું કે ગાંધીજીનો 'હિંદ છોડો' મંત્ર એના યશસ્વી પરિણામનું કૌવત લઈને જ પ્રગટ થયો છે ત્યારે એમણે ફૂટ પાડીને રાજ્ય કરવાની નીતિ, Divide and ruleની નીતિ અપનાવી. સાંકળની મજબૂતી એની કમજોર કડી પર નિર્ભર છે એ વાત તેઓ સારી પેઠે જાણતા હતા અને ભારતની કમજોર કડી ક્યાં છે તે પણ તેઓ આટલાં વર્ષોની હકૂમત દરમિયાન પારખી ગયા હતા. કહો કે નબળી કડી તેમણે જ સમજપૂર્વક તૈયાર કરેલી. મુસ્લિમ લીગ, મહમ્મદઅલી ઝીણા વગેરેની નાડ તેમના હાથમાં આવી ગઈ હતી. ''અમે તો ભારત છોડીને જતા રહીએ પણ તમારે ત્યાં આ હિંદુ-મુસ્લિમ એકતાનો તથા આટઆટલા રાજા-મહારાજા વગેરેના પેચીદા

સવાલો છે, એટલે જવું મુશ્કેલ છે.'' આ કારણ રજૂ થયું ત્યારે ગાંધીએ તો મક્કમતાપૂર્વક કહી દીધેલું કે, ''આવા સવાલો એ કાંઈ ભારતની જ વિશેષતા નથી. દરેક દેશને પોતપોતાના સવાલો હોય છે અને જે તે દેશ પોતપોતાની શક્તિથી ઘરમેળે તે ઉકેલી પણ લે છે. માટે એ અંગે અમે સમજી લઈશું. એની ચિંતા કર્યા સિવાય મહેરબાની કરીને તમે તો જાઓ જ.'' પણ એમ ને એમ જીવનભર ખો ના ભૂલી જવાય તેવું કશું તોડ્યા-ફોડ્યા વિના જાય તો એ અંગ્રેજ શાના ? તેઓ પેલી કોમી તિરાડને વધુ ને વધુ પહોળી કરતા જઈ મુસલમાનો માટે દેશની ભૂમિ જુદી તારવાય અને એ 'પાકિસ્તાન' બને એ વાતને વહેતી મૂકી દે છે. માનવમન નબળું છે. એક વાર કીડો સળવળે એટલે એનું ઊંચકતું માથું બેસાડી દેવું મુશ્કેલ છે. દેશમાં ક્યાંય પણ નાનો અમથો પ્રશ્ન ઊભો થતો અને તરત જ એ કોમી સ્વરૂપમાં પલટાઈ જતો અને એમાંથી કોમી તંગદિલી જ નહીં, ક્યારેક ક્યારેક કોમી રમખાણો પણ ફાટી નીકળતાં. આમ હોવા છતાં 'હિંદના ભાગલા'ના ગાંધીજી કટ્ટર વિરોધી હતા. એમને તો એ એક દેહના બે ટુકડા જેવું લાગતું. કૉંગ્રેસના ઘણાખરા સભ્યોની પણ વત્તીઓછી આ જ ભૂમિકા હતી, પરંતુ ૧૯૪૬ પછી પણ મુસ્લિમ લીગ ભાગલાની માગણી કરતી જ રહી, મધ્યસ્થ પ્રધાનમંડળમાં બીજી બાબતોમાં પણ એ નકામી અડચણો ઊભી કરતી જ રહી ત્યારે સરકારમાંના કૉંગ્રેસીઓને લાગ્યું કે આવું જ હોય તો ભલે એમને પાકિસ્તાન મળે. એમનું એ સંભાળે, આપણું આપણે સંભાળીએ. શાંતિથી રહી શકીશું તો ખરા. ગાંધીજીની આ બાબતમાં સંમતિ હરગિજ નહોતી, બલકે આ

એક અસહ્ય, જીરવી ના શકાય તેવી બાબત હતી. પણ જેમને આ યોગ્ય ન લાગે તેઓ પણ પોતાના જ વિચારોને અનુસરે એવો આગ્રહ તેમણે રાખ્યો નહીં. તેઓ ભારતના લોકહૃદયના 'બેતાજ બાદશાહ' હતા. પરંતુ એમની જે કાંઈ સત્તા હતી તે નૈતિક સત્તા હતી. એમની આણ માત્ર પ્રેમની આણ હતી. બળજબરીથી કશુંય કોઈની પાસે કરાવવાનું તેમણે ઇચ્છ્યું નહોતું.

એટલે અંગ્રેજી સલ્તનતની નીતિ, ઝીણાનો હઠાગ્રહ અને કૉંગ્રેસી નેતાઓની ઇચ્છાની સામે એ સતત ઝઝૂમતા રહેવા છતાં છેવટે ઝૂકી પડ્યા. બીજો કોઈ ઉપાય જ નહોતો. દેશની પહેલી રાષ્ટ્રીય લોકસભા બને છે તેમાં પણ ઝીણા આડોડાઈપૂર્વક વર્તી સૌને મૂંઝવે છે. અનેક રિસામણાં-મનામણાંને અંતે લોકસભામાં જોડાવાનું સ્વીકારે છે. દિલ્હીમાં રાજકીય સ્તરે આ બધી રાજખટપટ, લેવા-દેવાની સંકુચિત મનોવૃત્તિ અને સત્તાનાં સૂત્ર ધારણ કરી લેવાની હુંસાતુંસી જોર પકડી રહી છે, તે જ વખતે સમાચાર આવે છે કે કલકત્તામાં હિંદુ-મુસ્લિમ વચ્ચે ભીષણ કોમી રમખાણો ફાટી નીકળ્યાં છે. ૧૬-૧૭-૧૮ ઑગસ્ટ દરમિયાન કલકત્તાનો ભીષણ હત્યાકાંડ ચાલ્યો. એ કાંડનું વિગતે વર્ણન અહીં અશક્ય છે, પણ એ ત્રણ દિવસો દરમિયાન એ વિરાટ નગરીમાં પશુતાનું સામ્રાજ્ય ફેલાયું. સામાન્ય મુસલમાન નાગરિકના હૃદયની આ પશુતા નહોતી, આ પશુતા તો હતી સત્તાભૂખ્યા લોભી-લાલચુ રાજકારણીઓની. ચાળીસ ચાળીસ કલાકો સુધી રસ્તાઓ ઉપર મુડદાંઓ રઝળતાં પડ્યાં રહ્યાં. ગટરોનાં ઢાંકણાં ઉઘાડીને કેટલાંક મડદાંના ઢગલા અંદર સરકાવી

દેવામાં આવ્યા હતા, પરિણામે ગટરોનો માર્ગ રૂંધાઈ ગયો હતો. શેરીઓમાં ઢગલાબંધ મડદાંના ખડકલા પર કૂતરાં, શિયાળ અને ગીધો કમકમાટી ઊપજાવે તેવી ઉજાણી માણતાં હતાં. સ્ટેટ્સમેને ત્યારે લખેલું, ''યુદ્ધની ઇસ્પિતાલોના અનુભવોને લીધે હું રીઢો થઈ ગયો છું, પણ યુદ્ધ કદી આવું નહોતું.'' — 'અધમતાની પરિસીમા' હતી.

મુસ્લિમ લીગે દેશને 'સીધાં પગલાં'નો કાર્યક્રમ આપ્યો અને બંગાળના મુખ્ય પ્રધાન સુહરાવર્દીએ તેને અધમતમ રીતે પાર પાડી દેખાડ્યું. તે વખતે અંદાજ નીકળ્યો કે કલકત્તાના આ હત્યાકાંડમાં પાંચ હજાર કરતાં વધારે માણસો મરાયા, પંદર હજારથી વધુ ઘાયલ થયા. એક પણ ઘર એવું નહીં હોય, જ્યાં કાંઈક ને કાંઈક ક્ષતિ પહોંચી ના હોય. 'અલ્લાહ ઓ અકબર' અને 'જય બજરંગ બલી'ના ઉદ્‌ઘોષો સાથે સામસામે ટોળાં એકબીજા પર તૂટી પડતાં અને લોહીની નદીઓ વહેતી, જાણે ગાંડપણ સવાર થઈ ગયું હતું. કોઈ જોતું નહોતું કે સામે બાળક છે, સ્ત્રી છે કે વૃદ્ધ છે! મુસલમાનને હિંદુનો અણસારો મળતો અને એ ખત્મ થતું, હિંદુને મુસલમાનનો અણસારો મળતો અને એ ખત્મ થતું. સ્ત્રીઓનાં અપહરણ, ખુલ્લેઆમ બળાત્કાર, બાળકોનાં નિર્દયી ખૂન...સેંકડો વર્ષોથી સાથે રહેનારા પાડોશી એકમેકના શત્રુ બની ગયા....બાપુને ત્યાં પહોંચવું જ પડ્યું. ઘેરઘેર ફર્યા, શેરીએ શેરીએ સભા કરી. હિંદુઓને સમજાવ્યા, મુસલમાનોને સમજાવ્યા. મુસલમાનોને વિશ્વાસ બેસે તે માટે રહેવાનું પણ એક મુસ્લિમને ત્યાં રાખ્યું, છતાંય આગ ભભૂકતી રહી. કલકત્તામાં એક સભા બોલાવી, જેમાં લાખોની સંખ્યામાં

હિંદુ-મુસલમાન આવ્યા. ગાંધીજીએ તેમને પ્રેમનો, બંધુતાનો સંદેશો આપ્યો અને કહ્યું કે હું ઈચ્છું છું કે આ ઘડીએ સૌ પોતપોતાની પાસે જે કોઈ હથિયાર હોય તે મને સોંપી દે. પણ હથિયારો સોંપવાની બાબતમાં લોકોનો ઝાઝો ઉત્સાહ દેખાયો નહીં એટલે બાપુને કસર વર્તાઈ. લોકોના મનમાં હજી મેલ પડ્યો છે એને ધોવા બાપુ છેવટે ઉપવાસ પર ઊતરે છે. બીજું ગમે તે થાય, પણ 'બાપુ'ને ખોવા દેશ તૈયાર નથી, એટલે મને-કમને પણ લોકો બાપુની પથારી પાસે હત્યારા હથિયારો ફેંકી જાય છે....

ઉપવાસ તો પૂરા થાય છે, પણ અગ્નિસ્નાન હજુ ચાલુ જ છે. વેરઝેરની લપેટમાં આખું હિંદુસ્તાન ઝડપાઈ ગયું છે. એક સ્થળે ઠારો તો દશ ઠેકાણે આગ ભડકી ઊઠતી. ધર્મની ઓથે માણસ આમ માણસાઈ ગુમાવી બેસે એ ભારતના પિતાથી જોયું જાય તેમ નહોતું. હવે જે કાંઈ મૂઠી હાડકાં શરીરમાં બચ્યાં છે તેની આહુતિ આ ઝેરીલી આગને શમાવવા કામ આવતી હોય તો ભલે આવે એમ વિચારી તેઓ નીકળી પડવાનો સંકલ્પ કરે છે. ભારતને સ્વાતંત્ર્ય તો હવે હાથવગું છે, પણ બાપુના જીવન જેવું એ નિષ્કલંક નથી. એના પર લોહીનાં ધાબાં લાગ્યાં છે, ઝેરનાં કૂંડાં એના પર ઠલવાયાં છે. અને પોતે જ પોતાને જનમટીપની સજા આપતા હોય તેમ બાપુ નોઆખલી જવાનો નિર્ણય કરે છે.

પૂર્વ બંગાળનો આ નોઆખલી જિલ્લો કુદરતી રીતે અત્યંત રમણીય પ્રદેશ છે. ડાંગર, શણ, નાળિયેર અને સોપારી એ તેના મુખ્ય પાકો છે. ત્યાં ભારે વરસાદ પડે છે. આખો પ્રદેશ જાણે ખૂબસૂરત બગીચો હોય તેવો લીલોછમ છે. અપાર શાકભાજી,

વિવિધ ફળ, રંગબેરંગી કમળોથી ભરેલાં તળાવો !....પણ પ્રકૃતિના આ લખલૂટ સૌંદર્ય વચ્ચે માણસની વિકૃતિનું મહાભયંકર, વિનાશકારી પાશવી તાંડવ ખેલાયું. સ્પષ્ટ જ હતું કે આ ભીષણ હત્યાકાંડ પાછળ યોજનાબદ્ધ સંગઠન હતું. રક્ષકો પોતે જ ભક્ષકો બન્યા હતા, ત્યાં કોણ કોને બચાવે ? અત્યંત કારમી અને કમકમાટીભરી ઘટનાઓની વાતો નિરાશ્રિતોનાં ટોળેટોળાં ગાંઠે બાંધી લાવ્યાં હતાં. સંપન્ન પરિવારનાં બધાં જ હિંદુ કુટુંબોનાં ઘરો બળાયાં, તેમનો બળજબરીથી ધર્મપલટો કરવામાં આવ્યો, કુંવારી તેમ જ પરણેલી સ્ત્રીઓનાં લગ્ન મુસલમાનો સાથે કરવામાં આવ્યાં. તેમને નિષિદ્ધ ખોરાક ખાવાની ફરજ પાડવામાં આવી અને સહેજ પણ આનાકાનીનો અણસાર મળતો કે તેની હત્યા થતી. ત્યાંની છાવણીઓમાં કામ કરતાં સુપ્રસિદ્ધ સમાજસેવિકા મ્યુરિયેલ લેસ્ટર પહેલા અઠવાડિયાના પોતાના હેવાલમાં લખે છે, ''અનેક બહેનોએ તેમના પતિ-પુત્ર-ભાઈ-પિતાની કતલ સગી આંખે જોઈ. પછી તેમનો બળાત્કારે ધર્મપલટો કરાવી, તેમના ધણીઓની જ કતલ કરનારાઓમાંથી કોઈને પરાણે પરણાવી દેવામાં આવી. એ બહેનો સાક્ષાત્ મૃત્યુની પ્રતિમા સમી લાગતી હતી. એ કંઈ નિરાશા નહોતી, એવી કશી સક્રિયતા તેમનામાં હતી જ નહીં. એ તો હતી નરદમ શૂન્યતા....''

અને ૨૭મી ઑક્ટોબરે બાપુ નોઆખલી જવાનું જાહેર કરે છે.

''આવું જોખમ ખેડવું એ આપને માટે બરાબર છે ? નોઆખલીમાં આપની શસ્ત્રરહિત હાજરી રમખાણોના ભોગ બનેલા લોકોને શું રક્ષણ આપી શકવાની હતી ?'' કોકે દલીલ

કરી, "ત્યાં હું શું કરી શકીશ એ તો હું નથી જાણતો. હું માત્ર આટલું જ જાણું છું કે ત્યાં ગયા વિના મને શાતા વળે તેમ નથી....હું તો ત્યાં ઈશ્વરના સેવક તરીકે જાઉં છું."

મહાત્મા ગાંધીજીની આ નોઆખલીયાત્રા એ માનવઈતિહાસનું એક અદ્‌ભુત પ્રકરણ છે. કાળાડિબાંગ અંધકારનું છેલ્લું ટીપું નિચોવીને જે કાળાશ ઊતરી આવે, તેવી કાજળકાળી કાલિમા વચ્ચે અજવાળાનું કિરણ બનીને ફરતો આ ફિરસ્તો ! હવે તો એ જિંદગીના આરે આવીને ઊભો છે. જીવન આખું ખૂબ મથ્યો છે, ખૂબ તપ્યો છે, ખૂબ ઘવાયો છે ! અત્યારે પણ એનું હૃદય લોહીનીગળતું જખ્મી હૃદય જ છે, છતાંય એ દૂધેધોયો છે, યથાર્થપણે તપે ધોયો છે. પોતાના જીવનમાં તપશ્ચર્યા અને સમર્પણની પરંપરા સર્જીને એનું હૃદય નીતર્યા જળસમું નિર્મળ અને શુદ્ધ બન્યું છે. કોઈ કહેતાં કોઈને પણ માટે એના હૃદયમાં ઘૃણા નથી, તિરસ્કાર નથી, દ્વેષ નથી અને રાગ પણ નથી. છે તો કેવળ પ્રેમ ! એટલે જ એ અધિકારપૂર્વક કેવળ હિંદુઓને જ નહીં, મુસલમાનોને પણ સાચેસાચી, આખેઆખી વાત, ચોખ્ખેચોખ્ખી વાત કહી સંભળાવે છે. નોઆખલી જતાં ઘવાયેલા કલકત્તા તથા બિહારને પણ સંભાળવાનું છે. હજી વેરના બદલાની હવાથી આકાશ તરબતર છે. રહેવાતું નથી ત્યારે નછૂટકે આ દાઝેલો માણસ પોતાના 'અર્ધ-ઉપવાસ' જાહેર કરે છે, તબિયત તો નાજુક છે જ, ઉંમર પણ કાંઈ ઓછી ના કહેવાય....પણ ઘૂમે છે, ફરે છે, રખડે છે ગામેગામ ! શેરીએ શેરીએ ! એની રીતે ! એ બધા પ્રસંગોમાં તો ના જઈ શકીએ, પણ એક પ્રતીક પ્રસંગ જોઈએ,

જે હૃદયને સાતમે પાતાળેથી પણ ઊંચકી લઈ અધ્ધર કરી મૂકે છે.

૧૧મી નવેમ્બર '૪૬ રામગંજ પોલીસથાણામાં આવેલા નોઆખલી, સોનાચાક અને ખિલપાડા ગામ. હોડીમાં બેસીને નહેર પાર કરવાની હતી. આ ગામોનાં બધાં જ ઘરો આગની લપેટમાં આવી જઈ રાખ બની ચાડી ખાતાં હતાં. આસપાસનાં સોપારી તેમ જ નાળિયેરીનાં ઝાડ પણ ભૂંજાઈ ગયાં હતાં. એક અડધા બળેલાઝળેલા ઘરમાં એક કિશોરનું મડદું પડેલું હતું, જેની ભણવાની ચોપડીઓ અને તાજી લખેલી નોટબુકો ભોંયતળિયા પર વેરવિખેર પડેલી હતી. અનેકોની હત્યા અને થોડાકના ધર્મપલટા પછી પણ એક માણસ ત્યાં હજી હતો. એ મૂંગો હતો. ચીંથરામાં વીંટાળેલી પોતાની ચોટલી કરુણાજનક પાગલ ઈશારાઓ દ્વારા સૌને દેખાડ્યા કરતો હતો. ગામની સ્મશાન શાંતિ ગણીગાંઠી સ્ત્રીઓનાં હૃદયને ગાંડું કરી મૂકતા કલ્પાંતથી ખંડિત થતી હતી.

બાપુ ખંડેરોમાંથી બહાર નીકળે છે, ત્યાં એક તિબેટી કૂતરો બાપુ પાસે આવી દુ:ખદ રીતે જાણે રડતો હોય તેમ મંદ મંદ ભસવા લાગ્યો. અને પછી ગમગીનીપૂર્વક થોડો આગળ જાય, વળી પાછો આવે અને એમ સતત આંટા માર્યા કરે. ગાંધીજીના સાથીઓ એની વર્તણૂક જોઈ મૂંઝાયા અને પછી એને ભગાડી મૂકવા તત્પર થયા ત્યાં ગાંધીજીએ એમને રોક્યા, ''તમે નથી જોતા કે એ આપણને કાંઈક કહેવા માગે છે ?''....અને બાપુ એ કૂતરો એમને જ્યાં લઈ જવા માગતો હતો ત્યાં ગયા. તે સ્થળે ત્રણ હાડપિંજર અને બીજી કેટલીક ખોપરીઓ અને હાડકાં

વેરાયેલાં હતાં. રમખાણ દરમિયાન પોતાના માલિક તથા બીજાં સાત કુટુંબીજનોને એણે નજરોનજર રહેંસી નાખતા જોયેલા, એની પીડા હજી શમતી નહોતી.

ભારતભરમાં વસતા મિત્રોને જણાવી દીધું, ''અહીં હું જે કામમાં રોકાયો છું તે કદાચ મારું છેલ્લું કાર્ય હશે. અહીંથી હું જીવતો અને સાજોસમો પાછો ફરીશ તો તે મારે માટે મારા પુનર્જન્મ સમાન હશે. અહીં મારી અહિંસાની, પહેલાં કદી પણ થઈ નહોતી, એવી કસોટી થઈ રહી છે.''

આ કસોટીને વધારે એરણે ચડાવવા એમણે પોતાના સાથીદારોને જુદાં જુદાં કેન્દ્રોમાં કામ કરવા મોકલી આપ્યા અને કેવળ બે સાથીઓ સાથે એકાકી યાત્રા શરૂ કરી. પોતાની પથારી પોતે કરી લેવી, પોતાનાં કપડાં પોતે જ સાંધી લેવાં અને ખોરાકમાં અર્ધો શેર દૂધમાં શાકનું એટલું જ પાણી. સાંજે પણ આટલું જ, વત્તા થોડી દ્રાક્ષ !

નોઆખલીમાં શાંતિસૈનિકની એકાકી શાંતિયાત્રા ચાલતી હતી તે દરમિયાન અવારનવાર બિહારમાં પહોંચી જવા માટેનું દબાણ વધી રહ્યું હતું. મુસ્લિમ લીગ તથા મુસલમાન વર્ગ તરફથી તો આક્ષેપ બાજી પણ થઈ રહી હતી કે બિહારમાં મુસલમાનો પર અસહ્ય ત્રાસ ગુજારાયા છતાં ગાંધીજી નોઆખલીના હિંદુ પરના જુલ્મની જ મલમપટ્ટી કર્યે રાખે છે. પણ આ તો સત્યનો પૂજારી હતો. એને જ્યારે સાચી હકીકત સમજાય ત્યારે જ તે નિર્ણય બદલે.... દરરોજના ઢગલાબંધ ગુસ્સાભર્યા, દમદાટીભર્યા, ગાળોથી ભરપૂર પત્રોના ઝેરના ઘૂંટડા એ પીધે જતો હતો. બિહારના એક પ્રધાન ડૉ. મહમૂદને સાચી જાણકારી

આપવા પુછાવ્યું હતું, પરંતુ કોઈ ગૂઢ કારણોસર એ મૌન હતા. છેવટે એમનો પત્ર લઈને એમના મંત્રી આવે છે, જેમાંથી સૂર ઊઠે છે કે બિહારની આગને ભડકાવવામાં તથા મુસલમાનો પર અકથ્ય ત્રાસ ગુજારવામાં સ્થાનિક કૉંગ્રેસીઓનો પણ ઓછો ફાળો નથી. અને નોઆખલીના બાકીના ભાગમાં વિચારાયેલી પદયાત્રાને અટકાવી બાપુ બિહારની રાહ પકડે છે.

અને એના નસીબમાં તો એ જ લખાયું છે. આગનો દરિયો પીવાનું ! ભલીભોળી, ભક્ત હૃદયની ભાવુક ગણાતી બિહારી પ્રજા આટલી બધી હિંસક બની શકે એ જ એના માટે મોટો આશ્ચર્યાઘાત ! ક્યાં ગયું રામાયણ ને ક્યાં ગયા તુલસીદાસ ! ગામેગામ, લોકેલોકને મળ્યા, મુસલમાન સ્ત્રી-પુરુષોનાં હૃદયનાં દ્વાર ખખડાવ્યાં....પરિસ્થિતિ સમજાઈ, પડદો ઊંચકાયો કે બિહારની આગ એ કલકત્તાના હત્યાકાંડની પ્રતિક્રિયા હતી. બિહારનાં ગામડાંનાં ઘરેઘર કલકત્તાથી ભાગી આવેલા બંગાળી નિરાશ્રિતોથી છલકાતાં હતાં. એક નિરાશ્રિત, એની સાથે વહી આવે. અસંખ્ય ઘટના ! નિર્મમ, નિષ્ઠુર, હૃદય કંપાવી મૂકે તેવી નજરોનજર જોયેલી અનેકાનેક ઘટના ! તેમાં ભળે છે અફવા....''આખા બિહારને પાકિસ્તાનમાં સમાવી લેવા મુસ્લિમ લીગ કટિબદ્ધ થઈ રહી છે.'' અને ભયભીત બિહારીઓએ શસ્ત્રોનો સહારો લીધો, બદલાનું શરણું લીધું અને પરિણામે સર્જાયો ભીષણ આતંક ! અભૂતપૂર્વ ખૂનરેજી ! ભીષણ હત્યાકાંડ ! તુલસીદાસનું બિહાર, બુદ્ધનું બિહાર સ્મશાન નહીં ઘોર નરક બની ગયું !

પરંતુ બિહારનું શાંતિકાર્ય હજી કાંઈ કાઠું કાઢે તે પહેલા દિલ્હીથી

નવા વાઈસરૉય માઉન્ટબૅટનનું તેડું આવે છે અને ગાંધીજીને વહેલી તકે દિલ્હી પહોંચવું પડે છે. લૉર્ડ માઉન્ટબૅટન થનગનતો, તરવરિયો અને છતાંય ઠરેલ, આકર્ષક અને ઉમદા વ્યક્તિત્વવાળો વાઈસરૉય હતો. આ શક્તિશાળી પ્રતિભાવાન પુરુષે લંડનથી જ સમજી લીધું હતું કે, ભારતને હવે આ વર્ષે, એટલે કે ૧૯૪૭માં જ સ્વાતંત્ર્ય આપવાની જાહેરાત કરી દેવાની છે.

પહેલી જ મુલાકાતમાં ભારતીય સ્વાતંત્ર્ય ઈતિહાસના મશાલચી જેવા ગાંધીજીને એ કહે છે, ''બળને જરાય નમતું નહીં જોખવાની બ્રિટિશ સરકારની નીતિ રહી છે, પરંતુ અહીં મહાત્માની અહિંસા વિજયી નીવડી છે. હિંદની અહિંસક લડતને પરિણામે બ્રિટિશરોએ અહીંથી ચાલ્યા જવાનો નિર્ણય કર્યો છે.''

આમ, રાષ્ટ્રપિતા બિરદાવાય છે, પરંતુ એમની આ સ્વપ્નસિદ્ધિમાં કશો પ્રાણ રહેતો નથી. હિંદુ-મુસ્લિમ માનસ વચ્ચેની મડાગાંઠ ઉકેલવાનો એ જીવ પર આવી જઈને તંતોતંત પ્રયત્ન કરે છે, પણ એ જે કાંઈ કરવા જાય છે તે બધું પાછું પડે છે. બાપુના શબ્દો પર પ્રાણ ન્યોછાવર કરનારા સાથીઓ સુધ્ધાં બાપુની હાજરી જાણે સહી શકતા નથી.

જેના નેતૃત્વ હેઠળ સ્વરાજ્યનું આખું આંદોલન ચાલ્યું, તેની વાત સ્વરાજ્ય-પ્રાપ્તિની ભૂમિકા નક્કી કરતી વખતે કોઈને ન સંભળાઈ. વાસ્તવિકતા એ હતી કે ગાંધી હતો હિમાલય અને બાકીના સૌ મેદાન પરના માટીના માનવ ! ગાંધીની અહિંસા એ સમગ્ર જીવન-પરિવર્તનની ધરી હતી, ત્યારે બાકીના લોકો માટે સ્વરાજ્ય મેળવવાની તે એક નીતિ, યુક્તિ માત્ર હતી. કદાચ

'ખ્યાદું' જ. છેલ્લાં ઘણાં વર્ષોથી ગાંધી આ વાત કળી ગયા હતા, એટલે એમણે ધીરે ધીરે પોતાની જાતને ખેંચી લીધી હતી. જાતને ખેંચી લેવામાં પણ કોઈ કટુતા, વક્રતા કે રીસનો ભાવ લેશમાત્ર આવવા દીધો નહોતો.

કરોડો હિંદીઓનાં હૈયાંનો હાર ફરી પાછો સાવ એકાકી બનીને, અરણ્યરુદનની પરિસ્થિતિમાં પહોંચી જઈ લોકદેવતાની સેવામાં પાછો બિહાર પહોંચી જાય છે. એમના દિલમાં તો પાકી ખાતરી જ છે કે, ''બ્રિટિશ રાજકર્તાઓ તથા ઉચ્ચ કક્ષાના અમલદારો સચ્ચાઈપૂર્વક પોતાનો ભાગ ભજવે તો દેશમાં કશી અરાજકતા ન વ્યાપી શકે. તેમ છતાંય એ અરાજકતા, અંધાધૂંધી અને પરાણે લાદવામાં આવેલી સુલેહશાંતિ એ બે વચ્ચે દુર્ભાગ્યે મારે પસંદગી કરવાની આવે તો હું જરાયે અચકાયા વિના અંધાધૂંધી પસંદ કરું. સુલેહશાંતિની કિંમત તરીકે હું કોઈ પણ સંજોગોમાં બ્રિટિશરોએ પાડેલા દેશના ભાગલા નહીં સ્વીકારું'' અને પરિસ્થિતિની નાડના જાણકાર ચિકિત્સકની જેમ કહે છે, ''બ્રિટિશ સત્તા અહીં ન હોય તોયે અમારે આ દાવાનળમાંથી પસાર થવું પડત. પરંતુ એનો તાપ અમને તાવીને શુદ્ધ કરત.''

મુશ્કેલી હતી સરહદ પ્રાંત તથા બલુચિસ્તાનની. એક વાર બાદશાહખાને કહ્યું, ''મહાત્માજી, હવે તમે અમને પાકિસ્તાની જ લેખશો ને ?''

''અહિંસા કદી નિરાશ થતી નથી. અમને પાકિસ્તાન ખપતું નથી એવું તમે જાહેર કરો. સંજોગો અનુકૂળ થતાં હું પણ સરહદ પ્રાંતોમાં આવવા માગું છું. હું પાસપોર્ટ નહીં કઢાવું, કેમ કે

ભાગલામાં હું માનતો નથી. અને પરિણામે કોઈ મને મારી નાખે તો એવા મોતને હું વધાવી લઈશ. પાકિસ્તાન થશે તો મારું સ્થાન પાકિસ્તાનમાં હશે.'' બાપુએ બાદશાહખાનને છેવટ સુધી સધિયારો આપ્યા કર્યો.

છેલ્લા દિવસો ખૂબ બેચેનીના દિવસો હતા. ''લોકો મને કાશી અથવા હિમાલય ચાલ્યા જવા કહે છે પણ જ્યાં દુઃખ છે, વિટંબણા છે, ત્યાં જ છે મારી તપશ્ચર્યાનો હિમાલય! બાદશાહખાનની પીડા મારા હૃદયને વલોવી નાખે છે, પરંતુ હું આંસુ સારું તો એ કાયરતા થાય અને એ ભડવીર પઠાણ ભાંગી પડે. ભાગલા જોવા કદાચ હું જીવતો નયે રહું. પણ કદાચ એ અનિષ્ટ હિંદ પર આવી પડે તો એનો વિચાર કરતાંય આ ડોસાએ શી શી મનોવેદના ભોગવી હતી એ ભવિષ્યની પ્રજા જાણી લે. એમ ન કહેવામાં આવે કે ગાંધી હિંદના દેહછેદનનો પક્ષકાર હતો.'' છેવટ સુધી એ સત્ય કહેતા રહ્યા અને દિલ્હીના ગૂંગળાવનારા વાતાવરણમાંથી બિહારની પ્રગટ હોળી વચ્ચે બળવાઝળવા જઈ પહોંચ્યા.

## ૮. ભારતમાતાના બે ટુકડા

એક બાજુ દીર્ઘ તપશ્ચર્યા બાદ ભારતની ક્ષિતિજ પર સ્વરાજ્યનો સૂર્યોદય ઊગે છે તો બીજી બાજુ અખંડ ભારતમાતાના બે લોહીલુહાણ ટુકડા થાય છે. ભારતના પાટનગરમાં જે દિવસે ઝળહળતી રોશની વચ્ચે ત્રિરંગી ઝંડો ફરકાવી ખુશાલીનો મહોત્સવ ઊજવવાનો છે, તે જ દિવસે

ભારતમાતાનો એક પનોતો પુત્ર પોતાના જીવનની સંધ્યા ટાણે સાવ એકલો પોતાની જીર્ણશીર્ણ કાયાને ઢસડતો ખેંચતો બિહાર, નોઆખલીના રમખાણગ્રસ્ત લોકોનાં લોહીભીનાં આંસુ લૂછતો કાજળકાળા અંધકારમાં ગામેગામ ભટકે છે.

સ્વરાજ્યની ઘોષણા સાથે જ રાવલપિંડી, લાહોરમાં ભયંકર ખૂનખરાબી થાય છે, તો તેના વળતા જવાબરૂપે પંજાબમાં પણ અકલ્પ્ય કોમી તોફાનો ફાટી નીકળે છે. ધાવણાં બાળકો ઠંડે કલેજે ભાલાથી વીંધાયાં, લાજ લૂંટેલી સ્ત્રીઓની કાં લાણી કરવામાં આવી, કાં એમની છાતી કાપી નાખવામાં આવી. કતલબાજી, આગ, લૂંટફાટ, રેલગાડી પર હુમલા, સ્ત્રીઓનાં અપહરણ — આ બધું તો જાણે છાપાંના રોજિંદા વાસી સમાચાર બની ગયા. આ રમખાણોમાં બંને પક્ષે સારી એવી ક્રૂરતા, હિંસા તથા પાયમાલી પણ થઈ જ.

લોહીનો રેલો વહેતો વહેતો પાટનગરમાં પણ આવી પહોંચ્યો. એક બાજુ કરોડો નિરાશ્રિતોને વસાવવાનો પ્રશ્ન, બીજી બાજુ રોજેરોજ થતી કત્લેઆમ. બાપુને બોલાવ્યા સિવાય રસ્તો સૂઝે તેમ નથી. બાપુને આવવું પડે છે. હિંદુ-મુસલમાન બંને વર્ગોમાં ફરે છે અને નિર્ભયતાપૂર્વક જે કાંઈ કહેવાનું છે તે કહી સૌને આશ્વાસન, ધૈર્ય ગાંઠે બાંધે છે, ''માણસે જે બગાડી મૂક્યું છે તે ઈશ્વર સંભાળી લેશે તેવી શ્રદ્ધા રાખો.'' પરંતુ મહાત્મા જેટલી ઊંચાઈ સાધારણ માણસે ક્યાંથી પ્રાપ્ત કરી હોય! એ તો રીઝે તોપણ મા ઉપર અને ખિજાય તોપણ મા ઉપર.

એક બાજુ પીડાયેલા, દાઝેલા, ત્રાસેલા મુસલમાનોનો પ્રહાર તો બીજી બાજુ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના હિન્દુઓનો પ્રહાર!

ઢોલક બેય બાજુથી ઠીક પિટાતું રહ્યું, સાથોસાથ ગાંધીજીના જીવન અંગેનું જોખમ પણ વધતું ચાલ્યું. ગૃહપ્રધાન તરીકે સરદાર પટેલ માટે તો બાપુની સલામતી એ ભારે મોટી ચિંતાનો વિષય થઈ પડ્યો, પણ બાપુ તો પ્રાણનીય પરવા કર્યા વગર સતત ઝૂઝતા જ રહ્યા.

શરીર, મન, બુદ્ધિને સતત તાણ પડતી જ રહી. પરિણામે શરીર ઘસાતું ચાલ્યું. ઊંઘમાં પણ આ જ પ્રશ્ન અંગે સ્વપ્નો સતાવવા માંડ્યાં. કોઈકે કહ્યું કે, આપનો સમગ્ર આત્મા આ મિશનને વરી ચૂક્યો છે, એટલે આવું થાય છે. પણ બાપુ ગાફેલ નથી. એ તરત જ કહે છે કે સંપૂર્ણ સ્વાર્પણ એટલે ઈશ્વર પ્રત્યે સંપૂર્ણ શરણાગતિ અને તેથી સંપૂર્ણ અનાસક્તિ. ચિંતાનો અર્થ એ જ કે પરિણામને વિશે ફિકર. એ ઈશ્વરથી જુદાપણાનું લક્ષણ છે. ''હજી હું સંપૂર્ણપણે ઈશ્વરમાં સમાયો નથી અને તેથી મારી સાધના અપૂર્ણ છે.'' રાષ્ટ્રની આવી ગંભીર કટોકટીની પળે પણ આ માણસ પોતાની સાધનાના સરવાળા-બાદબાકી કરી જાણે છે, એનું એકમાત્ર કારણ એ છે કે એણે કદી જીવનના ટુકડા નહોતા પાડ્યા. શું વ્યક્તિગત જીવન કે શું સામાજિક જીવન — એને માટે પ્રભુનાં ચરણોમાં ધરવાની એક આહુતિ હતી, એ અધૂરી હોય, કલંકિત હોય તે કેમ ચાલે ?

૧૯૪૮નો જાન્યુઆરી મહિનો બેસે છે. છેલ્લા કેટલાય વખતથી હમણાં તો દિલ્હીમાં જ નિવાસ છે, 'करेंगे या मरेंगे'ની ભાવના સાથે બેઠા છે. શક્તિનું છેલ્લું ટીપું ખર્ચાઈ રહ્યું છે, પણ કોમી તંગદિલીની પરિસ્થિતિમાં ઝાઝો ફરક વર્તાતો નથી. સરકારમાં બેઠેલા સાથીદારોની દાનતમાં કશી કચાશ છે તેવું

નથી, પણ સમસ્યા જ એવી વિકરાળ છે કે સૌના હાથ હેઠા પડે છે. ઉપર ઉપરથી તો કદાચ એવો ભાસ પણ થાય કે હવે બધું ધીરે ધીરે થાળે પડી રહ્યું છે, પણ સૌના અંતરમાં ભારેલો અગ્નિ છે. એનો દાવાનળ પ્રગટવામાં પળનોય વિલંબ ન થાય. ગાંધીજી આ બધું જોતાં-ચકાસતા હતા. દિલ્હી જાણે કબ્રસ્તાન બની ગયું હતું. છેવટે અંતરાત્માના આદેશથી ગાંધીજી ૧૩મી જાન્યુઆરીથી ૨૧ દિવસના ઉપવાસનો આરંભ કરે છે. આ સત્યાગ્રહ કોઈ એકલદોકલ વ્યક્તિ કે સરકાર સામે નહોતો. આ તો રાષ્ટ્રના હૃદયને તોડી નાખતી વિષમ પરિસ્થિતિમાંથી ઊગરવા સૌ કોઈને મથવાની પ્રેરણા દેતો સત્યાગ્રહ હતો. આ ઉપવાસને પરિણામે શીખ, હિંદુ, મુસલમાન સૌ કોઈની હૃદયશુદ્ધિ થાય, સૌ કોઈ આંતરપરીક્ષણ કરે એ પણ એમને અભિપ્રેત હતું જ.

ઉપવાસની આ જાહેરાતે દેશને હલબલાવી મૂક્યો. ખિજાયેલા, રિસાયેલા, પીડિત, ત્રસ્ત લોકો પણ સમજતા હતા કે બાપુ તો સદંતર નિર્દોષ છે. આ બધું તો આપણાં કર્યાં આપણે ભોગવીએ છીએ, બાપુનો એમાં શું વાંક ? પણ બીજી રીતે વિચારનારો પણ એક વર્ગ ભારતમાં હતો.

હજી તો ઉપવાસનો પહેલો દિવસ છે. પ્રધાનમંડળના સભ્યો બાપુની પથારીની આસપાસ બેસી પાકિસ્તાન સાથેની આર્થિક ભાગીદારીનો પ્રશ્ન ચર્ચી રહ્યા છે. ગાંધીજી મુસલમાનો તરફ વધારે પડતા ઢળી રહ્યા છે. તેમનો ખુલ્લો પક્ષપાત, હિંદને તેઓ ડગલે ને પગલે અન્યાય કરે છે. આવું વિચારનારું એક જૂથ આ દિવસો દરમિયાન આકાર લઈ રહ્યું હતું. રાષ્ટ્રીય સ્વયંસેવક

સંઘનો તો વિરોધ સ્પષ્ટ જ હતો, કારણ કે તેઓ તો હિંદુ રાષ્ટ્રના જ હિમાયતી હતા. સભા ચાલી રહી હતી તે દરમિયાન બિરલાભવનની બહારથી પોકારો સંભળાવા લાગ્યા. 'લોહીનો બદલો લોહી', 'અમારે વેર લેવું છે', 'ગાંધીને મરવા દો'.... તે જ વખતે પંડિતજી મોટરમાં બેસવા બહાર આવ્યા. ''કોણ પોકારે છે કે ગાંધીને મરવો દો ? હિંમત હોય તો મારી હાજરીમાં ફરી બોલો જોઉં ? ગાંધીને જેમણે મારવા હશે તેમણે પ્રથમ મને મારી નાખવો જોઈશે.''

બાપુએ અંદર પૂછી લીધું કે દેખાવ કરનારા કેટલા છે ? 'ઝાઝા નથી'નો જવાબ સાંભળી, નિઃશ્વાસ નાખી રામનામ જપવા લાગ્યા. પણ આ ઉપવાસની ખબરો જેમ જેમ સર્વત્ર પહોંચતી ગઈ તેમ તેમ તેના સાનુકૂળ પ્રત્યુત્તરો પણ મળતા ગયા. લાહોરથી મૃદુલા સારાભાઈનો તાર હતો, ''ગાંધીજીની જિંદગી બચાવવા અમે શું કરી શકીએ એ જ અહીંના મુસલમાન-હિન્દુ જાણવા માગે છે.'' પોતાના પડદાના એકાંતમાં રહી અસંખ્ય મુસ્લિમ સ્ત્રીઓએ મહાત્માના પ્રાણ બચાવવા ખુદાને બંદગી કરી. જે લોકોએ ચંગીઝખાન અને હૂલાકૂને પણ ટપી જાય તેવા જુલમો ગુજાર્યા હતા તેવા લોકોએ પણ જાહેરમાં કહ્યું કે ગાંધીજીના પ્રાણ કોઈ પણ શરતે બચાવી લેવા જોઈએ.

પરંતુ ત્રીજે જ દિવસે એમની તબિયતે 'જોખમના પ્રદેશ'માં પ્રવેશ કરી દીધો. વજન ઘટવું, નબળાઈ વધવી, પેશાબમાં એસિટોન જવો, પેશાબ ઘટી જવો વગેરે ચિંતાજનક હતું. છતાંય પ્રાર્થના-પ્રવચનો ચાલુ રહ્યાં. શું કરીએ તો બાપુજી ઉપવાસ છોડે? — એ તે વખતનો રાષ્ટ્રનો જાણે ધ્રુવ પ્રશ્ન થઈ ગયો.

સરકારે પણ જાહેર કરી દીધું કે ભારત પાકિસ્તાનને ૫૫ કરોડ રૂપિયા તત્કાળ ચૂકવી દેશે અને બે દેશ વચ્ચે ઘર્ષણ પેદા કરનારાં સઘળાં કારણો દૂર કરવાને તે ઇંતેજાર રહેશે. એટલામાં દિલ્હીમાંથી હાંકી કાઢવામાં આવેલા મુસલમાનોનો કરાંચીથી તાર આવ્યો કે, ''અમે અમારાં અસલ ઘરોમાં પાછા આવી ફરી વસી શકીએ ?'' આ તાર વાંચતાંની સાથે જ ગાંધીજીએ કહ્યું કે, ''મારા ઉપવાસ છૂટવાની આ રહી કસોટી.'' અને વાતાવરણમાં જાણે વિદ્યુત સંચાર થયો હોય તેમ પ્રવાહ ઝડપથી ઊલટી દિશામાં વહેવા લાગ્યો. આ ઉપવાસમાં માત્ર ગાંધીભક્તોની નહીં, તટસ્થપણે પરિસ્થિતિને ચકાસનારા લોકોની પણ સહાનુભૂતિ હતી. સ્ટેટ્સમૅનના ભૂતપૂર્વ મંત્રી આર્થર મૂર પહેલાં તો ઉપવાસ માત્રના વિરોધી હતા, પણ જે દિવસથી બાપુએ ખાવાનું છોડ્યું તે જ દિવસથી આ પ્રશ્નની સહાનુભૂતિમાં તેમણે પણ કેવળ પાણી પર સંમતિસૂચક ઉપવાસ શરૂ કરી દીધા હતા.

ઉપવાસનો છઠ્ઠો દિવસ હતો. ભારત-પાકિસ્તાનના વ્યાપક ગાંધી-પરિવારનાં બધાં જ ચક્રો પોતપોતાની રીતે ગતિમાન થઈ ગયાં હતાં. બાપુએ ઉપવાસ છોડવાની જે છ-સાત શરતો લખી આપી હતી તે ઉપર બંને દેશોની વિવિધ પ્રાતિનિધિક સંસ્થાઓની સહી એકઠી થઈ રહી હતી. હજી થોડીક મહત્ત્વની સહીઓ બાકી હતી તેટલામાં આ બાજુ બિરલાભવનથી ફોન આવ્યો કે ગાંધીજીની સ્થિતિ ગંભીર છે. ઘડીભરમાં તો ગાંધીજીનો ઓરડો ખીચોખીચ ભરાઈ ગયો. છેવટની સહી પણ આવી ગઈ હતી. રાતોરાત જાગીને યુદ્ધના ધોરણે કામ થયું હતું.

સૌએ ઉપવાસ છોડવા બાપુને વિનંતી કરી. ગાંધીજીએ સ્પષ્ટ કહ્યું કે, ''મને છેતરીને ઉપવાસ છોડાવશો તો ફરી શરૂ કરતાં પાછો પડું એવો માણસ હું નથી, એ ધ્યાન રાખજો''....અંતે, મૌલાના આઝાદના હાથે ૧૮મી જાન્યુઆરીએ બપોરે પોણા વાગ્યે મોસંબીનો રસ લઈ બાપુએ ઉપવાસ છોડ્યા.

સૌ વિખેરાયા, પંડિતજી રોકાયા હતા. છેલ્લા ત્રણ દિવસથી તેમણે પણ પાણી ઉપર જ ઉપવાસ કર્યા હતા તે વાત તેમના ઘરમાં પણ કોઈ જાણી ના શક્યું. બાપુ આ વાત જાણી ગદ્‌ગદિત થઈ ગયા....એ ગયા પછી, બાપુથી રહેવાયું નહીં, ચિઠ્ઠી લખીને આપી —

''जवाहर, उपवास छोडो... बहुत वर्ष जीओ और हिंदके जवाहर बने रहो... बापूके आशीर्वाद !

આર્થર મૂરને પણ તરત જ ઉપવાસ છોડવા માટે ફોન કરવામાં આવ્યો. મૂરે જવાબમાં કહ્યું, ''હમણાં જ સુખદ સમાચાર મળ્યા એટલે એક કપ કૉફી લઈ સિગાર ફૂંકી રહ્યો છું.'' સો જેટલી મુસ્લિમ નિરાશ્રિત બહેનોએ પણ છ દિવસના રોજા રાખેલા.

આ ઉપવાસ છૂટ્યા ને તરત જ બાપુનું ધ્રુવપદ પાછું શરૂ થયું કે, ''હવે મારે ઝટ પાકિસ્તાનમાં પહોંચવું છે.''

# ૯. અંતિમ પર્વ

પરંતુ ઈશ્વરની યોજના કાંઈક જુદી જ હતી. હજુ તો ઉપવાસ છૂટ્યાને માત્ર બે જ દિવસ વીત્યા છે અને સાંજની પ્રાર્થનાસભામાં ૨૦મી જાન્યુઆરીએ ગાંધીજીની બેઠકથી આશરે ૭૫ ફૂટ દૂર એક બૉમ્બ ફૂટે છે અને પશ્ચિમ પંજાબથી આવેલો પચીસ વર્ષનો મદનલાલ પહવા નામનો નિરાશ્રિત હાથમાં બીજા એક બૉમ્બ સાથે પકડાય છે.

આ ઘટના અંગે બાપુ તો એમની ઊંચાઈએથી જ પ્રત્યાઘાતો આપે છે — ''એના પ્રત્યે કોઈ ક્રોધ કે ઘૃણા ના કરશો. હું હિન્દુ ધર્મનો દુશ્મન છું તેમ તેણે માની લીધું હશે. ઈશ્વર એનું ભલું કરો. એને કોઈ સતાવે નહીં તેટલું જોજો.... ગોળીઓ છૂટતી હોય છતાંય હું સ્વસ્થ રહું, રામનામ લેતો રહું ને તમારા સૌ પાસે લેવડાવતો રહું એવી શક્તિ ઈશ્વર મને આપે તો જ હું ધન્યવાદને લાયક ઠરું ખરો.''

ગાંધીજી ભોળા કે મૂરખ નહોતા. એ જાણતા હતા કે આ કોઈ બેજવાબદાર ગધાપચીસીનો નિરુપદ્રવી અટકચાળો નહોતો. આ ઘટનાની પાછળ ભયંકર અને રાષ્ટ્રદ્રોહી સંકુચિત મનોવૃત્તિ કામ કરી રહી હતી તેનો તેમને અંદાજ હતો. હિંદુઓનું વર્ચસ્વ જ ઇચ્છતી મનોવૃત્તિ ભારતના ટુકડેટુકડા કરી નાખે તેની તેમને ભારોભાર ચિંતા હતી. હિંદુઓને મુખ્યત્વે આ જ વાત તેઓ સમજાવતા. ઉપવાસ પછી કેવળ ગાંધીનો દેહ સ્વાસ્થ્ય પાછું નહોતો મેળવી રહ્યો, દેશ પણ પોતે ગુમાવેલું સ્વાસ્થ્ય ધીરે ધીરે સમેટી રહ્યો હતો. ભારત-પાકિસ્તાનના વડા પ્રધાનો સાથે બેસી

બંને દેશોને લગતા પ્રશ્નો નિવારવા પ્રયત્ન કરે, જરૂર પડે તો ગાંધી-ઝીણા એમાં સલાહસૂચના આપે. આ બાબતમાં પ્રયત્નો આગળ વધી રહ્યા હતા. ગાંધીજી પાકિસ્તાન પહોંચી જવા તલપી રહ્યા હતા. આ બાજુ ગાંધીજીનાં વર્ધા અને સેવાગ્રામ પણ પોતાના બાપુને પોતાને ઘેર જોવા ઝંખી રહ્યાં હતાં. ''સ્વરાજ્ય લીધા સિવાય સાબરમતી પાછો નહીં ફરું'' એ પ્રતિજ્ઞા પણ હવે તો પૂરી થઈ શકે તેમ હતી, પણ એને તો દુઃખીઓનાં આંસુ લૂછવાં હતાં. એની આંતરડી કકળતી હતી. પેલા હજારો ત્રસ્ત લોકો માટે, જે જીવનમાં કદી ન કલ્પેલાં, નરપશુનેય શરમાવે તેવાં પાશવી કૃત્યોના દરિયામાં ગૂંગળાઈ રહ્યા હતા. શું ભારતમાં કે શું પાકિસ્તાનમાં, માણસ માણસ મટી ગયો હતો અને નરી હેવાનિયત પ્રગટ થઈ રહી હતી. દિલ સૌ કોઈનાં ઘવાયેલાં હતાં અને ઘવાયેલું દિલ પોતાનાને જ લાત મારે તેમ સૌ બાપુને ઠેબે ચડાવતું હતું.

૨૯મી તારીખે બપોર પછી કેટલાક હિંદુ નિરાશ્રિતો ગાંધીજીને મળવા આવે છે. પંજાબના ગુજરાત રેલવે સ્ટેશન પર ગાડીમાં થયેલી કત્લેઆમમાંથી બચી ગયેલા આ હિંદુ લોકો હતા. રોષમાં ને રોષમાં તેઓએ બાપુને કહ્યું, ''હવે તમે આરામ શા માટે નથી લેતા ? આપ પૂરતું નુકસાન કરી ચૂક્યા છો. આપે અમારું સત્યાનાશ વાળ્યું છે. આપે હવે અમને અમારું ફોડી લેવા દેવું જોઈએ, અને હિમાલયમાં જઈને વસવું જોઈએ.''

''કોઈના કહેવાથી હું નિવૃત્તિ લઈ શકું નહીં. મેં મારી જાતને એકમાત્ર ઈશ્વરના આદેશ પર છોડી દીધી છે'' દૃઢતાપૂર્વક બાપુ બોલ્યા.

''અમને પણ આવું કહેવા અમારો ઈશ્વર જ આદેશ આપી રહ્યો છે. શોકથી અમે પાગલ બની ગયા છીએ.''

''મારો શોક પણ તમારાથી ઓછો નથી.'' ...પેલા લોકો વિદાય લે છે, પરંતુ આ વાત એમના હૃદયમાં આખો દિવસ પડઘાતી રહી.

તે જ દિવસે ગ્વાલિયરના શ્રીનિવાસન મળવા આવે છે. તેમને બાપુ કહે છે, ''બિરલાભવન સામે ઊભેલું ટોળું તમે જોયું ? તેઓ વેણુથી આવ્યા છે. તેમાંનો એક તો મારા ઉપર ખૂબ ખિજાયેલો હતો. મને કહે, 'ગાંધીજી, હવે તમારે મરવું જોઈએ.' મેં કહ્યું કે, 'મારો અંતર અવાજ ના કહે ત્યાં સુધી હું નહીં મરું. અને ખબર છે, એણે મને શું કહ્યું ? એ બોલ્યો, 'પણ મારો અંતરાત્મા કહે છે કે તમારે મરવું જોઈએ.'''

''બાપુ, એ લોકો તમારા જ શબ્દો પોપટની જેમ રટી જાય છે. તેનો અર્થ અને તેનું ગાંભીર્ય તેઓ જાણતા નથી'' શ્રીનિવાસને કહ્યું.

''પણ મને તેમની દયા આવે છે. એમના માટે પણ મારા હૃદયમાં ભારોભાર વ્યથા છે. તમારું પણ ઘર બળી જાય, તમારી જ હાજરીમાં તમારાં બૈરી-છોકરાં લૂંટાય, સતાવાય અને કતલ કરાવાય, તો શું તમને ગુસ્સો ના ચડે ? એમને લાગે છે કે આ બધા માટે હું જવાબદાર છું અને એમના માટે સહાનુભૂતિ છે. એમના ક્રોધને પણ હું સમજી શકું છું.''

એ જ સાંજે સાયંપ્રવચનમાં કહ્યું, ''હિમાલય જઈ શાંતિ ભોગવવા હું તમારાથી દૂર જઈ ના શકું, પરંતુ તમે સૌ જો હિમાલય ચાલ્યા જાઓ તો તમારા સેવક તરીકે તમારી પાછળ હું

આવું. મારો હિમાલય તમે જ છો.'' આખો દિવસ ભરચક કામમાં વીત્યો. આ રાત્રે થોડું માથું દુખવા લાગ્યું. ઉધરસનું સખત ખાંખણું આવ્યું તો ગોળી લેવા કહેવામાં આવ્યું તો કહે, ''જો હું રોગથી મરું, અરે, એક નાનકડી ફોડકીથીય મરું, તો તું દુનિયાને પોકારી પોકારીને કહેજે કે આ દંભી મહાત્મા હતો. તો જ હું જ્યાં હોઈશ ત્યાં મારા આત્માને શાંતિ થશે. ભલે મારે ખાતર લોકો કદાચ તને ગાળો દે, મારી નાખે. અઠવાડિયા પહેલાં જેમ ધડાકો થયો તેમ કદાચ કોઈ મને ગોળીથી મારે અને તે સામી છાતીએ ઝીલું છતાં મોઢામાંથી સિસકારો ન નીકળતાં રામજીનું રટણ ચાલતું હોય તો જ કહેજે કે આ સાચો મહાત્મા હતો.'' ખબર નહીં, એમની પાસે કોણ આ બધું બોલાવતું હતું !

* * *

૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮નો શુક્રવાર ! ગોઝારો કહીશું કે ઉજિયારો ? ભગવાન ઈશુનો બલિદાન વાર તો ખરો જ !

મળસકે સાડાત્રણ વાગ્યે મહાત્માનો દિવસ ઊગે છે. એક સાથીદાર પ્રાર્થના માટે જાગી ન શક્યા, સાથીની આ ક્ષતિ પોતાની ક્ષતિ સમજી મનમાં ઓછું આણે છે. જીવનની અધૂરપ એને સાલે છે. એ એક દેહમાં નથી જીવતો, અનેક દેહમાં જીવે છે. પ્રાર્થના પછી કામે ચડી જાય છે. કૉંગ્રેસની પુનર્રચના અંગેનો ગઈકાલનો અધૂરો રહી ગયેલો એક મુસદ્દો પૂરો કરવાનો છે, જેમાં 'લોક સેવક સંઘ'નો પર્યાય આપે છે, જે ગાંધીજીના અંતિમ વસિયતનામા તરીકે જગપ્રસિદ્ધ થયો. સવારે પોણા પાંચે હમેશ મુજબનું મધ, લીંબુ અને ગરમ પાણીનું પીણું લે છે. એક

કલાક પછી ૧૬ ઔંસ મોસંબીનો રસ લે છે. થોડાક આડા પડી પાછા પત્રવ્યવહારનું કામ શરૂ કરે છે. શરીરમાં થોડી નબળાઈ વર્તાય છે એટલે સવારે ફરવા જવાને બદલે ઓરડામાં જ આંટા મારે છે. મનુ સાથે નથી રહી શકતી કારણ ઉધરસ માટે લવિંગનો ભૂકો વાટવાનો બાકી રહી ગયો છે, જેની જરૂર સાંજે પડશે. ત્યારે બાપુ મનુને ટકોર કરે છે, ''રાત પડતાં પહેલાં શું થશે અને હુંયે જીવતો હોઈશ કે કેમ એની કોને ખબર ? અને રાત સુધી હું જીવતો હોઈશ તો ત્યારે તું સહેલાઈથી લવિંગનો ભૂકો બનાવી શકીશ.''

માલિશ-સ્નાન પછી તેઓ પ્રફુલ્લ લાગતા હતા. વજન લીધું - ૧૦૯ રતલ. બંગાળી પાઠ લખ્યો. નોઆખલીની યાદમાં રોજ બંગાળી ભાષાનું શિક્ષણ ચાલુ કર્યું હતું. સાડા નવ વાગ્યે બાફેલું શાક, બકરીનું ૧૨ ઔંસ દૂધ, ચાર મોસંબી, કાચા ગાજરનો રસ તથા આદું, ખાટાં લીંબુ, તથા ઘૃતકુમારીના ઉકાળાનું ભોજન લીધું. ભોજન કરતાં કરતાં કૉંગ્રેસના મુસદ્દા પરના પ્યારેલાલજીએ કરેલાં સૂચનો જોઈ સુધારાવધારા કર્યા.

ત્યાર પછી તેમના મંત્રી પ્યારેલાલજી સાથે નોઆખલીના કામ અંગે વાતો કરતાં કહ્યું, ''તમે નોઆખલી જઈ ત્યાંના કામમાંથી ફારેગ થઈ મારી સાથે પાકિસ્તાન જવા વખતસર પાછા આવો.''

''તો હું આજે જ નીકળી જાઉં'' પ્યારેલાલજી કહે છે.

''ના, હું વર્ધા જવા નીકળું પછી જ તમે જઈ શકો.'' બાપુ માટે આવું કહેવું કાંઈક નવતર હતું. ફરજના સ્થાને પહોંચી જવાનો વિલંબ એમને માટે અસહ્ય હતો, એને બદલે તેઓ રોકી

રહ્યા હતા.

સાડા દશ વાગ્યે આરામ કરતાં પહેલાં પાછો બંગાળી પાઠ વાંચી લીધો. આરામ પછી પાછી મુલાકાતો ચાલી. બપોર પછી દિલ્હીના મૌલાનાઓ મળવા આવ્યા. વર્ધાથી જલદી પાછા ફરવા અંગેની વાતચીતમાં બોલ્યા, ''૧૪મી ફેબ્રુઆરી સુધીમાં અહીં પાછા ફરવાનું જરૂર ધારું છું, પરંતુ વિધિએ કંઈક જુદું જ નિર્માણ કર્યું હોય તો જુદી વાત. પરમ દિવસેય હું અહીંથી નીકળી શકીશ એની મને ખાતરી નથી. એ બધું ઈશ્વરના હાથમાં છે. પહોંચવાના ખબર તારથી આપવાની વાત નીકળી તો કહે, ''તાર માટે પૈસા શાને ખરચવા ? હું સાંજે પ્રવચનમાં કહીશ તો સેવાગ્રામવાળાઓને તાર મળે તે પહેલાં છાપાંઓમાં ખબર મળી જશે.''

બપોર પછી એક પત્રકારે પૂછ્યું, ''તમે સેવાગ્રામ જવાના છો ?''

''હા, છાપાંઓએ જાહેર કર્યું છે ખરું કે ગાંધી પહેલી તારીખે વર્ધા જશે. પણ એ ગાંધી કોણ છે, એ હું નથી જાણતો.'' ભાષા બદલાઈ ગઈ છે.

ભવિષ્ય જાણે જીભ પર આવીને બેસી ગયું છે. મુલાકાતો પર મુલાકાતો ! છેલ્લે ચાર વાગ્યે સરદાર તેમનાં પુત્રી મણિબહેન સાથે આવે છે. રેંટિયો કાંતતાં કાંતતાં કલાક સુધી વાતો ચાલે છે. સરદાર-નેહરુના મતભેદવાળી બાબત ચર્ચાય છે, છેવટે આગ્રહપૂર્વક કહે છે કે પ્રધાનમંડળમાં બંનેની હાજરી અનિવાર્ય છે. તમારા બંને વચ્ચે વૈમનસ્યના પ્રેતને છેવટનું દફનાવવામાં નહીં આવે ત્યાં સુધી હું દિલ્હી છોડીશ નહીં.

સાડા ચાર વાગ્યે મનુ સાંજનું ભોજન લાવી. લગભગ સવારના જેવું જ !....

પ્રાર્થનાનો સમય થવા આવ્યો હતો. આભા ઊંચીનીચી થતી હતી. પણ સરદાર સાથેની વાતચીત હજી પૂરી થતી નહોતી....છેવટે સામે ઘડિયાળ ધરવામાં આવ્યું તો 'હવે તો મારે ગયે જ છૂટકો' કહી ઊભા થયા. કાઠિયાવાડથી આવેલા બે મુલાકાતીઓને માટે કહ્યું, ''પ્રાર્થના પછી તેમને આવવાને કહો. ત્યારે હું તેમને મળીશ — જીવતો હોઈશ તો.''

અને મનુ-આભાની લાકડીના ટેકે મજાક ઉડાવતા, હસતા પ્રાર્થનાભૂમિ તરફ ચાલ્યા. ચોતરા તરફ વળતાં કહે, ''હું દશ મિનિટ મોડો છું. મોડા થવાનું મને બિલકુલ પસંદ નથી. બરાબર પાંચને ટકોરે પ્રાર્થનામાં હું હોઉં એ મને ગમે.''

ત્યાં વાતચીત એકદમ અટકી ગઈ. એમના સાથીદારો સાથે છૂપો કરાર હતો કે પ્રાર્થનાભૂમિમાં દાખલ થતાં જ સઘળી વાતચીત, મજાક બંધ ! કેવળ પ્રાર્થનામય હસ્તિ સાથે જ પ્રાર્થનાભૂમિમાં પ્રવેશવાનું !

હજી તો વ્યાસપીઠ પર પહોંચવા થોડાં ડગલાં ભરવાનાં બાકી છે. ભીડ એમને નમસ્કાર કરી રસ્તો કરી આપે છે, બાપુ એમના નમસ્કાર ઝીલી વળતા નમસ્કાર કરવા પોતાના બંને હાથ ઉઠાવે છે, આંગળીઓમાં આંગળી પરોવાય છે ત્યાં જમણી બાજુએથી લોકોને હડસેલી કોઈ સામે આવી ઊભું રહે છે. મનુ એને અટકાવવા કરે છે તો તેને જોરથી ધક્કો મારી, પોતાના હાથ જોડી વાંકા વળી સાત બારની ઑટોમૅટિક પિસ્તોલમાંથી એક પછી એક એમ ત્રણ બાર કરે છે. પહેલી ગોળી છાતીમાં વાગતાંવેંત

આગળ વધવા કરતો પગ વાંકો વળી જાય છે, બીજી અને ત્રીજી ગોળી વખતે પણ પગ પર ઊભા જ છે અને પછી તરત 'જ' ઢળી પડે છે અને મુખમાંથી નીકળે છે, રામ ! રામ !

તેમનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો. સફેદ કપડાં પર ફેલાતો લાલ ડાઘ અને ખભા પર શિથિલ થઈ ઢળી પડતો ઢગલા જેવો દેહ અનુભવ્યો ત્યારે સ્તબ્ધ થઈ ગયેલી છોકરીઓને ભાન થાય છે કે શું બનવા પામ્યું છે !

ગોળી એટલી બધી નજીકથી છૂટેલી કે એક ગોળીનું કોચલું તો પાછળથી ગાંધીજીના કપડાની ગડીમાંથી મળી આવ્યું હતું. પહેલી ગોળી પેટમાં જમણી બાજુએ દૂંટીથી અઢી ઇંચ ઉપર, બીજી ગોળી મધ્યરેખાથી એક ઇંચ જમણી બાજુએ સાતમી પાંસળીની નીચે અને ત્રીજી ગોળી ઉર-સ્થળથી એક ઇંચ ઉપર અને મધ્યરેખાથી ચાર ઇંચને અંતરે વાગી હોય છે. પહેલી બે ગોળી આરપાર અને ત્રીજી ફેફસામાં ભરાઈ ગયેલી મળી હતી.

સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયું હતું. જાણે આકાશમાંથી વીજળી ન પડી હોય ! એક સ્ત્રી ડૉક્ટરે હળવેકથી એમનું માથું ઊંચકીને પોતાના ખોળામાં મૂક્યું. તેમનો દેહ તેની સામે ઊબડો પડ્યો હતો, કાંપતો હતો અને આંખો અર્ધ બંધ હતી. પછી નિશ્ચેષ્ટ અને શિથિલ થઈ ગયેલા દેહને બિરલાભવનમાં અંદર ઊંચકી લાવ્યા અને જ્યાં તેઓ બેસતા અને કામ કરતા હતા તે સાદડી પર હળવેકથી મૂક્યો. પછી એક નાની ચમચી ભરીને મધ તથા ગરમ પાણી તેમના મોંમાં મૂકવામાં આવ્યું, પણ તે અંદર ઊતર્યું જ નહીં. મરણ લગભગ તત્કાળ જ થયું હોવું જોઈએ.

સરદાર આવી પહોંચ્યા હતા. નાડી તપાસી, મંદમંદ ચાલતી

ભાસી. ડૉ. ભાર્ગવે નાડી-આંખ તપાસી ધીરેથી કહ્યું, "દશ મિનિટ પહેલાં જ બધું પતી ગયું છે!" થોડી વારે પં. નેહરુ આવ્યા. ગાંધીજીનાં કપડાંમાં પોતાનું મોં ઢાંકી દઈને બાળકની જેમ તે રડી પડ્યા.

સૌ રડ્યા, તે દિવસે કોણ નહોતું રડ્યું ? સરદાર જેવા દુર્દૈવી કહે છે, "આંસુ સારીને મારો શોક હળવો હું કરી શકતો નથી. રડતાં મને આવડતું નથી. પણ એને લઈને મારા મગજનો લોચો થઈ જાય છે." આ તો હતા બાપુના ડાબા-જમણા હાથ. પણ જેમણે કદી જનમ ધરીને બાપુને સદેહે જોયા પણ નહોતા, તેવા કરોડો લોકોની આંખોમાં આ સમાચારથી આંસુ ઊમટ્યાં. બાપુએ જીવનભરની તપસ્યા દ્વારા ઉગાડેલાં આ ફૂલ હતાં ! જીવતેજીવત બાપુ લાખોના હતા, મરીને બાપુ કરોડોના થઈ ગયા.

બંગલાના માળીની સમયસૂચકતાથી નાથુરામને તરત જ પકડી લઈ પોલીસને સોંપી દેવામાં આવ્યો. અગ્નિસંસ્કારની વ્યવસ્થા કરવાનો હવાલો સંરક્ષણખાતાને સોંપવામાં આવ્યો. ખૂની મુસલમાન છે એવી અફવા વહેતી થાય તો ગામેગામ તોફાન ફાટી નીકળવાનો ભય હતો. વાયુપ્રસારણ દ્વારા તરત જ સમાચાર વહેતા મૂકવામાં આવ્યા. બીજે દિવસે અભૂતપૂર્વ સ્મશાનયાત્રા નીકળી અને રાજઘાટ પાસે બરાબર ચોવીસ કલાક પછી અત્યંત ભવ્ય તથા ઊંચા વ્યાસપીઠ ઉપર ખડકેલી ચિતા ઉપર રાષ્ટ્રપિતાનો દેહ મૂકવામાં આવ્યો. લૉર્ડ તથા લેડી માઉન્ટબેટન, પંડિતજી, સરદાર, દેશવિદેશના એલચીઓ તથા સ્વરાજ્યયાત્રાના અનેક જૂના જોગીઓ અને ગાંધી-પરિવાર એ

ચિતાને વીંટળાઈને બેઠો હતો. સામેના મેદાનમાં હતો વિરાટ જન સાગર ! બરાબર પોણા પાંચ વાગ્યે દેવદાસના હાથે ચિતા પ્રગટાવવામાં આવી અને ધીરે ધીરે અગ્નિની પાવક જ્વાળાઓ લાકડાના ઢગ વચ્ચે પોતાનો મારગ કરી ભભૂકી ઊઠી. સામે પથરાયેલા વિશાળ માનવસાગરમાંથી સહજ ઉદ્‌ઘોષ પ્રગટ્યો, ''મહાત્મા ગાંધી : अमर हो गये ।''

એમના અસ્થિનો અમુક ભાગ બુદ્ધ ભગવાનના પવિત્ર અવશેષોની જેમ સાચવી રાખી કોઈ જાહેર સ્મારક થાય તેવી માગણી આવી, પરંતુ એમના જીવનભરના ઉપદેશો દ્વારા એ ફલિત થતું હતું કે પંચમહાભૂત એ જ એમના અવશેષ માટે યોગ્ય આશ્રયસ્થાન છે. ત્રિવેણી સંગમમાં એમના અસ્થિનું વિસર્જન થયું, સાથોસાથ ભારતભરની તમામ નદીઓમાં પણ વિસર્જન થયું.

અદ્‌ભુત હતું એમનું જીવન, પણ મૃત્યુ તો એમના જીવનની અદ્‌ભુતતાને પણ આંટી ગયું. 'મૃત્યુ' શબ્દ વપરાય છે માટે તે વાપરવો પડે, બાકી વાસ્તવમાં આ તો હતું અમૃતદાન. મૃત્યુ ભણી ધસી જતી માતૃભૂમિને પોતાના દેહનું રક્ત વહાવી એમણે સંજીવની ધારા રેલાવી. ભાઈ-ભાઈ વચ્ચેના વૈમનસ્યની ધારને એમણે બુઠ્ઠી કરી નાખી. અમૃતમાં પ્રવેશવા માટે કદાચ આવું 'મહામૃત્યુ' અનિવાર્ય હશે.

# ૧૦. માનવતાનો મેરુદંડ

એમના જીવનની આ ઉત્તમ પૂર્ણાહુતિ હતી. તેઓ પોતે જ કહેતા કે, કોઈ પણ પવિત્ર મનુષ્ય પોતાના પ્રાણ કરતાં વધારે કીમતી બીજી કોઈ ચીજ કુરબાન ન કરી શકે. એમના જીવનમંદિરનો સુવર્ણકળશ બની જાય તેવું સુંદર હતું આ મૃત્યુ ! પ્રતિક્ષણ જે જાગ્રત હતો, તપસ્યા જેના જીવનનો શ્વાસેશ્વાસ હતો, પ્રેમ જેની નાડીઓનું જેનું રક્ત હતું તેવો નિતાંત પરિશુદ્ધ પરમયોગી કેવળ પ્રભુમય બનીને પ્રભુનાં ચરણોમાં સર્વસ્વ સમર્પિત કરવાના ભાવ સાથે પ્રાર્થનાભૂમિમાં પગલાં માંડે છે. એ પગલાં કોઈ દેહધારી મનુષ્યનાં નથી, એ પગલાં તો છે તપસ્યાનાં, પ્રેમનાં, સમર્પણનાં, પ્રાર્થનાનાં ! પ્રાર્થના સ્વયં જાણે પ્રભુ પાસે પહોંચી રહી હતી અને એને આવકારવા, ભેટવા પ્રભુતા સ્વયં જાણે સામે ચાલીને આવી ! આપણા જેવા સામાન્ય જન માટે ગોડસે કદાચ પશુતાનો પ્રતિનિધિ હોઈ શકે, પણ સ્વયં પ્રાર્થના સામે તો એ હરિરૂપ જ હતો ! ત્યારે તો સરદાર પટેલે કહ્યું, ''મૃત્યુ વખતે ગાંધીના ચહેરા પર નિમિત્ત બનેલ અપરાધી પ્રત્યે દયા અને ક્ષમાવૃત્તિનો બેવડો ભાવ દેખાતો હતો.'' એમના માટે પ્રાણીમાત્ર હરિરૂપ હતા, એટલે જ અચાનક આવી પડેલા આઘાતના પ્રત્યાઘાતમાં પણ 'ઓ બાપરે !' કે એવો બીજો કોઈ ઉદ્ગાર ન નીકળતાં 'રામ ! રામ !'નો ઉદ્ગાર નીકળે છે.

તુલસીદાસજી કહે છે કે जनम जनम मुनि ज़तन करावे, अंत राम कछु आवत नाहे ।....જન્મારો આખો સાધુસંતો રામ રામ રટતા

રહે છે પણ અંતકાળે 'રામ' જીભે ચડતો નથી. બાપુની જીભે અંતિમ શબ્દ બોલાય છે – રામ ! જીવનભરની તમામ ક્ષણો રામનામના રસે રસાઈ હતી, ત્યારે આ છેલ્લી ઘડી ભવ્ય સિદ્ધ થઈ શકી. નાનકડી અવસ્થામાં વાતવાતમાં અજાણતાં જ રંભા દાસીએ 'રામ' શબ્દ ગાંઠે બાંધી આપ્યો હતો. આ જીવનને પેલે પારની યાત્રાએ નીકળતાં પહેલાં પણ એ જ 'રામ' સાથે જીવનનું પેલે પારનું મહાજીવન ગંઠાય છે !

બાપુની 'પૂર્ણાહુતિ' જોતાં યાદ આવે છે — ઈશુનું ક્રૂસારોહણ ! 'ભગવાન, તું એમને માફ કરજે. તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે !' નજર સામે તરવરે છે ભગવાન શ્રીકૃષ્ણ. એ પણ મોહન, ને આ પણ મોહન. બંનેએ પોતપોતાની રીતે સમગ્ર વિશ્વને મોહિત કર્યું. એક મોહને માખણ લૂંટાવ્યું બીજાએ મીઠું લૂંટાવ્યું. હકીકતમાં બંનેય જીવનનો સાર ! એકે ચલાવ્યું સુદર્શન ચક્ર, બીજાએ ચલાવ્યું ચરવડા ચક્ર. કૃષ્ણ પણ છેલ્લે આ જ વાત ઉચ્ચારે છે કે, ''હે વ્યાધ ! તું ચિંતા ના કરીશ. મારે મરવું જ હતું. પણ હવે તું જઈને મારા માનવબંધુઓને કહેજે કે જ્યારે તેઓ કોઈ પણ જીવને હણે છે ત્યારે તેઓ મને હણે છે.''

પૃથ્વીના પુત્ર વિદાય થાય છે અને વિશ્વની ચારેય દિશાઓમાંથી શ્રદ્ધાંજલિનાં ભાવકુસુમ ઝરે છે. આઈન્સ્ટાઈન બોલી ઊઠે છે, ''ભાવિ પેઢી વિશ્વાસ નહીં કરે કે આવો પણ કોઈ માણસ સદેહે આ પૃથ્વી પર વિચરતો હતો.''

બાપુના લાડલા જવાહર કહે છે, ''આ બધાં વર્ષો દરમિયાન જે પ્રકાશ આ દેશને અજવાળતો રહ્યો છે તે આવનારાં અનેક

વર્ષો સુધી આ દેશને અજવાળતો રહેશે. અને હજાર વરસ પછી પણ એ પ્રકાશની પ્રભા આ દેશમાં દેખાતી રહેશે અને અગણિત માનવીનાં સંતપ્ત હૃદયોને તે સાંત્વન આપતી રહેશે, કેમ કે તે પ્રકાશ જીવંત સત્યનો દ્યોતક હતો અને સાંત્વત સત્ય વ્યક્ત કરતો શાશ્વત માનવી આપણી પડખે હતો. તેણે જ આ પ્રાચીન દેશને સ્વાધીનતાના મંદિરે પહોંચાડ્યો.'' નોબલ પ્રાઈઝ વિજેતા સુપ્રસિદ્ધ લેખિકા પર્લ બકે મહાત્માની શહાદતને બીજા 'ક્રૂસારોહણ' તરીકે વર્ણવી. ફ્રાંસના લિયો બ્લુને કહ્યું, ''ગાંધીજીને મેં કદી જોયા નહોતા, તેમની ભાષા હું જાણતો નથી, તેમના દેશમાં કદીય મેં પગ મૂક્યો નથી અને છતાં મારા અતિ નિકટના પ્રિયજનને ગુમાવ્યો હોય એવો શોક હું અનુભવું છું. એ અસામાન્ય પુરુષના અવસાનથી આખી દુનિયા શોકસાગરમાં ડૂબી ગઈ છે.'' હબસી આગેવાનોએ કહ્યું, ''સ્વતંત્રતા માટે લડતા આફ્રિકનો માટે ગાંધીજીનું જીવનકાર્ય સદા ધ્રુવતારકરૂપ અને પ્રેરણારૂપ બની રહેશે.'' શ્રીમતી મેરી બેથુનોએ કહ્યું, ''હૂંફ આપનારો મહાન પ્રકાશ ઓલવાઈ ગયો છે. અમે ધરતીની માતાઓ જેટ વિમાનોની ગર્જનાના, અણુબૉમ્બ પડવાના અજ્ઞાત ભીષણતાઓના ડરથી કાંપતી હોઈએ છીએ ત્યારે, મહાત્માનો સૂર્ય સોળે કળાએ જ્યાં પ્રકાશે છે તે પૂર્વ તરફ અમે આશાભરી મીટ માંડીએ છીએ.''

ઘણુંય લખાયું, ઘણુંય કહેવાયું અને છતાંય જાણે કહેવાનું તો બાકી જ રહી ગયું ! વિનોબાજીએ બાપુની રામલગનને વર્ણવતાં ખૂબ સુંદર તથા યથાર્થપણે કહ્યું છે કે, ''નરસિંહ મહેતાના 'વૈષ્ણવજન'નાં લક્ષણો હું બાપુમાં ચકાસતો અને મને લાગતું કે

'રામનામ શું તાળી લાગી' એ લક્ષણ કાંઈક ઓછું લાગુ પડે છે. આ વાત ૧૯૨૦ની, પણ ત્યાર પછી તો એ એટલી ઝડપથી આગળ વધતા ગયા કે જોતજોતામાં તેઓ રામનામમાં તન્મય થઈ ગયા અને છેવટના ગાળામાં તો જાણે એમણે રામનામની રટ જ લીધી હતી. ત્રણસો સાડા ત્રણસો વરસ પહેલાં તુલસીદાસ અને તુકારામે લગાવી હતી તેવી જ અને છેવટે એ જ નામ લઈને તેઓ ગયા. તે વખતે રોજ એમનાં પ્રાર્થના-પ્રવચનો છપાતાં. છાપાવાળાઓએ છેલ્લા દિવસનું વ્યાખ્યાન છાપ્યું — 'હે રામ !' એમનાં બધાં વ્યાખ્યાનો કરતાં આ આખરી વ્યાખ્યાન સૌથી મહાન છે !''

આ અંતિમ પ્રાર્થના-પ્રવચન જીવનમંદિરનું રામકળશ બની ગયું, કારણ કે તેમાં 'રામ' સંક્રાંત થયો, જીવનમાં ક્રાંતિ સાકાર થઈ અને પરમચૈતન્યમાંથી વિખૂટું પડેલું આત્મતત્ત્વ પાછું પરમધામ પહોંચી ગયું. પૃથ્વી પરની માટી કેટલી ઊંચી ઊડી શકે તે જોવું હોય તો હિમાલયને જુઓ, અને માનવતા કેટલી ઊંચી ઊઠી શકે તે જોવું હોય તો ગાંધીને જુઓ. આમ, માનવતાના માપદંડ તરીકે એ મૂલવાયો. ગુરુદેવે બાપુના જીવતાં જ એક વાર લખેલું કે, ''યજ્ઞદેવને માનવદેહે જન્મવાની ઉત્કંઠા થઈ અને તે ગાંધીરૂપે અવતર્યા ! ગાંધીનું જીવન એ વાસ્તવમાં એક યજ્ઞરૂપ હતું. 'ગીતા-શિક્ષણ' નામના એક પુસ્તકમાં છઠ્ઠા અધ્યાયને સમજાવતાં ગાંધીજી લખે છે:

''સવારના પહોરમાં સૂર્યનારાયણ પોતાનો ઉદ્ધાર કરે છે.
યોગારૂઢ થઈને આવે છે;
અને સંધ્યાને સમયે શાંત થાય છે.

સૂર્ય ખરેખર શાંત થાય છે ?
હું મરીશ ત્યારે પણ થોડો જ શાંત થવાનો છું.''

ફિનિક્સ વિશેના પત્રમાં લખેલી એમની વાત પડઘાયા કરે છે, ''પેલા ફિનિક્સ પંખીની જેમ પોતાની રાખમાંથી જ પાછા સજીવન થઈને ઊઠશું ને ?....ઊઠશું ને ?''

હરિના જન તો મુક્તિ ન માગે,
માગે જન્મોજન્મ અવતાર રે !

## ૧૧. ગાંધીવાણી

બાળપણથી જ સત્યનો ઉપાસક હોવાનો મારો દાવો છે. મારે માટે એ સૌથી સહજ વસ્તુ હતી, મારી ભક્તિભરી ખોજને પરિણામે 'ઈશ્વર સત્ય છે' એ પ્રચલિત સૂત્રને બદલે 'સત્ય એ જ ઈશ્વર છે' એ વસ્તુસ્થિતિનું હાર્દ પ્રગટ કરનારું સૂત્ર મને લાધ્યું. એ સૂત્રની સહાયથી જ હું જાણે કે ઈશ્વરનું પ્રત્યક્ષ દર્શન કરી શકું છું, મારી રગેરગમાં હું તેને વ્યાપી રહેલો અનુભવું છું.

*　*　*

અહિંસા મારો ધર્મ છે, મારો ઈશ્વર છે. સત્ય મારો ધર્મ છે, મારો ઈશ્વર છે. સત્યને ઢૂંઢૂં છું ત્યારે અહિંસા કહે છે કે મારી મારફત ઢૂંઢો; અહિંસાને ઢૂંઢું છું ત્યારે સત્ય કહે છે કે મારી મારફત ઢૂંઢો.

*　*　*

પૂર્ણ સત્ય સાંપડવું એટલે આત્મસાક્ષાત્કાર કરવો. અને પોતાના જીવનનું ધ્યેય લાધવું, એટલે કે પૂર્ણાવસ્થાએ પહોંચવું.

હું સત્યનો એક વટેમાર્ગુ માત્ર છું. અને તેને શોધી વળવાને હું સતત પ્રયત્ન કરી રહ્યો છું, એટલો જ દાવો કરું છું.

સત્યનાં દર્શન અહિંસા વગર થઈ જ ન શકે. તેથી જ કહ્યું છે કે, 'અહિંસા પરમો ધર્મ !'

સત્યનું શોધન અને અહિંસાનું પાલન અસ્તેય, અપરિગ્રહ, અભય, સર્વધર્મસમાનત્વ, અસ્પૃશ્યતાનિવારણ ઇત્યાદિ વગર થઈ ન શકે.

*   *   *

અસ્તેયનો અર્થ ચોરી ન કરવી એટલો જ નથી. જે વસ્તુની આપણને જરૂર નથી તે રાખવી, તે પણ ચોરી છે. ચોરીમાં હિંસા તો ભરેલી જ છે.

*   *   *

સત્યના દર્શનને માટે સંતોનું ચરિત્ર વાંચવું અને તેનું મનન કરવું આવશ્યક છે.

*   *   *

મીરાંબાઈના જીવનમાંથી મહત્ત્વની વાત આપણે એ શીખીએ છીએ કે તેણે ભગવાનને માટે પોતાનું સર્વસ્વ છોડ્યું — પતિ પણ.

*   *   *

શ્રદ્ધાથી માણસ પહાડો ઓળંગી જાય છે.

*   *   *

ગીતા અનુસાર અનાસક્તિની પરાકાષ્ઠા તે મુક્તિ. આ જ અર્થ આપણને ઈશોપનિષદના પહેલા મંત્રમાં મળે છે.

*   *   *

અહિંસા એટલે સર્વવ્યાપી પ્રેમ.

* * *

એક અંગ્રેજી વાક્ય છે કે કુદરતના નખ લોહીથી રંગાયેલા રહે છે. એટલે કે હિંસા તો આ જગતમાં ભરેલી જ છે. પણ આ રાતા નખવાળી કુદરતની વચ્ચે મનુષ્ય એવા નખ વિનાનો શોભી રહેલો છે. મનુષ્યનું તેને શોભે એવું કાંઈ કર્તવ્ય હોય તો તે અહિંસા જ છે. મનુષ્યસ્વભાવ હિંસા નથી, પણ અહિંસા જ છે, કેમ કે તે જ પોતાના અનુભવથી નિશ્ચયપૂર્વક કહી શકે છે, ''હું દેહ નથી, પણ આત્મા છું.'' અને આ દેહને આત્માના વિકાસ અર્થે જ વાપરવાનો મને અધિકાર છે! એમાંથી તે દેહદમનનો, કામરાગાદિ શત્રુઓને જીતવાનો પ્રયત્ન આદરે છે અને જ્યારે એવો વિજય મેળવે ત્યારે જ તેણે મનુષ્યજાતિના સ્વભાવને અનુકૂળ કાર્ય કર્યું કહેવાય. તેથી રાગદ્વેષાદિ જીતવા એ અમાનુષી કાર્ય નથી, પણ માનુષી કાર્ય છે. અહિંસાનું પાલન એ ઊંચામાં ઊંચા પ્રકારની વીરતાનું લક્ષણ છે. અહિંસામાં ભીરુતાને ક્યાંયે સ્થાન નથી.

* * *

સુખ અને દુઃખ, મિત્ર અને શત્રુ, પોતાનું અને પારકું — બધું સમાન સમજવાથી અનાસક્તિ વધે છે. તેથી અનાસક્તિનું બીજું નામ સમભાવ છે.

* * *

વિકારી વિચાર તે બીમારીની નિશાની છે. તેથી આપણે સૌ વિકારી વિચારથી દૂર રહીએ. તેનો એક અમોઘ ઉપાય —

રામનામ છે. નામ કંઠમાંથી જ નહીં, પણ હૃદયમાંથી નીકળવું જોઈએ.

* * *

અનુભવ લેતો જાઉં છું તેમ જોઉં છું કે માણસ પોતે જ પોતાનાં સુખદુ:ખનું કારણ છે.

* * *

જે અંતરમાં ખરેખર સ્વચ્છ છે તે બહાર અસ્વચ્છ હોઈ જ ના શકે.

* * *

સર્વને ધારણ કરે તે ધર્મ એટલે કે ધર્મ દરેક અવસ્થામાં ને દરેક સમય જીવનમાં ઓતપ્રોત છે.

* * *

માણસમાં બીજાને છેતરવાની શક્તિ કરતાં પોતાને છેતરવાની શક્તિ ઘણી વધારે છે. દરેક સમજુ માણસ આ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

* * *

જે વડે સમાજ એટલે કે સૌ લોકો ઊંચે ચડે તે સાચી સમાજસેવા છે. અમુક સમાજ કઈ રીતે ઊંચે ચડે તે માણસ સમાજ જોઈને જ કહી શકે.

* * *

ઈશ્વર મનુષ્ય નથી, એટલે એ કોઈ પણ મનુષ્યમાં ઊતરે છે કે અવતરે છે એમ કહેવું એ પણ પૂર્ણ સત્ય નથી. ઈશ્વર કોઈ મનુષ્યમાં ઊતરે છે એનો અર્થ માત્ર એટલો જ કે તે માણસમાં આપણે વધારે ઐશ્વર્ય કે ઈશ્વરપણું જોઈએ છીએ.

ખરું જોતાં ઈશ્વર એક શક્તિ છે, તત્ત્વ છે. તે શુદ્ધ ચૈતન્ય છે, સર્વવ્યાપક છે, છતાં તેનો આશ્રય કે ઉપયોગ બધાને મળતો નથી; અથવા કહો કે બધા તેનો આશ્રય મેળવી શકતા નથી.

* * *

હિંદુ ધર્મ મહાસાગર છે. તેમાં અનેક રત્નો પડેલાં છે, જેટલા ઊંડા જાઓ તેટલાં વધારે રત્નો મળે. હિંદુ ધર્મમાં ઈશ્વરનાં અનેક નામ છે. હું તો બધાં નામો કાયમ રાખીને બધામાં નિરાકાર, સર્વવ્યાપી રામને જ જોઉં છું. મારો રામ સીતાપતિ, દશરથનંદન કહેવાતો છતાં સર્વશક્તિમાન ઈશ્વર જ છે. એનું નામ હૃદયમાં હોય તો સર્વ દુઃખો નાશ પામે છે.

* * *

બ્રહ્મચર્ય એટલે મન-વચન-કાયાથી સર્વ ઇન્દ્રિયોનો સંયમ. આ સંયમ સારુ ત્યાગની આવશ્યકતા છે. ત્યાગના ક્ષેત્રને સીમા જ નથી, તેમ બ્રહ્મચર્યની મહિમાને નથી. સત્યનારાયણ પર અવિચળ શ્રદ્ધા રાખ્યા સિવાય બ્રહ્મચર્યનું પાલન કરવું અશક્ય છે.

બ્રહ્મચર્યનો પૂરો અર્થ છે બ્રહ્મની શોધ.

આત્મશુદ્ધિ વગર જીવમાત્ર સાથે એકતા ન સધાઈ શકે. આત્મશુદ્ધિ વગર અહિંસા ધર્મનું પાલન સર્વથા અશક્ય છે. અશુદ્ધાત્મા પરમાત્માનાં દર્શન કરવા માટે અસમર્થ છે. એટલે જીવનનાં તમામ ક્ષેત્રોમાં શુદ્ધિ જરૂરી છે. આ શુદ્ધિ સાધ્ય છે, કારણ કે વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચે એવો નિકટનો સંબંધ છે કે એકની શુદ્ધિ અનેકોની શુદ્ધિ બરોબર થઈ જાય છે. વ્યક્તિગત પ્રયત્ન કરવાની શક્તિ સત્યનારાયણે સૌને જન્મથી જ આપી રાખી છે.

પરંતુ શુદ્ધિનો મારગ કપરો છે. શુદ્ધ થવું એટલે મન, વચન અને કાયાથી નિર્વિકાર થવું, રાગદ્વેષાદિથી મુક્ત થવું. જ્યાં સુધી મનુષ્ય પોતાને સ્વેચ્છાપૂર્વક સૌથી પાછળ ન રાખે, સૌથી નાનો ન માને ત્યાં સુધી એની મુક્તિ નથી. અહિંસા નમ્રતાની પરાકાષ્ઠા છે અને આ નમ્રતા વગર મુક્તિ કોઈ કાળેય ના મળી શકે. આ અનુભવસિદ્ધ વાત છે.

સંયમના પાલનમાં પતિપત્નીની એકબીજાની સંમતિની જરૂર ન હોય. ભોગમાં બંને સંમત હોવાં જોઈએ. ત્યાગ તો પ્રત્યેકનું ખાસ ક્ષેત્ર છે. મારો એવો અભિપ્રાય છે કે સંયમના પાલનમાં સ્ત્રી પહેલ કરનારી હોય છે. પતિ જ તેને અટકાયત કરનાર હોય છે.

* * *

જેટલી શક્તિ વધુ શાંત અને સૂક્ષ્મ, તેટલી તે વધુ કારગર. દુનિયામાં પ્રેમ એ સૂક્ષ્મતમ શક્તિ છે.

* * *

મારી અહિંસા તો હંમેશાં મને મારી એકેએક પ્રવૃત્તિઓમાંથી મુક્ત થવાની પ્રેરણા આપે છે. બીજી તરફ, દુનિયામાં એક પણ અન્યાય કે એક પણ દુઃખના લાચાર સાક્ષી થવાનું હોય ત્યાં સુધી મારો આત્મા સુખી થવાની ના કહે છે, પરંતુ મારા જેવા દુર્બળ, અલ્પ જીવાત્મા માટે દુનિયાના દરેક દુઃખ મટાડી દેવાં તે શક્ય નથી. આ બંને ખેંચતાણીમાંથી મુક્ત રહેવાનો માર્ગ છે, પરંતુ એ સ્થિતિ ખૂબ ધીમા ક્રમે અને અનેક વ્યથાઓ પછી પ્રાપ્ત થઈ શકે તેવી છે. કાર્યમાં પ્રવૃત્ત નહીં રહેવાથી નહીં, પણ સમજપૂર્વક નિષ્કામ પદ્ધતિથી કામ કરતાં કરતાં એ મુક્તિ મારે મેળવવી પડશે. આ આંદોલનનું રહસ્ય જ, આત્મતત્ત્વને મુક્ત

અને પૂર્ણ સ્વાધીન કરવા માટે, શરીર તત્ત્વનો સતત યજ્ઞ કરતા રહેવામાં છે.

* * *

પ્રાર્થના માટે મને ભારે મોટી શ્રદ્ધા છે. પ્રાર્થનામાં ભાન કેવળ પરમેશ્વરનું રહે, ત્યારે તો ભાષા પણ અંતરાયરૂપ બની જાય. પ્રાર્થનાનો ઉદ્દેશ જ એકતાન થવાનો છે. સામૂહિક પ્રાર્થનામાં વ્યક્તિએ સમાજમાં લીન થઈ જવાનું છે. વ્યક્તિ સમાજમાં અને સમાજ ઈશ્વરમાં લીન થાય છે.

જે ઈશ્વરમય હોય છે તે આખા જગતને ઈશ્વરમય જુએ છે. આવી સ્થિતિએ પહોંચવા માટે સામાજિક કાર્યમાં સામૂહિક પ્રાર્થના એ પહેલું ડગલું કહેવાશે.

* * *

અનાસક્તિ દ્વારા મનુષ્ય ભૂતકાળની ખોટી ટેવોને તથા વંશપરંપરાગત અને પરિસ્થિતિમાંથી જન્મેલી ખામીઓની અસરને જીતી શકે છે. સામાન્યત: જાણ્યેઅજાણ્યે કરેલા કુદરતના કાનૂન-ભંગ, જેવા કે ક્રોધ, ચીડ, ઉતાવળ વગેરેની કિંમત ચૂકવવી પડે છે, પરંતુ જો તમે પૂર્ણ નિરાસક્ત થઈ શકો તો આ બધું લૂછી શકો છો. ફરીથી જન્મ લીધા સિવાય શાશ્વત જીવન તમે પ્રાપ્ત કરી શકો છો. અહીં જ, આ ક્ષણે જ તમે નવી જિંદગી શરૂ કરી શકો છો. ભૂતકાળ આ જીવનપ્રવાહમાં અવરોધ નાખી નહીં શકે, શરત આટલી જ કે તમે ભૂતકાળ તથા એની પરંપરાને અનાસક્તિની કુહાડીથી સંપૂર્ણપણે કાપી નાખ્યો હોય.

મારું જીવન સક્રિય સમાજસેવામાં લાગેલું છે. 'અકર્મમાં કર્મ'ની જે અવસ્થા કહેવાઈ છે, ત્યાં સુધી હું પહોંચી શક્યો

નથી. હાલ પૂરતું તો દેખાય છે કે મારી પ્રવૃત્તિ મારા છેલ્લા શ્વાસ સુધી ચાલુ રહેશે.

જીવનમાં એક એવી અવસ્થા આવે છે, જ્યારે માણસને પોતાના વિચારો પ્રગટ કરવાની જરૂર રહેતી નથી, અને બાહ્ય કર્મ દ્વારા એને અભિવ્યક્ત કરવાની જરૂરિયાત તો તેનાથી પણ ઓછી રહે છે. કેવળ વિચાર કામ કરે છે. વિચારોમાં જ એવી શક્તિ આવે છે ત્યારે એવા મનુષ્ય માટે કહી શકીએ કે એની અકર્મણ્ય દશામાં જ કર્મ ભરેલું છે. મારી સાધના એ દિશા ભણીની છે.

* * *

બ્રાહ્મી સ્થિતિ એટલે કે જ્ઞાનપૂર્વક રાગદ્વેષરહિત થવું અને એવા થઈને જ જીવન જીવવું, એ જ છે મોક્ષ.

જગત મિથ્યા એટલે કે જેનામાં પ્રત્યેક પળે પરિવર્તન થાય છે, તે જગત.

પ્રવાહ-પતિત-કર્મ એટલે કે શોધ્યા વિના જ સામે આવી ચડેલું યજ્ઞકર્મ.

જ્ઞાન એટલે આત્માનો અનુભવ.

કર્મ એટલે આત્માના અનુભવ માટે કરવાની ચેષ્ટા માત્ર.

ભક્તિ એટલે શ્રદ્ધાપૂર્વક કરવાનું કર્મ.

યોગ એટલે એવાં કર્મોમાં કુશળતા અને એમાંથી પેદા થનારી સમતા.

ધ્યાન એટલે કર્મમાં તન્મયતા.

વગર જરૂરે હાજતો વધારવી એ પાપ જેવું લાગે છે.

* * *

જેની આંખો ફૂટી ગઈ છે તે આંધળો નથી, પણ જે પોતાના દોષો ઢાંકે છે તે આંધળો છે.

* * *

યથાશક્તિ એટલે પોતાની બધી શક્તિ જરાયે સંકોચ વગર વાપરવી તે. એવા શુભ પ્રયત્નમાં ઘણું કરીને સફળતા મળે છે.

* * *

ભયમાત્રથી મુક્તિ તો તે મેળવી શકે જેને આત્મસાક્ષાત્કાર થઈ ગયો હોય.. અભય એ મોહરહિત સ્થિતિની પરાકાષ્ઠા છે. નિશ્ચય કરવાથી, સતત પ્રયત્ન કરવાથી અને આત્મા પર શ્રદ્ધા વધવાથી અભયની માત્રા વધી શકે છે. આપણે તો બાહ્ય ભયોથી મુક્તિ મેળવવી છે. અંદર જે શત્રુઓ બેઠા છે, એમનાથી તો ડરીને જ ચાલવાનું છે. કામક્રોધાદિનો ભય તે વાસ્તવિક ભય છે. એને જીતી લેવાથી બહારના ભયોનો ઉપદ્રવ એની મેળે મટી જાય છે. ભયમાત્ર દેહને કારણે છે. દેહ અંગેનો રાગ ગયો તો અભય સહજ લાધી જશે.

* * *

આત્માનો વિકાસ કરવો એટલે ચારિત્ર્ય ઘડવું, ઈશ્વરનું જ્ઞાન મેળવવું, આત્મજ્ઞાન મેળવવું.

* * *

મનુષ્યનું મનુષ્યત્વ સ્વેચ્છાએ અંકુશિત બનવામાં છે. સ્વરાજ્ય એટલે આત્મશાસન, મારે મન સ્વરાજ્ય એટલે લોકસંમતિ અનુસાર ભારતવર્ષનું શાસન. બહુજનસમાજના બહુ મોટા ભાગના માનવીઓના નિશ્ચયને હું લોકસંમતિ લેખું છું. સત્તા પ્રાપ્ત કરી એનું નિયમન કરવાની ક્ષમતા પોતામાં છે એ

વાતથી પ્રજા સભાન અને જાગ્રત હોય એ સ્વરાજ્ય.

* * *

સર્વોદયના સિદ્ધાંતો હું આમ સમજ્યો છું:

(૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

(૨) વકીલ તથા વાળંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ; કેમ કે આજીવિકાનો હક બધાને એકસરખો છે.

(૩) સાદું મજૂરીનું ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

* * *

આત્મબળ એ શરીરબળ કરતાં હમેશાં ચડિયાતું જ છે. આત્મબળ માણસજાત જેટલું જ પુરાણું છે. હિંદુસ્તાનમાં આ બળનો ઉપયોગ અસલ જમાનાથી ચાલતો આવ્યો છે. આ બળ વાપરવામાં વિશેષ હિંમતની જરૂર છે. આ બળ વાપરનાર કદી હારતો નથી, કે નથી તેને કદી પરિણામની ચિંતા રહેતી. સત્યાગ્રહી કોઈને દુ:ખ દેતો નથી, પણ પોતે દુ:ખ ઉઠાવે છે. દુનિયામાં સુખ કરતાં દુ:ખનો આંકડો વધુ જોવા મળે છે. ત્યારે સત્યાગ્રહી સમજપૂર્વક દુ:ખ ઉઠાવે છે અને આમ દુ:ખ ઉઠાવવામાં એને લહેજત આવે છે.

* * *

માનવજીવનથી ઊતરતી કક્ષાના જીવનનો ગાય શુદ્ધમાં શુદ્ધ નમૂનો છે. જીવવાળાં પ્રાણીઓમાં પ્રથમ દરજ્જો ધરાવનારા માણસ પાસેથી તેનાથી ઊતરતી કક્ષાના બધાયે જીવો માટે ન્યાય મેળવવાને તે તેમની વતી આપણી આગળ વકીલાત કરે છે. તેની આંખો વડે તે આપણને એવું કહેતી હોય એમ લાગે છે કે, ''તમને અમારી કતલ કરવાને અને અમારું માંસ તમારા

આહારને માટે વાપરવાને અથવા અમને બીજી રીતે રંજાડવાને નહીં, પણ અમારા મિત્ર તેમ જ વાલી થઈને રહેવા માટે અમારી ઉપર મૂકવામાં આવ્યા છે.''

ગાય એ મારે સારુ કરુણાનું કાવ્ય છે. હું તેને પૂજું છું અને આખી દુનિયાની સામે થઈને તેની પૂજાનો બચાવ કરતો રહીશ.

કેળવણીનો અર્થ અક્ષરજ્ઞાન નથી, પણ ચારિત્ર્યગઠન છે એટલે કે ફરજનું ભાન છે.

* * *

આત્માને શોધવાને સારુ પ્રથમ તો નીતિ દઢાવવી જોઈએ. નીતિ એટલે અભય, સત્ય, બ્રહ્મચર્ય વગેરે ગુણોનું સંપાદન કરવું તે. આમ કરતાં દેશસેવા તેની મેળે થઈ શકે છે.

ખરી નિશાળ અનુભવ છે.

* * *

જે પ્રજા સ્વતંત્રતા ઈચ્છે તેની પાસે પોતાની રક્ષાના અંતિમ ઈલાજ હોવા જોઈએ. સત્યાગ્રહ એ શુદ્ધ અહિંસક શસ્ત્ર છે. સત્યાગ્રહ તે સર્વોપરી શસ્ત્ર છે એ વિશે પણ મને શંકા નથી.

* * *

સત્યાગ્રહ આત્મશુદ્ધિની લડત છે, ધાર્મિક લડત છે.

* * *

બીજાના ગજ જેવડા દોષોને આપણે રજ જેવડા કરી જોઈએ ને પોતાના રાઈ જેવડા લાગતા દોષોને પહાડ જેવડા જોતાં શીખીએ ત્યારે જ આપણને પોતાના ને પારકાના દોષોનું ઠીક ઠીક પ્રમાણ મળી રહે. આ સામાન્ય નિયમનું પાલન સત્યાગ્રહી

થવા ઈચ્છનારે તો ઘણી વધારે સૂક્ષ્મતાથી કરવું જોઈએ.

* * *

વિજય પ્રાપ્તિમાં નહીં, પ્રયત્નમાં છે. પૂર્ણ પ્રયત્ન એ જ પૂર્ણ વિજય છે.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્‌ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)